અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

06 MAY-2026 WEDNESDAY | Vol. : 17 | Issue : 303 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ઈરાક ક્રૂડ ઓઈલ પર 33 ડોલર સુધીનું ડિસ્કાઉન્ટ આપી રહ્યું : યુદ્ધની વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવું પડશે; ભારત ઈરાકી તેલનો ત્રીજો સૌથી મોટો ખરીદદાર

4  કેસર નાં એક ખોટાં ચુનાવનું પરિણામ, એવું આવ્યું કે જીંદગીભર એને એનું શૂળ રહેશે?

6  મિસાઈલ હુમલાથી દુબઈમાં ફસાઈ અમીષા પટેલ : હુમલા પછી એરસ્પેસ બંધ થતાં ફ્લાઈટ મસ્કટ ડાયવર્ટ થઈ

7 

લોન સેટલમેન્ટના ખોટા વચનો પર RBIની ચેતવણી : ગેરમાર્ગે દોરતી જાહેરાતોથી બચો; જો તમે છેતરાઈને ફી ચૂકવશો તો મોટું નુકસાન થશે

# ઈન્ડિગોની ચંદીગઢ- હૈદરાબાદ ફ્લાઈટમાં પાવર બેંક બ્લાસ્ટ

**ચંદીગઢ, તા.05**

હૈદરાબાદથી ચંદીગઢ આવી રહેલી ઈન્ડિગો ફ્લાઈટ 6E 108માં મંગળવારે પાવર બેંકમાં બ્લાસ્ટ થયો. આનાથી 5 મુસાફરો ઘાયલ થયા. પાવર બેંક એક મુસાફરના બેગમાં રાખેલી હતી. ઘટના તે સમયે બની જ્યારે ફ્લાઈટ એરપોર્ટ પર ઊભી હતી. દુર્ઘટના પછી ફ્લાઈટમાં ધુમાડો ભરાઈ ગયો જેનાથી મુસાફરો ગભરાઈ ગયા. મુસાફરોને ત્યાંથી બહાર કાઢવામાં આવ્યા. કેટલાક ફોટા પણ લોકોએ શેર કર્યા છે. જેમાં એક મહિલાને એમ્બ્યુલન્સમાં રાખવામાં આવી હતી. ક્રૂ મેમ્બર્સે તરત જ ફાયર સેફ્ટી ઉપકરણોનો ઉપયોગ કરીને આગ પર કાબૂ મેળવ્યો. હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે પાવર બેંકમાં બ્લાસ્ટ કેવી રીતે થયો. પોલીસ અને એરપોર્ટ ઓથોરિટીની ટીમો તપાસ કરી રહી છે.

વિમાન ખાલી કરાવ્યું, મુસાફરોને ટર્મિનલ સુધી પહોંચાડ્યા

ઈન્ડિગો દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું કે સુરક્ષાને ધ્યાનમાં રાખીને તરત જ વિમાન ખાલી કરાવવામાં આવ્યું અને સંબંધિત અધિકારીઓને તરત જ જાણ કરવામાં આવી. તમામ મુસાફરોને સુરક્ષિત રીતે ટર્મિનલ સુધી પહોંચાડવામાં આવ્યા, જ્યાં એરલાઈનની ટીમ તેમની સહાયતામાં વ્યસ્ત રહી. એરલાઈન અનુસાર, વિમાનને ફરીથી સંચાલનમાં લાવતા પહેલાં જરૂરી ટેકનિકલ તપાસ કરવામાં આવશે. ઈન્ડિગોએ જણાવ્યું કે યાત્રીઓ અને ક્રૂની સુરક્ષા તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. જ્યારે મુસાફરોને સ્લાઈડરમાંથી બહાર કાઢવામાં આવી રહ્યા હતા ત્યારે 25F સીટ પર બેઠેલી રિચાને પગની ઘૂંટીમાં સામાન્ય ઈજા થઈ હતી. તેણીને હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યારે મુસાફરોને સ્લાઈડરમાંથી બહાર કાઢવામાં આવી રહ્યા હતા ત્યારે 25F સીટ પર બેઠેલી રિચાને પગની ઘૂંટીમાં સામાન્ય ઈજા થઈ હતી. તેણીને હોસ્પિટલમાં લઈ જવામાં આવી



હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈન્ડિગો ફ્લાઈટ 6E-108 (HYD-IXC) બપોરે 3:29 વાગ્યે સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું. વિમાનમાં 198 મુસાફરો, બે બાળકો અને છ ક્રૂ સભ્યો હતા. ઉતરાણ પછી, વિમાન વે 1 નજીક આવી રહ્યું હતું ત્યારે, સીટ 39-Cમાં બેઠેલા એક મુસાફરે ક્રૂને તેની પાવર બેંકમાં આગ લાગવાની જાણ કરી. પાવર બેંકમાં વિસ્ફોટ થયો હોવાની શંકા હતી. કેબિન ક્રૂએ તાત્કાલિક ફાયર સેફ્ટીથી વડે આગ ઓલવી નાખી પરંતુ વિમાનમાં ધુમાડો ફેલાઈ ગયો. સાવચેતી તરીકે કટોકટીના પ્રોટોકોલ લાગુ કરવામાં આવ્યા હતા. બપોરે 3:35 વાગ્યે ક્રૂએ ઈમરજન્સી એક્ઝિટ ખોલી અને મુસાફરોને ફૂલી શકાય તેવી સ્લાઈડ્સનો ઉપયોગ કરીને બહાર કાઢવામાં આવ્યા. વાયુસેનાની ફાયર ટેન્ડર ટીમ બપોરે 3:38 વાગ્યે ઘટનાસ્થળે પહોંચી, પરંતુ ત્યાં સુધીમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં આવી ગઈ હતી.ફ્લાઈટમાં પાવર બેંકથી ચાર્જિંગ પર પ્રતિબંધ, ફક્ત હેન્ડ બેગેજમાં જ રાખવાની મંજૂરી

નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલય (DGCA) એ જાન્યુઆરી 2026 થી ફ્લાઈટ દરમિયાન યાત્રીઓ પાવર બેંકનો ઉપયોગ કરીને મોબાઈલ ફોન કે કોઈપણ ઈલેક્ટ્રોનિક ડિવાઈસને ચાર્જ કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. DGCA અનુસાર, પાવર બેંક અને અન્ય રિચાર્જેબલ ડિવાઈસમાં ઉપયોગમાં લેવાતી લિથિયમ બેટરીઓ આગ લાગવાનું મોટું કારણ બની શકે છે. દુનિયાભરમાં ઘણા એવા કિસ્સાઓ સામે આવ્યા છે જ્યાં ફ્લાઈટ દરમિયાન લિથિયમ બેટરીઓ વધુ ગરમ થઈને આગનું કારણ બની છે. પાવર બેંક અને વધારાની લિથિયમ બેટરીઓ ફક્ત હેન્ડ બેગેજમાં જ લઈ જવાની મંજૂરી છે. તેમને ઓવરહેડ કેબિન કે લગેજ રેકમાં રાખવા સખત મનાઈ છે. ઓવરહેડ કેબિનમાં આગ લાગવાની સ્થિતિમાં તેને સમયસર ઓળખવું અને ઓલવવું ખૂબ મુશ્કેલ હોય છે. DGCA નું કહેવું છે કે હેન્ડ બેગની અંદર અથવા ઓવરહેડ કેબિનમાં રાખેલી બેટરીઓમાં ધુમાડો કે આગ લાગવાની શરૂઆત તરત દેખાતી નથી, જેનાથી કેબિન ક્રૂને સમયસર પ્રતિક્રિયા આપવામાં વિલંબ થઈ શકે છે અને મુસાફરોનો જીવ જોખમમાં મુકાઈ શકે છે.

# સાયબર સ્કેમર્સના નિશાને સરકારી કચેરીઓ

## PGVCL એમડીના નામે પૈસા માંગતા અધિકારીએ 45 લાખનું પેમેન્ટ કરી નાખ્યું

**રાજકોટ, તા.05**

રાજકોટમાં સરકારી અધિકારીઓના નામે લાખો રૂપિયા પડાવતી સાયબર ગુનેગારોની ગેંગ સક્રિય થઈ છે. છેલ્લા બે દિવસમાં PGVCL અને રૂડા (RUDA) જેવી મોટી સરકારી કચેરીઓને નિશાન બનાવીને સાયબર સ્કેમર્સ રુપિયા પડાવી રહ્યા છે. 4મેએ PGVCLના MDના નામે રૂપિયા 45 લાખનું સાયબર ફ્રોડ થયા બાદ આજે 5મેએ સાયબર ગઠિયાઓએ રાજકોટ અર્બન ડેવલપમેન્ટ એરિયા (રૂડા)ના ચેરમેનના નામે રૂપિયા 30 લાખની માંગણી કરવામાં આવી હતી.

PGVCLના MDના નામે 45 લાખનો ફ્રોડ

રાજકોટ PGVCLના ફાઈનાન્સ વિભાગના જનરલ મેનેજર કિંતુકુમાર મલકાનને એક અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો. આ નંબરના પ્રોફાઈલ પિક્ચરમાં PGVCLના MD કેતન જોશીનો ફોટો રાખવામાં આવ્યો હતો. મેસેજમાં જણાવવામાં આવ્યું હતું કે, 'આ મારો પર્સનલ નંબર છે, હું મીટિંગમાં છું એટલે કોલ ઉપાડી શકીશ નહીં.' ત્યારબાદ તાત્કાલિક ધોરણે એકાઉન્ટમાં 45.60 લાખ રૂપિયા RTGS કરવા સૂચના આપી હતી.

ફરીથી 30 લાખ માગ્યાને શંકા જતા ભાંડ્યો ફૂટ્યો

અધિકારીએ આદેશ સમજીને PGVCLના ખાતામાંથી પેમેન્ટ કરી દીધું હતું. જોકે, જ્યારે ફરીથી બીજા 30.60 લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી, ત્યારે શંકા જતાં તેમણે રૂબરૂ MDની મુલાકાત




લીધી હતી. તપાસ કરતા જાણવા મળ્યું કે MDએ આવો કોઈ મેસેજ કર્યો નહોતો. આ અંગે તુરંત સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરવામાં આવી છે.

સાયબર ફ્રોડથી બચવા શું કરવું?

સોશિયલ મીડિયા થકી આ પ્રકારના સાયબર ફ્રોડથી બચવા માટે અવરનેશ પ્રોગ્રામ કરવામાં આવતા હોય છે. OTP કે પાસવર્ડ કોઈની સાથે તમે શેર ન કરશો. SMS કે વોટ્સએપ પર કોઈ લિંક આવે તો અનવેરિફાઈ લિંક પર ક્લિક ન કરશો. તમારા સોશિયલ મીડિયા એકાઉન્ટના પાસવર્ડ તમે સતત બદલતા રહો. તમારા ઓનલાઈન બેંકિંગનો પાસવર્ડ પણ સતત બદલતા રહેવું જરૂરી છે. કોઈ પણ અજાણ્યા નંબર પરથી કોઈના નામે પૈસાની માગ કરવામાં આવે તો પહેલા એ વ્યક્તિ સાથે ખરાઈ કરવી કે તમે પૈસાની માગ કરી છે કે નહીં.

પોલીસની ટીમ બંગાળ રવાના થઈ

સાયબર ક્રાઈમ પોલીસની પ્રાથમિક તપાસમાં કેટલીક મહત્વની વિગતો સામે આવી છે. રાજકોટ ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, જે નંબરથી મેસેજ આવ્યો હતો તેનું સીમકાર્ડ બિહારનું છે અને બેંક એકાઉન્ટ પશ્ચિમ બંગાળનું છે. કુલ 45 લાખમાંથી પોલીસે સતર્કતા દાખવી 33 લાખ રૂપિયા ફ્રીઝ કરાવી દીધા છે. અંદાજે 2.50 લાખ રૂપિયા બંગાળમાંથી વિડ્રો થઈ ગયા છે, જ્યારે બાકીની રકમ માટે તપાસ ચાલુ છે. પોલીસની એક ટીમ હાલ પશ્ચિમ બંગાળ તપાસ અર્થે રવાના થઈ છે.

# મતાએ કહ્યું- રાજીનામું નહીં આપું, અમે હાર્યાં નથી, હરાવવામાં આવ્યા, ચૂંટણી પંચ વિલન

**ગુવાહાટી, તા.05**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મંગળવારે કોલકાતામાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે તેઓ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું નહીં આપે. મમતાએ કહ્યું- અમે જનાદેશથી નહીં, ષડયંત્રથી હાર્યા છીએ. તેથી હું રાજીનામું આપવા રાજભવન નહીં જાઉં. મમતાએ આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ અસલી વિલન છે. તેણે ભાજપ સાથે મળીને 100 બેઠકો લૂંટી. હવે મારી પાસે કોઈ ખુરશી નથી, હું આઝાદ છું, હું ગમે ત્યાંથી ચૂંટણી લડી શકું છું, રસ્તાઓ પર રહીશ. મમતાએ આરોપ લગાવ્યો- ભાજપે મતગણતરી કેન્દ્રો પર કબજો કરી લીધો હતો. મારી સાથે દુર્વ્યવહાર કર્યો. ઉમેદવારો અને કાર્યકરો સાથે અત્યાચાર કર્યો. મમતાએ કહ્યું- પાર્ટી અને ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ મારી સાથે છે. અમે ફરીથી ઉભરીશું અને સિંહની જેમ લડીશું. પશ્ચિમ બંગાળ સહિત 5 રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો સોમવારે આવી ગયા છે. બંગાળમાં ભાજપે પ્રથમ વખત 294 માંથી 207 બેઠકો પર જીત નોંધાવી છે. રાજ્યમાં પ્રથમ વખત ભાજપની સરકાર બનવા જઈ રહી છે. TMC માત્ર 80 બેઠકો જીતી શકી. 15 વર્ષ પછી મમતાના હાથમાંથી સત્તા જતી રહી છે.

મમતાની પ્રેસ કોન્ફરન્સની 5 મોટી વાતો

ભાજપે ચૂંટણી પંચની મદદથી 100 બેઠકો લૂંટી. ચૂંટણીના બે દિવસ પહેલા અમારા લોકોને પકડવામાં આવ્યા. ઠેર ઠેર દરોડા પાડવામાં આવ્યા. IPS-IAS અધિકારીઓની બદલી કરવામાં આવી. વડાપ્રધાન અને ગૃહમંત્રી પણ આમાં સીધા સામેલ છે. હું રાજીનામું નહીં આપું, હું હારી નથી, હું રાજભવન નહીં જાઉં. રાજીનામું આપવાનો સવાલ જ નથી. સત્તાવાર રીતે ચૂંટણી પંચ દ્વારા તેઓ અમને હરાવી શકે છે, પરંતુ નૈતિક રીતે અમે જ ચૂંટણી જીતી છે. મેં રાજીવ ગાંધી, મનમોહન સિંહ, અટલ બિહારી વાજપેયી સહિત ઘણી સરકારો જોઈ છે, પરંતુ આવો અત્યાચાર ક્યારેય જોયો નથી. અત્યાચારની કોઈ સીમા રહી નથી. આ લોકશાહીનો સાચો રસ્તો નથી. લોકશાહીમાં એક મર્યાદા હોય છે. પરંતુ અહીં લોકોને હેરાન કરવામાં આવી રહ્યા છે.

પહેલા રાઉન્ડની ગણતરી પછી જ તેઓ કહેવા લાગ્યા કે ભાજપ 195-200 બેઠકો જીતી રહી છે. તમે અંતિમ પરિણામની રાહ ન જોઈ, 5-6 રાઉન્ડ પણ પૂરા થવા દીધા નહીં. આ પછી મીડિયામાં પ્રચાર સાથે ભાજપના લોકો પોલિંગ સ્ટેશનની અંદર ગયા અને લોકો તથા કાઉન્ટિંગ એજન્ટોને મારવાનું શરૂ કરી દીધું.

# 15 વર્ષની સગીરા પર કારખાનેદારનું 9 મહિના સુધી દુષ્કર્મ : રાશન અપાવવાના બહાને અપહરણ

**સુરત, તા.05**

સુરતના ભાઠેના વિસ્તારમાં માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. સાડી ફોલ્ડિંગના કારખાનેદારે પોતાની જ ફેક્ટરીમાં કામ કરતી સગીરાને રાશનની લાલચ આપી, નશીલું પીણું પીવડાવી 9 મહિના સુધી હવસનો શિકાર બનાવી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ઉભરાટમાં નશીલું પીણું પીવડાવી દુષ્કર્મ

ગત સપ્ટેમ્બરમાં રાશન અપાવવાના બહાને પરવેઝ સગીરાને બળજબરીથી ગાડીમાં બેસાડી ઉભરાટના દરિયાકિનારે લઈ ગયો હતો. કારમાં તેની સાથે તેના અન્ય ત્રણ સાગરીતો (અઝરૂદ્દીન ખાન, તૌકીર અને ગંગા રાજપૂત) પણ હાજર હતા. ત્યારે સગીરાને નશીલું કોલ્ડ્રિંક્સ પીવડાવી બેભાન જેવી અવસ્થામાં કરી દેવામાં આવી હતી. અને હોટલમાં લઈ જઈ પરવેઝે દુષ્કર્મ આચર્યું હતું.

ધમકી અને લાલચનું આયોજનબદ્ધ ષડયંત્ર

બળાત્કાર બાદ જ્યારે હોશમાં આવી તો સગીરાને લગ્નનું ખોટું વચન આપી લલચાવી હતી, જ્યારે તેના સાગરીતોએ મોઢું ખોલવા પર જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ




રીતે ધમકી આપીને આરોપીએ 9 મહિના સુધી કારખાનાના ઉપરના રૂમમાં અને વિવિધ હોટલમાં સગીરાનું શોષણ કર્યું હતું. આ ઘટના પાછળ કારખાનેદારનું પૂર્વઆયોજિત કાવતરું હોવાનું પોલીસ તપાસમાં જણાઈ રહ્યું છે.

સગીરાએ માતાને આપવીતી કહેતા ભાંડો ફૂટ્યો

સગીરાએ હિંમત રાખીને માતાને આપવીતી જણાવી હતી. જે બાદ ઉધના પોલીસ મથકે ગુનો નોંધાયો છે. ઈન્સ્પેક્ટર આર. એમ. ઠાકોરે ત્વરિત કાર્યવાહી કરી મુખ્ય આરોપી મોહમ્મદ પરવેઝખાન અને તેને મદદ કરનાર અઝરૂદ્દીન ખાનની ધરપકડ કરી છે. જ્યારે અન્ય બે આરોપી (તૌકીર અને ગંગા રાજપૂત) હાલ ફરાર છે. જેમને પકડવા અલગ ટીમો બનાવાઈ છે.

સમાજમાં સુરક્ષા અંગે ગંભીર સવાલો

આ ઘટનાએ કામકાજના સ્થળે મહિલાઓ અને ખાસ કરીને સગીરાઓની સુરક્ષા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. આર્થિક રીતે નબળા પરિવારની દીકરીઓ જ્યારે મજૂરી કરવા જાય છે ત્યારે આવા નરાધમો તેમની મજબૂરીનો ફાયદો ઉઠાવતા હોય છે. બિહારથી આવીને અહીં રોજગારી મેળવતા અને કારખાનું સંભાળતા યુવકે સુરતની કાયદો અને વ્યવસ્થાની બીક રાખ્યા વગર આટલું મોટું પાપ કર્યું છે. આ કિસ્સામાં પોક્સો (POCSO) એક્ટ હેઠળ પણ કડક જોગવાઈઓ સાથે કાર્યવાહી કરવામાં આવી રહી છે



# 53.55 કરોડની હેરાફેરીનો પર્દાફાશ, આણંદ ગેંગના 10 ઝડપાયા

## બાબા સિદ્દિકી મર્ડર કેસ સાથે સંકળાયેલા આરોપીઓને 'મ્યુઅલ એકાઉન્ટ' પૂરું પાડ્યું, અમદાવાદ સહિતના શહેરમાં નેટવર્ક





**ગાંધીનગર, તા.05**

રાજ્યમાં વધી રહેલા સાયબર ગુનાઓ પર લગામ કસવા માટે સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે 'ઓપરેશન મ્યુલ 2.0' હેઠળ વધુ એક સફળતા મેળવી છે. આ અભિયાન દરમિયાન કુલ 132 સાયબર ક્રાઈમના કેસોનો ભેદ ઉકેલાયો છે અને આણંદમાં સક્રિય એક સંઘટિત ગેંગના 10 સભ્યોને ઝડપી પાડવામાં આવ્યા છે. જેમાં 53.55 કરોડની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ ગેંગનું નેટવર્ક ગુજરાતના વિવિધ શહેરો સહિત અમદાવાદ સુધી ફેલાયેલું હતું. આ તમામ આરોપી પૈકી એક સાહિલમીંયા શબીરમીંયા મલેકે બાબા સિદ્દિકી મર્ડર કેસ સાથે સંકળાયેલા આરોપીઓને 'મ્યુઅલ એકાઉન્ટ' પૂરું પાડ્યું હતું.

3 હેન્ડલર્સ ખાતાઓનું સંચાલન કરતા, 197 જેટલા બેંક એકાઉન્ટ ઓપરેટ

ઝડપાયેલા આરોપીઓમાં 3 મુખ્ય ખાતાધારકો હતા, જેમના નામે બેંક ખાતા ખોલવામાં આવ્યા હતા, જ્યારે 3 હેન્ડલર્સ આ ખાતાઓનું સંચાલન કરતા હતાં. બાકીના આરોપીઓ USDT (ક્રિપ્ટોકરન્સી) મારફતે પૈસાની હેરાફેરી અને ટ્રાન્સફર કરવાની કામગીરી સંભાળતા હતા. ઝડપાયેલા આરોપીઓમાં 3 મુખ્ય ખાતાધારકો હતા, જેમના નામે બેંક ખાતા ખોલવામાં આવ્યા હતા, જ્યારે 3 હેન્ડલર્સ આ ખાતાઓનું સંચાલન કરતા હતાં. બાકીના આરોપીઓ USDT (ક્રિપ્ટોકરન્સી) મારફતે પૈસાની હેરાફેરી અને ટ્રાન્સફર કરવાની કામગીરી સંભાળતા હતા.

સાયબર ગુનાઓની 53.55 કરોડની હેરાફેરીનો પર્દાફાશ

તપાસમાં ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે, આ ગેંગ દ્વારા આ ખાતાઓમાં કુલ 53.55 કરોડ રૂપિયાની રકમ સાયબર ગુનાઓ મારફતે જમા કરાવવામાં આવી હતી. આ રકમ અલગ-અલગ રાજ્યોના ભોગ બનનાર લોકો પાસેથી ઠગાઈ દ્વારા મેળવવામાં આવી હોવાનું માનવામાં આવે છે. ગેંગ અત્યંત ટેક્નિકલ રીતે કામ કરતી હતી, જેમાં ડિજિટલ પેમેન્ટ, ફેક એકાઉન્ટ્સ અને ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ કરીને પૈસાને ટ્રેસ કરવું મુશ્કેલ બનાવવામાં આવતું હતું.

બાબા સિદ્દિકી મર્ડર કેસ સાથે સંકળાયેલા આરોપીઓને 'મ્યુઅલ એકાઉન્ટ' પૂરું પાડ્યું

આ કેસમાં વધુ એક ગંભીર ખુલાસો એ થયો છે કે ઝડપાયેલા સાહિલમીંયા શબીરમીંયા મલેક નામના આરોપીએ અગાઉ મહારાષ્ટ્રમાં થયેલા હાઈપ્રોફાઈલ બાબા સિદ્દિકી મર્ડર કેસ સાથે સંકળાયેલા આરોપીઓને 'મ્યુઅલ એકાઉન્ટ' પૂરું પાડ્યું હતું. આ કડી બહાર આવતા પોલીસે હવે આ એંગલ પરથી પણ તપાસ તેજ કરી છે, જેથી અન્ય સંભવિત કનેક્શન્સ પણ બહાર આવી શકે છે.આ કેસમાં વધુ એક ગંભીર ખુલાસો એ થયો છે કે ઝડપાયેલા સાહિલમીંયા શબીરમીંયા મલેક નામના આરોપીએ અગાઉ મહારાષ્ટ્રમાં થયેલા હાઈપ્રોફાઈલ બાબા સિદ્દિકી મર્ડર કેસ સાથે સંકળાયેલા આરોપીઓને 'મ્યુઅલ એકાઉન્ટ' પૂરું પાડ્યું હતું. આ કડી બહાર આવતા પોલીસે હવે આ એંગલ પરથી પણ તપાસ તેજ કરી છે, જેથી અન્ય સંભવિત કનેક્શન્સ પણ બહાર આવી શકે છે.

'લોકો સાવચેત રહે અને અજાણી લિંક્સ, કોલ્સ કે મેસેજથી દૂર રહે'

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના એસપી ડો. રાજદીપસિંહ ઝાલાએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, 'ઓપરેશન મ્યુલ 2.0' અંતર્ગત રાજ્યભરમાં સક્રિય સાયબર ગેંગ્સ પર સતત નજર રાખવામાં આવી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું કે આ પ્રકારની ગેંગો સામાન્ય લોકોના વિશ્વાસનો દુરુપયોગ કરીને કરોડો રૂપિયાની ઠગાઈ કરતી હોવાથી, લોકો પણ સાવચેત રહે અને અજાણી લિંક્સ, કોલ્સ કે મેસેજથી દૂર રહે.

તમામ આરોપીઓની પૂછપરછ

પોલીસ દ્વારા હાલ ઝડપાયેલા તમામ આરોપીઓની પૂછપરછ ચાલી રહી છે અને આ ગેંગ સાથે જોડાયેલા અન્ય લોકો તથા નેટવર્ક અંગે વધુ માહિતી મેળવવા માટે તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે. આ ઓપરેશન રાજ્યમાં સાયબર ક્રાઈમ વિરુદ્ધની લડતમાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

બાબા સિદ્દીકીની 2024માં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી

12 ઓક્ટોબર, 2024ના રોજ રાત્રે 9.30 વાગ્યે મહારાષ્ટ્ર સરકારના ભૂતપૂર્વ મંત્રી બાબા સિદ્દીકીની મુંબઈના બાંદ્રામાં ખેરવાડી સિગ્નલ પર હત્યા કરવામાં આવી હતી. બાબા સિદ્દીકી તેમના પુત્ર ઝીશાનની ઓફિસમાંથી બહાર આવ્યા હતા ત્યારે તેમના પર છ ગોળીઓ ચલાવવામાં આવી.

સિદ્દીકીને બે ગોળી પેટમાં અને એક છાતીમાં વાગી. તેમને લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં રાત્રે 11.27 વાગ્યે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ કેસમાં પોલીસે ઉત્તર પ્રદેશના બહરાઈચના રહેવાસી હરીશ કુમાર, કૈથલ (હરિયાણા)ના ગુરમેલ બલજીત સિંહ, બહરાઈચ (ઉત્તર પ્રદેશ)ના ધર્મરાજ કશ્યપ અને પુણે (મહારાષ્ટ્ર)ના પ્રવીણ લોનકરની ધરપકડ કરી હતી. લોરેન્સ ગેંગે હત્યાની જવાબદારી લીધી. બાબા સિદ્દીકી રિયલ એસ્ટેટના વ્યવસાયમાં પણ સામેલ હતા. જોકે, તેઓ રાજકારણ અને વ્યવસાય કરતાં બોલિવૂડના સંબંધો માટે વધુ પ્રખ્યાત હતા. સિદ્દીકીને બે ગોળી પેટમાં અને એક છાતીમાં વાગી. તેમને લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં રાત્રે 11.27 વાગ્યે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ કેસમાં પોલીસે ઉત્તર પ્રદેશના બહરાઈચના રહેવાસી હરીશ કુમાર, કૈથલ (હરિયાણા)ના ગુરમેલ બલજીત સિંહ, બહરાઈચ (ઉત્તર પ્રદેશ)ના ધર્મરાજ કશ્યપ અને પુણે (મહારાષ્ટ્ર)ના પ્રવીણ લોનકરની ધરપકડ કરી હતી. લોરેન્સ ગેંગે હત્યાની જવાબદારી લીધી. બાબા સિદ્દીકી રિયલ એસ્ટેટના વ્યવસાયમાં પણ સામેલ હતા. જોકે, તેઓ રાજકારણ અને વ્યવસાય કરતાં બોલિવૂડના સંબંધો માટે વધુ પ્રખ્યાત હતા.

210 કરોડનો સાયબર ફ્રોડ કરનાર ગેંગને સાયબર ક્રાઈમે દબોચી

18 એપ્રિલ, 2026ના ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે એક અત્યંત મહત્વપૂર્ણ ઓપરેશન પાર પાડીને આંતરરાજ્ય સાયબર ગઠિયાઓની એક એવી ગેંગનો પર્દાફાશ કર્યો છે, જેણે દેશભરની 15થી વધુ બેંકોને નિશાન બનાવી અંદાજે 210 કરોડનું સાયબર ફ્રોડ આચર્યું છે. વડોદરા સ્થિત આ ગેંગે ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકની સિસ્ટમ હેક કરીને માત્ર ધૂળેટીની એક રાતમાં 7 કરોડથી વધુની રકમ ચાઉં કરી લીધી હતી.

# બોગસ લિવિંગ સર્ટિફિકેટ મામલે

# અમદાવાદના મહિલા કોર્પોરેટર સામે ફરિયાદ

## સ્કૂલ રજિસ્ટરની તપાસમાં નામ જ ન મળ્યું, કલ્પના કોડેકરે કહ્યું- 'હું 1 થી 8 ધોરણ ત્યાંજ ભણી છું'

**અમદાવાદ, તા.05**

અમદાવાદના કુબેરનગર વોર્ડમાં વિજેતા થયેલા કોંગ્રેસના મહિલા કોર્પોરેટર કલ્પના કોડેકર (નવલેકર) સામે બોગસ લિવિંગ સર્ટિફિકેટનો સાચા તરીકે ઉપયોગ કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. સૈજપુર બોઘા વિસ્તારમાં આવેલી કૃષ્ણનગર વિદ્યાવિહાર સ્કૂલમાં કલ્પના કોડેકરે અભ્યાસ કર્યો ન હોવા છતા સ્કૂલના નામનું ખોટું લિવિંગ સર્ટિફિકેટ બનાવી મહાનગરપાલિકાની ચૂંટણીમાં સાચા તરીકે ઉપયોગ કર્યો હતો. આ મામલે શાળાના ટ્રસ્ટી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ કલ્પના કોડેકરે કહ્યું છે કે, હું ધોરણ 1 થી 8 ત્યાં જ ભણી છું. મેં જે સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ રજૂ કર્યું છે તે સાચુ છે. હું પુરાવા રજૂ કરવા તૈયાર છું.

કુબેરનગર વોર્ડમાં જીત મેળવ્યા બાદ કલ્પના કોડેકર સામે ફરિયાદ

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શહેરના સૈજપુર બોઘા વિસ્તારમાં આવેલી કૃષ્ણનગર વિદ્યાવિહાર સ્કૂલને પત્ર લખવામાં આવ્યો હતો કે, ચિરાગ શાહ નામના અરજદાર દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને અરજી આપવામાં આવી હતી કે, કલ્પનાબેન સુરેશભાઈ નવલેકર(કોડેકર)નું કૃષ્ણનગર વિદ્યાવિહાર હાઈસ્કૂલનું લિવિંગ સર્ટિફિકેટ ખોટું છે જે બાબતે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા આ સમગ્ર મામલે તપાસ સોંપવામાં આવી હતી. જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી જેમાં કલ્પનાબેન સુરેશભાઈ નવલેકર દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્ષ 2026ની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મમાં જોડવામાં આવતા દસ્તાવેજોમાં કૃષ્ણનગર વિદ્યાવિહાર હાઈસ્કૂલનું સર્ટિફિકેટ રજુ કરવામાં આવ્યું છે જેમાં




GR નંબર અને LC નંબરની તપાસ કરવામાં આવી હતી.

સ્કૂલમાં આ બંને નંબરો અંગેની તપાસ કરવામાં આવી હતી અને GR રજીસ્ટરની તપાસ કરવામાં આવી હતી. જેમાં GR નંબરમાં ચાવડા હસમુખભાઈ અને LC માં તપાસ કરતા સોની અંકિતભાઈ નામ લખેલું હતું. કલ્પનાબેન નવલેકરનું શાળા છોડ્યા અંગેના પ્રમાણપત્રમાં શાળામાં દાખલ તારીખ 27 જૂન,1988 દર્શાવી છે. જ્યારે શાળાના GRમાં આ મુજબની તારીખમાં કોઈપણ પ્રકારની એન્ટ્રી ન થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. કૃષ્ણનગર વિદ્યાવિહાર હાઈસ્કૂલના GR અને LC બંને નંબર અંગે રજીસ્ટરમાં તપાસ કરવામાં આવતા કલ્પનાબેન કોડેકરની કોઈપણ પ્રકારની સ્કૂલમાં નોંધ કરવામાં આવેલી નથી.

શાળામાં અભ્યાસ ન કર્યો હોવા છતા બોગસ લિવિંગ સર્ટિફિકેટ બનાવ્યું

કુબેરનગર વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર કલ્પનાબેન નવલેકર દ્વારા કૃષ્ણનગર વિદ્યાવિહાર હાઈસ્કૂલમાં અભ્યાસ ન કર્યો હોવા છતાં પણ સ્કૂલના નામનું ખોટું લિવિંગ સર્ટિફિકેટ બનાવીને સાચા તરીકે મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્ષ 2026ની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મમાં રજૂ કરી ખોટો પુરાવો રજૂ કર્યો હતો. આ સમગ્ર મામલે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટીને જાણ કરવામાં આવતા મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ પટેલ દ્વારા કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવામાં આવી હતી જે મામલે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હું 1 થી 8 ધોરણ ત્યાં જ ભણી છું, મેં રજૂ કરેલું લિવિંગ સર્ટિફિકેટ સાચુ જ છે- કલ્પના કોડેકર

કુબેરનગર વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર કલ્પનાબેન કોડેગરે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યું છે જે સાચું છે.

# 14 વર્ષીય સગીરાને યુવકે પ્રેમજાળમાં ફસાવી

## ટ્યુશન જતા પીછો કરી બાઈક પર બેસાડી સાબરમતી રિવરફ્રન્ટ લઈ ગયો, દરિયાપુરમાં આરોપીની ધરપકડ

**અમદાવાદ, તા.05**

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં 14 વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી લલચાવીને ફરવા લઈ જનાર સાહિલ મહંમદ શાહ નામના યુવકની પોલીસે ધરપકડ કરી છે. આરોપી ગોમતીપુર વિસ્તારનો રહેવાસી છે અને ઈલેક્ટ્રિક ફિટિંગનું કામ કરે છે.

લાઈટ ફિટિંગનું કામ કરવા ગયોને સગીરાને ફસાવી

આરોપી સાહિલ થોડા સમય પહેલા સગીરાના ઘરે લાઈટ ફિટિંગનું કામ કરવા આવ્યો હતો, જ્યાં તેણે સગીરાને જોઈ હતી. ત્યાર બાદ છેલ્લા એક અઠવાડિયાથી તે સગીરાને પ્રેમ સંબંધ બાંધવા માટે દબાણ કરતો હતો અને તેણે પોતાના મોબાઈલ નંબરની ચિઠ્ઠી પણ સગીરાને આપી હતી.

સગીરાને ટ્યુશનથી રિવરફ્રન્ટ લઈ ગયો

જ્યારે સગીરા ટ્યુશન જવા




નીકળી ત્યારે સાહિલે તેનો પીછો કર્યો હતો. તેણે સગીરાને લલચાવી-ફોસલાવી પોતાની બાઈક પર બેસાડી દીધી અને સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ફરવા લઈ ગયો હતો. સગીરા ઘરે ન પહોંચતા અને આ બાબતની જાણ પરિવારજનોને થતા તેમણે તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. સગીરાના પિતાની ફરિયાદના આધારે દરિયાપુર પોલીસે ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ આરોપી સાહિલ શાહની ધરપકડ કરી લીધી છે. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે. જ્યારે સગીરા ટ્યુશન જવા નીકળી ત્યારે સાહિલે તેનો પીછો કર્યો હતો. તેણે સગીરાને લલચાવી-ફોસલાવી પોતાની બાઈક પર બેસાડી દીધી અને સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ફરવા લઈ ગયો હતો. સગીરા ઘરે ન પહોંચતા અને આ બાબતની જાણ પરિવારજનોને થતા તેમણે તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. સગીરાના પિતાની ફરિયાદના આધારે દરિયાપુર પોલીસે ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ આરોપી સાહિલ શાહની ધરપકડ કરી લીધી છે. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

**અમદાવાદ, તા.05**

આજે મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. દાહોદ, અરવલ્લી અને મહીસાગરમાં આજે 5 મે વહેલી સવારથી વાતાવરણમાં પલટો આવ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 3 કલાક એટલે કે 7 વાગ્યા સુધી હળવા વરસાદ સાથે હળવા ગાજવીજની શક્યતા છે અને મહત્તમ સપાટી પવનની ગતિ 40 કિમી પ્રતિ કલાકથી ઓછી રહેવાની સંભાવના છે. ગુજરાત રાજ્યના નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી, રાજકોટ, બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, દીવ, બનાસકાંઠા, સાબરકાંઠા અને કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ થવાની શક્યતા છે.



વાવાઝોડા સાથે વરસાદ થવાની સંભાવના

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસે જણાવ્યું હતું કે, આજે રાજ્યભરમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર અને પંચમહાલમાં હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. વાવાઝોડા સાથે વરસાદ થવાની સંભાવના છે. 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. જેથી યલો એલર્ટ પણ આપવામાં આવ્યું છે. રાજકોટ, બોટાદ, અમરેલી અને ભાવનગરમાં પણ હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

આગામી 10 દિવસ સુધી વાતાવરણ સૂકું રહેવાનું અનુમાન

રાજ્યમાં નાગરિકોને કાળઝાળ ગરમીમાંથી આંશિક રાહત મળી છે. છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. મોટા ભાગના શહેરમાં તાપમાન 40 ડિગ્રી કરતા નીચે પહોંચી ગયું છે. તો હજુ પણ 5 શહેરમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર નોંધાયું છે. સાયક્લોનિક સર્ક્યુલેશન સહિત ત્રણ જેટલી સિસ્ટમ સક્રિય થતા પવનની દિશા બદલાઈ અને વાતાવરણમાં પલટો આવ્યો છે. જો કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે ઉકળાટ અને બફારો યથાવત રહેશે. આગામી 10 દિવસ સુધી વાતાવરણ સૂકું રહેવાનું અનુમાન છે. જો કે અમદાવાદ શહેરમાં 6 દિવસ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

# ગર્લફ્રેન્ડના શોખ પૂરા કરવા બાઈકની ચોરી કરતો : ડિસમિસ વડે

# એક ઝટકામાં સ્પોર્ટ્સ બાઈકનું લોક તોડતા, 3 આરોપીની ધરપકડ

**અમદાવાદ, તા.05**

અમદાવાદ શહેર ઝોન 1 ડીસીપીની LCB સ્કવોડે બાઈક ચોરી કરતી ગેંગના 3 આરોપીની ધરપકડ કરી છે. આરોપી શહેરના અલગ અલગ વિસ્તારમાંથી ડિસમિસ વડે લોક તોડીને બાઈક ચોરી કરતા હતા. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું કે, ગર્લફ્રેન્ડને ફેરવવા અને શોખ પૂરા કરવા સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરીને વેચી દેતા હતા. આરોપીની ધરપકડથી 12 ચોરીનો ભેદ ઉકેલાયો છે. અમદાવાદ શહેર ઝોન 1 ડીસીપીની LCB સ્કવોડે બાઈક ચોરી કરતી ગેંગના 3 આરોપીની ધરપકડ કરી છે. આરોપી શહેરના અલગ અલગ વિસ્તારમાંથી ડિસમિસ વડે લોક તોડીને બાઈક ચોરી કરતા હતા. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું કે, ગર્લફ્રેન્ડને ફેરવવા અને શોખ પૂરા કરવા સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરીને વેચી દેતા હતા. આરોપીની ધરપકડથી 12 ચોરીનો ભેદ ઉકેલાયો છે.





LCB સ્કવોડે 3 બાઈકચોરને ઝડપી પાડ્યા

પીએસસી જી.કે. ચાવડાની ટીમને બાતમી મળી હતી કે, અલગ અલગ વિસ્તારમાંથી સ્પોર્ટ્સ બાઈક ચોરી કરનાર ગેંગના આરોપી અમદાવાદમાં બાઈક સાથે હાજર છે. જેના આધારે પોલીસે સુનિલકુમાર ગરાસિયા, કૈલાસ રોત અને વિજેશ નમોમા નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી પલ્સર, KTM, R15 સહિત 12 ચોરીના બાઈક મળી આવ્યા હતા. પીએસસી જી.કે. ચાવડાની ટીમને બાતમી મળી હતી કે, અલગ અલગ વિસ્તારમાંથી સ્પોર્ટ્સ બાઈક ચોરી કરનાર ગેંગના આરોપી અમદાવાદમાં બાઈક સાથે હાજર છે. જેના આધારે પોલીસે સુનિલકુમાર ગરાસિયા, કૈલાસ રોત અને વિજેશ નમોમા નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી પલ્સર, KTM, R15 સહિત 12 ચોરીના બાઈક મળી આવ્યા હતા.

આરોપીઓ સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરતા

આરોપીની તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, ત્રણેય આરોપીઓ રાજસ્થાનના રહેવાસી છે. તેમની સાથે મુખ્ય આરોપી થાવરા, વિકાસ ગરાસિયા અને પ્રવીણ નામના અન્ય 3 આરોપીઓ પણ જોડાયેલા છે. જે હાલ ફરાર છે. તમામ આરોપીઓ ભેગા મળીને શહેરમાં લાંબા સમયથી એક જ જગ્યાએ પડેલા અને જનરલ પાર્કિગમાં પડેલા સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરતા હતા.

ગર્લ ફ્રેન્ડના મોજશોખ પૂરા કરવા બાઈક ચોરતો

આરોપી ગર્લ ફ્રેન્ડને ફેરવવા અને મોજશોખ પૂરા કરવા ચોરી કરતા હોવાની કબૂલાત કરી હતી. આરોપીઓ સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરતા હતા કારણ કે તેની રીસેલ વેલ્યુ વધારે મળતી હતી. આરોપીઓ ડિસમિસ વડે ઝટકો મારીને બાઈકનું લોક તોડી દેતા હતા.આરોપી ગર્લ ફ્રેન્ડને ફેરવવા અને મોજશોખ પૂરા કરવા ચોરી કરતા હોવાની કબૂલાત કરી હતી. આરોપીઓ સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરતા હતા કારણ કે તેની રીસેલ વેલ્યુ વધારે મળતી હતી. આરોપીઓ ડિસમિસ વડે ઝટકો મારીને બાઈકનું લોક તોડી દેતા હતા. પોલીસે આરોપી પાસે જ ચોરીનો ડેમો કરાવ્યો હતો જેમાં એક ઝાટકે લોક તોડી નાખ્યું હતું. આરોપીઓની ધરપકડ કરી ફરાર આરોપીની પોલીસે શોધખોળ હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# ન્યૂયોર્કમાં શીખ ટેક્સી ડ્રાઈવર સાથે ગેરવર્તન, અશ્વેત યુવકે રસ્તા વચ્ચે ધક્કો માર્યો, વૃદ્ધ 15 ફૂટ દૂર પટકાયા; 2 યુવતીને ટક્કર મારવાના ડ્રાઈવર પર આરોપ

## ઘટનાસ્થળે હાજર 2 યુવકો સતત વૃદ્ધ ડ્રાઈવરને રોકી રહ્યા છે અને તેને પોતાની ગાડી સુધી જવા દેતા નથી





અમૃતસર, તા.05

એક અશ્વેત યુવકે શીખ ડ્રાઈવરને જતા અટકાવ્યા અને તેમને રસ્તા પર ધક્કો મારીને પછાડી દીધા હતા. અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં એક શીખ ટેક્સી ડ્રાઈવરની બે અશ્વેત યુવકો સાથે ઝઘડા અને મારામારીનો વીડિયો સામે આવ્યો છે. આ દરમિયાન અશ્વેત યુવક વૃદ્ધ ટેક્સી ડ્રાઈવરને ધક્કો મારીને રસ્તા પર પાડી દે છે. વૃદ્ધ ધક્કો લાગવાથી લગભગ 15 ફૂટ દૂર રસ્તા પર પડી જાય છે. યુવક વૃદ્ધ ટેક્સી ડ્રાઈવર પર આરોપ લગાવી રહ્યો હતો કે તેણે તેની બે મહિલા મિત્રોને પોતાની ગાડીથી ટક્કર મારી છે. જ્યારે, વૃદ્ધ આ આરોપોનો ઈનકાર કરી રહ્યા હતા. ઉલટાનું તેઓ કહી રહ્યા હતા કે આ યુવતીઓ પોતે જ તેમની ગાડી તરફ આવી હતી. મારામારી પછી વૃદ્ધ શીખ ડ્રાઈવરે ઘટનાસ્થળે પોલીસ બોલાવી. આ પછી પોલીસ બંને પક્ષો વચ્ચે ઝઘડો ઉકેલીને ત્યાંથી જતી રહે છે. જોકે, આ મામલો ક્યારનો છે અને તેમાં દેખાતા શીખ ડ્રાઈવર કોણ છે, તે માહિતી સામે આવી નથી.

**2 યુવતીઓને ટક્કરના આરોપથી વિવાદ થયો**

માહિતી મુજબ, વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે એક યુવકે આરોપ લગાવ્યો કે વૃદ્ધ શીખ ટેક્સી ડ્રાઈવરે રસ્તા પર 2 યુવતીઓને પોતાની ટેક્સીથી ટક્કર મારી. આ પછી ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો. જ્યારે, શીખ ટેક્સી ડ્રાઈવરે આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢતા કહ્યું કે કોઈ દુર્ઘટના થઈ નથી. ઊલટું, યુવતીઓ પોતે તેની ગાડી પાસે આવી હતી, જેના કારણે આ સ્થિતિ સર્જાઈ. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે ઘટનાસ્થળે હાજર 2 યુવકો સતત વૃદ્ધ ડ્રાઈવરને રોકી રહ્યા છે અને તેને પોતાની ગાડી સુધી જવા દેતા નથી. દલીલ એટલી વધી ગઈ કે પરિસ્થિતિ મારામારી સુધી પહોંચી ગઈ. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે એક અશ્વેત યુવક અચાનક આક્રમક બની જાય છે અને વૃદ્ધ ડ્રાઈવરને જોરથી ધક્કો મારે છે, જેના કારણે વૃદ્ધ રસ્તા પર પડી જાય છે. આ દરમિયાન વીડિયો બનાવનાર યુવક તેને સતત ગુનેગાર કહી રહ્યો છે. અશ્વેત યુવક આ બે યુવતીઓને ટક્કર મારવાનો આરોપ લગાવી રહ્યો હતો.

**પોલીસના આવતા જ યુવકોનું વર્તન બદલાયું**

થોડા સમય પછી ઘટનાસ્થળે ન્યૂયોર્ક પોલીસ (NYPD સ્કૂલ સેફ્ટી ઓફિસર્સ) પહોંચે છે. પોલીસ સમક્ષ શીખ ડ્રાઈવર પોતાની વાત રજૂ કરવાનો પ્રયાસ કરે છે. જ્યારે, યુવક દાવો કરે છે કે તેની પાસે આખી ઘટનાનો વીડિયો પુરાવો તરીકે છે. પોલીસના પહોંચ્યા પછી યુવકનું વર્તન અચાનક બદલાઈ જાય છે અને તે શાંત થઈને અધિકારીઓ સાથે વાતચીત કરતો દેખાય છે. તે યુવાનો માટે સકારાત્મક સંદેશ આપવાની પણ વાત કરે છે. પોલીસ અધિકારીઓએ ઘટનાસ્થળે પરિસ્થિતિને સંભાળી અને બંને પક્ષો પાસેથી માહિતી લીધી. આ આખો મામલો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો છે.

**વૃદ્ધ ડ્રાઈવર પોલીસના આવવા પર યુવકોની ફરિયાદ કરી રહ્યા છે.**

એક વૃદ્ધ શીખ ટેક્સી ડ્રાઈવર (પાઘડી અને ચેક્સ શર્ટ પહેરેલો) કેટલાક યુવકો સાથે દલીલ કરી રહ્યો છે. ત્યાં હાજર યુવકો ટેક્સી ડ્રાઈવર પર બૂમો પાડી રહ્યા છે કે તેણે પોતાની ગાડીથી છોકરીઓને ટક્કર મારી છે. તેઓ એવો પણ આરોપ લગાવી રહ્યા છે કે ડ્રાઈવર રોકાયા વગર ઘટનાસ્થળેથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

તેના જવાબમાં વૃદ્ધ ડ્રાઈવર કહે છે કે તેણે કોઈ ટક્કર મારી નથી, પરંતુ છોકરીઓ પોતે તેની ગાડી સાથે અથડાઈ છે. તે એમ પણ કહે છે કે તેની ટેક્સીમાં સવારી બેઠેલી છે અને તે ફક્ત પોતાનું કામ કરી રહ્યો હતો.v યુવકો ડ્રાઈવરને ત્યાંથી જવા દેતા નથી. જ્યારે ડ્રાઈવર ત્યાંથી જવાનો પ્રયાસ કરે છે, ત્યારે એક યુવક તેને ધક્કો મારીને પાડી દે છે. ત્યારબાદ વૃદ્ધ કહે છે, તમે મને ધક્કો કેમ માર્યો? ત્યારબાદ વૃદ્ધ પોલીસને ફોન કરે છે. ઘટનાસ્થળે પોલીસ પહોંચે છે અને આરોપ-પ્રત્યારોપનો સિલસિલો ચાલુ રહે છે.

# ટ્રમ્પે કહ્યું- 8-9 વર્ષ વધુ રાષ્ટ્રપતિ રહીશ : સાંભળીને લોકો હસવા લાગ્યા તો કહ્યું- હું મજાક નથી કરી રહ્યો, હજુ ઘણું કામ કરવાનું બાકી છે

## ટ્રમ્પને ત્રીજી વખત અમેરિકી રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી લડવી હોય તો તેમને અમેરિકી બંધારણમાં ફેરફાર કરવો પડશે

વોશિંગ્ટન ડીસી, તા.05

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર રાષ્ટ્રપતિ બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે. વ્હાઈટ હાઉસમાં એક કાર્યક્રમ દરમિયાન ટ્રમ્પે કહ્યું કે તેઓ 8-9 વર્ષ પછી પદ છોડશે. આ સાંભળીને ત્યાં હાજર લોકો હસવા લાગ્યા ત્યારે ટ્રમ્પે કહ્યું કે તેઓ મજાક નથી કરી રહ્યા. તેમને કામ કરવું ગમે છે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે હજુ તેમના કાર્યકાળની શરૂઆત જ છે અને ઘણું કામ બાકી છે. ટ્રમ્પ આવતા મહિને 80 વર્ષના થશે. તેમણે પોતાની ઉંમરને લઈને પણ મજાક કરી. તેમણે કહ્યું, "હું વૃદ્ધ નથી; હું વૃદ્ધ કરતાં ઘણો યુવાન છું. મને આજે પણ એવું જ લાગે છે જેવું 50 વર્ષ પહેલાં લાગતું હતું."

**ટ્રમ્પને ત્રીજી વખત રાષ્ટ્રપતિ બનાવવાનું બિલ રજૂ કરાયું, પછી આગળ વધી શક્યું નહીં**

આ પહેલા એન્ડી ઓગલ્સે 23 જાન્યુઆરી 2025 ના રોજ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં એક બિલ રજૂ કર્યું હતું. આ બિલનો હેતુ અમેરિકી બંધારણમાં ફેરફાર કરીને ડોનાલ્ડ ટ્રમ્પ માટે ત્રીજી વખત રાષ્ટ્રપતિ બનવાનો માર્ગ ખોલવાનો હતો. આ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું હતું કે જે વ્યક્તિ સતત બે વખત રાષ્ટ્રપતિ નથી રહ્યો, તે ત્રીજી વખત ચૂંટણી લડી શકે. કારણ કે ટ્રમ્પ 2020 માં ચૂંટણી હારી ગયા હતા, તેથી આ ફેરફાર પછી તેઓ ફરીથી રાષ્ટ્રપતિ બનવા માટે યોગ્ય થઈ શક્યા હોત. જોકે, આ બિલ



આગળ વધી શક્યું નહીં અને હાઉસમાં વોટિંગ સુધી પણ પહોંચી શક્યું નહીં. જોકે, અમેરિકામાં બંધારણ બદલવું ખૂબ મુશ્કેલ હોય છે. આ માટે હાઉસ અને સેનેટ બંનેમાં બે-તૃતીયાંશ બહુમતીની જરૂર હોય છે. વર્તમાન પરિસ્થિતિમાં રિપબ્લિકન પાર્ટી પાસે એટલી બહુમતી નથી. આ ઉપરાંત આવા ફેરફારને લાગુ કરવા માટે 50માંથી ઓછામાં ઓછા 38 રાજ્યોની મંજૂરી પણ જરૂરી હોય છે. હાલમાં ઘણા રાજ્યોમાં વિપક્ષી ડેમોક્રેટ પાર્ટીની સરકાર છે, તેથી આ પ્રકારનો પ્રસ્તાવ પસાર થવો ખૂબ મુશ્કેલ માનવામાં આવે છે.

**73 વર્ષ પહેલા 2 વખત રાષ્ટ્રપતિ બનવાનો નિયમ બન્યો**

અમેરિકામાં પહેલાં કોઈ વ્યક્તિના માત્ર 2 જ વાર રાષ્ટ્રપતિ બનવાને લઈને કોઈ જોગવાઈ નહોતી. 1951માં બંધારણમાં 22મો સુધારો કરવામાં આવ્યો. તે અંતર્ગત એવો નિયમ બનાવવામાં આવ્યો કે અમેરિકામાં કોઈ વ્યક્તિ માત્ર 2 વાર જ રાષ્ટ્રપતિ બની શકે છે. જોકે, અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપતિ જ્યોર્જ વોશિંગ્ટને બે ટર્મ પછી નિવૃત્તિ લઈ લીધી હતી. તે પછી રાષ્ટ્રપતિના બે ટર્મથી વધુ સેવાઓ ન આપવાનો અનૌપચારિક નિયમ જ બની ગયો. આ પછી અમેરિકામાં આ પ્રથા બની ગઈ. 31 અમેરિકી રાષ્ટ્રપતિઓમાંથી કોઈ પણ રાષ્ટ્રપતિએ આ પ્રથા તોડી નહોતી, પરંતુ ફ્રેન્કલિન ડી રૂઝવેલ્ટના સમયમાં આ નિયમ તૂટી ગયો. તેઓ 1933 થી 1945 સુધી ચાર વાર રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા.

**શું ટ્રમ્પ બંધારણ બદલી શકે છે?**

ટ્રમ્પને ત્રીજી વખત અમેરિકી રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી લડવી હોય તો તેમને અમેરિકી બંધારણમાં ફેરફાર કરવો પડશે, જે એટલું સરળ નથી. ટ્રમ્પને આ માટે અમેરિકી સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ બંનેમાં બે-તૃતીયાંશ બહુમતીથી એક બિલ પસાર કરાવવું પડશે. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી પાસે બંને ગૃહોમાં એટલા સભ્યો નથી. સેનેટમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી પાસે 100 માંથી 52 સેનેટર છે. જ્યારે, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં 435 માંથી 220 સભ્યો છે. આ બંધારણ સંશોધન માટે જરૂરી બે તૃતીયાંશ એટલે કે 67% બહુમતીથી ઘણું ઓછું છે. જો ટ્રમ્પ આ બહુમતી હાંસલ કરી લે છે તો પણ તેમના માટે બંધારણમાં સુધારો કરવો એટલો સરળ નહીં હોય. અમેરિકી કોંગ્રેસના બંને ગૃહોમાંથી બિલ પસાર થયા પછી આ સુધારા માટે રાજ્યો પાસેથી મંજૂરી લેવી પડે છે.

# યુપી-બિહારમાં વાવાઝોડા-વીજળી પડવાથી 31 લોકોનાં મોત : હરિયાણામાં 15 હજાર વૃક્ષો ઉખડી ગયા; રાજસ્થાનમાં પારો 8°C સુધી ગગડ્યો

નવી દિલ્હી, તા.05

રાજસ્થાનના ઉત્તર-પશ્ચિમ ભાગમાં ચક્રવાત બનવાથી દેશના મોટા ભાગમાં હવામાન બદલાઈ ગયું છે. દક્ષિણ-પૂર્વ ઉત્તર પ્રદેશથી લઈને તમિલનાડુ સુધી વાદળોનો લાંબો ટ્રફ બનેલો છે, જેના કારણે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ભારતમાં વરસાદની અસર છે. છેલ્લા 24 કલાકમાં પણ બિહાર, હરિયાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વોત્તરના રાજ્યોમાં વાવાઝોડું અને ભારે વરસાદ થયો છે. યુપીમાં વાવાઝોડા-વરસાદના કારણે 8 લોકોનાં મોત થયા છે. પીલીભીતમાં ઈંટ-ભઠ્ઠાની 100 ફૂટ ઊંચી ચીમની ધરાશાયી થઈ ગઈ. ગાઝીપુરમાં કાચા મકાનની દીવાલ ધરાશાયી થઈ ગઈ. બિહારમાં સોમવારે 22 જિલ્લાઓમાં વાવાઝોડા સાથે ભારે વરસાદ થયો. વીજળી પડવાથી 7 બાળકો સહિત 23 લોકોનાં મોત થયા. 2 મહિલાઓ દાઝી ગઈ. આજે 18 જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ છે. રાજસ્થાનમાં સોમવારે એક દિવસમાં તાપમાનમાં 8C નો ઘટાડો થયો. જયપુર સહિત ઘણા શહેરોનું મહત્તમ તાપમાન 35C થી ઓછું રહ્યું. હરિયાણામાં ભારે વાવાઝોડાથી 15 હજારથી વધુ વૃક્ષો ઉખડી ગયા. હિમાચલ પ્રદેશના સોલનનું તાપમાન સોમવારે 4.8C રહ્યું. આ મે મહિનાનું અત્યાર સુધીનું સૌથી ઓછું તાપમાન છે. આ પહેલા 14 મે 2021ના રોજ 9.4C તાપમાન રહ્યું હતું. તાબોનું તાપમાન 3.5C અને કુકુમસૈરીનું 4.1C રહ્યું.



**મધ્ય પ્રદેશ: રાજ્યમાં સ્ટ્રોંગ સિસ્ટમ એક્ટિવ, ભોપાલ સહિત 39 જિલ્લાઓમાં આજે એલર્ટ**

મધ્યપ્રદેશમાં મે મહિનામાં આકરી ગરમીની જગ્યાએ વરસાદ અને વાવાઝોડા જેવી સ્થિતિ છે. સોમવારે 15 જિલ્લામાં વરસાદ અને કરાનો પ્રભાવ રહ્યો. ઘણી જગ્યાએ ભારે પવન પણ ફૂંકાયો. હવામાન વિભાગે આજે ભોપાલ સહિત 39 જિલ્લામાં ભારે પવન અને વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

**રાજસ્થાન: રાજ્યમાં 8C સુધી પારો ગગડ્યો, આજે પણ વાવાઝોડા-વરસાદનું એલર્ટ; જેસલમેરમાં સૌથી વધુ ગરમી**

રાજસ્થાનમાં વાવાઝોડું, વરસાદ અને કરા પડવાને કારણે એક દિવસમાં તાપમાનમાં 8C નો ઘટાડો થયો. જયપુર, અલવર, સીકર, પિલાની સહિત અનેક શહેરોનું મહત્તમ તાપમાન સોમવારે 35C થી ઓછું રહ્યું. 5 અને 6 મેના રોજ પણ રાજ્યના 11 જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદનું યલો એલર્ટ છે.

**બિહાર: વાવાઝોડા-વરસાદ અને વીજળી પડવાને કારણે 14 લોકોનાં મોત, આજે 18 જિલ્લામાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ**

બિહારમાં સોમવારે વાવાઝોડા-વરસાદ અને વીજળી પડવાને કારણે 20 લોકોનાં મોત થયા. 2 મહિલાઓ દાઝી ગઈ. હવામાન વિભાગે આજે પણ રાજ્યના 18 જિલ્લામાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

**ઉત્તરાખંડ: રાજ્યના 5 જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી, કરા પડવાની પણ સંભાવના, કેદારનાથમાં સ્નોફોલ**

ઉત્તરાખંડના તમામ જિલ્લાઓમાં આજે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે રાજ્યના પર્વતીય અને મેદાની વિસ્તારો માટે ચેતવણી જાહેર કરી છે. ઉત્તરકાશી, ચમોલી અને પિથોરાગઢ જેવા ઊંચાઈવાળા વિસ્તારોમાં ભારે વરસાદ સાથે હિમવર્ષા થઈ શકે છે.

# ઈરાક ક્રૂડ ઓઈલ પર 33 ડોલર સુધીનું ડિસ્કાઉન્ટ આપી રહ્યું : યુદ્ધની વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવું પડશે; ભારત ઈરાકી તેલનો ત્રીજો સૌથી મોટો ખરીદદાર

નવી દિલ્હી, તા.05

ઈરાકની સરકારી તેલ કંપની તેના 'બસરા મીડિયમ' ક્રૂડ પર પ્રતિ બેરલ 33.40 ડોલર સુધીની છૂટ આપી રહી છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ આ છૂટ તે ખરીદદારો માટે છે જેઓ મે મહિનામાં તેલ ખરીદવા માંગે છે. જોકે, આ સસ્તું તેલ મેળવવા માટે ટેન્કરોને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માંથી પસાર થવું પડશે, જ્યાં હાલમાં યુદ્ધ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. ફેબ્રુઆરીના અંતથી શરૂ થયેલા અમેરિકા-ઈરાન યુદ્ધ પછી હોર્મુઝમાંથી તેલ ટેન્કરોનું પસાર થવું લગભગ અશક્ય બની ગયું છે. ઈરાકની સરકારી તેલ કંપની તેના 'બસરા મીડિયમ' ક્રૂડ પર પ્રતિ બેરલ 33.40 ડોલર સુધીની છૂટ આપી રહી છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ આ છૂટ તે ખરીદદારો માટે છે જેઓ મે મહિનામાં તેલ ખરીદવા માંગે છે. જોકે, આ સસ્તું તેલ મેળવવા માટે ટેન્કરોને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માંથી પસાર થવું પડશે, જ્યાં હાલમાં યુદ્ધ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. ફેબ્રુઆરીના અંતથી શરૂ થયેલા અમેરિકા-ઈરાન યુદ્ધ પછી હોર્મુઝમાંથી તેલ ટેન્કરોનું પસાર થવું લગભગ અશક્ય બની ગયું છે.



**એપ્રિલમાં માત્ર 2 જહાજોએ જ તેલ ભર્યું**

શિપ-ટ્રેકિંગ ડેટા અનુસાર, એપ્રિલમાં ઈરાકના દક્ષિણી બસરા બંદરગાહ પરથી ફક્ત 2 જહાજોએ જ તેલ ભર્યું, જ્યારે માર્ચમાં આ સંખ્યા 12 હતી. સામાન્ય સંજોગોમાં આ બંદરગાહ પરથી દર મહિને લગભગ 80 ટેન્કરો તેલ ભરે છે. ઈરાક આ સંઘર્ષની શરૂઆતમાં જ ઉત્પાદન ઘટાડનારા શરૂઆતી દેશોમાંનો એક હતો, કારણ કે નિકાસ અટકી જવાથી તેના સ્ટોરેજ ટેન્ક ઝડપથી ભરાઈ ગયા હતા.

**જોખમની જવાબદારી ખરીદનારની રહેશે**

SOMO એ નોટિસમાં સ્પષ્ટ કહ્યું છે કે જે ખરીદદારો આ શરતો સ્વીકારશે તેઓ 'ફોર્સ મેજર' એટલે કે અણધારી પરિસ્થિતિમાં કરાર રદ કરવાની જોગવાઈનો આશ્રય લઈ શકશે નહીં. કંપનીનું કહેવું છે કે ખરીદદારોને પહેલેથી જ ખબર છે કે પરિસ્થિતિ અસાધારણ છે, તેથી તેઓ આ આધારે કરારમાંથી પીછેહઠ કરી શકશે નહીં. એટલે કે રસ્તામાં કોઈ હુમલાની જવાબદારી સંપૂર્ણપણે ખરીદનારની રહેશે.

**સ્પોટ ટેન્ડર દ્વારા કય્યારાહ ક્રૂડ પણ રજૂ કરાયું**

ટ્રેડર્સ અનુસાર SOMO એ ગયા અઠવાડિયે 'કય્યારાહ ક્રૂડ' માટે સ્પોટ ટેન્ડર પણ બહાર પાડ્યું હતું. આ માટે પણ તેલના બેરલને ફારસની ખાડીની ખુબ અંદર જઈને લોડ કરવા પડશે. હાલમાં SOMO તરફથી આ મામલે કોઈ સત્તાવાર ટિપ્પણી આવી નથી.ટ્રેડર્સ અનુસાર SOMO એ ગયા અઠવાડિયે 'કય્યારાહ ક્રૂડ' માટે સ્પોટ ટેન્ડર પણ બહાર પાડ્યું હતું. આ માટે પણ તેલના બેરલને ફારસની ખાડીની ખુબ અંદર જઈને લોડ કરવા પડશે. હાલમાં SOMO તરફથી આ મામલે કોઈ સત્તાવાર ટિપ્પણી આવી નથી.

કેપલર અનુસાર ફેબ્રુઆરી 2026માં ઈરાક ભારતના ટોપ 3 તેલ સપ્લાયર્સમાં સામેલ હતો: હોર્મુઝની સ્ટ્રેટ ફારસની ખાડી અને ઓમાનની ખાડી વચ્ચે એક સાંકડો દરિયાઈ માર્ગ છે. દુનિયાનું લગભગ 20% થી 30% ક્રૂડ તેલ આ જ માર્ગેથી પસાર થાય છે. સાઉદી અરેબિયા, ઈરાક, યુએઈ અને કુવૈત જેવા મોટા તેલ ઉત્પાદક દેશો આ જ માર્ગ પર નિર્ભર છે. યુદ્ધ કે તણાવની સ્થિતિમાં આ માર્ગ બંધ થવાથી ગ્લોબલ માર્કેટમાં તેલનો પુરવઠો ઘટી ગયો છે અને કિંમતો અચાનક વધી ગઈ છે. બસરા મીડિયમ: આ મધ્યમ ઘનતા અને સલ્ફર ધરાવતું તેલ છે, જેને રિફાઈન કરવું સરળ હોય છે અને તેમાંથી પેટ્રોલ અને ડીઝલનું સારું ઉત્પાદન મળે છે. બસરા હેવી: આ વધુ ઘટ્ટ અને ઉચ્ચ સલ્ફરયુક્ત તેલ છે; તે સસ્તું હોય છે પરંતુ તેને પ્રોસેસ કરવા માટે આધુનિક અને જટિલ રિફાઈનરીઓની જરૂર પડે છે. કેપલર અનુસાર ફેબ્રુઆરી 2026માં ઈરાક ભારતના ટોપ 3 તેલ સપ્લાયર્સમાં સામેલ હતો: હોર્મુઝની સ્ટ્રેટ ફારસની ખાડી અને ઓમાનની ખાડી વચ્ચે એક સાંકડો દરિયાઈ માર્ગ છે. દુનિયાનું લગભગ 20% થી 30% ક્રૂડ તેલ આ જ માર્ગેથી પસાર થાય છે. સાઉદી અરેબિયા, ઈરાક, યુએઈ અને કુવૈત જેવા મોટા તેલ ઉત્પાદક દેશો આ જ માર્ગ પર નિર્ભર છે. યુદ્ધ કે તણાવની સ્થિતિમાં આ માર્ગ બંધ થવાથી ગ્લોબલ માર્કેટમાં તેલનો પુરવઠો ઘટી ગયો છે અને કિંમતો અચાનક વધી ગઈ છે. બસરા મીડિયમ: આ મધ્યમ ઘનતા અને સલ્ફર ધરાવતું તેલ છે, જેને રિફાઈન કરવું સરળ હોય છે અને તેમાંથી પેટ્રોલ અને ડીઝલનું સારું ઉત્પાદન મળે છે. બસરા હેવી: આ વધુ ઘટ્ટ અને ઉચ્ચ સલ્ફરયુક્ત તેલ છે; તે સસ્તું હોય છે પરંતુ તેને પ્રોસેસ કરવા માટે આધુનિક અને જટિલ રિફાઈનરીઓની જરૂર પડે છે.

# 38 લાખની ટિકિટવાળા લક્ઝરી ક્રૂઝમાં ફેલાયો હંટા વાયરસ : જહાજ પર કેદ થયા 170 યાત્રી, 3નાં મોત; અંદર ફસાયેલાં એક ઇન્ફ્લુએન્સરે રડતાં-રડતાં જણાવી આપવીતી

એટલાન્ટિક, તા.05

એટલાન્ટિક મહાસાગરમાં સફર પર નીકળેલા લક્ઝરી ક્રુઝ જહાજ MV Hondius પર ઉંદરોથી ફેલાતા જીવલેણ હંટા વાયરસે હાહાકાર મચાવ્યો છે. જહાજમાંથી સંક્રમણનો બીજો કેસ સામે આવ્યો છે. વાયરસના કારણે અત્યાર સુધી ત્રણ લોકોનાં મોત થયા છે. WHO અને દક્ષિણ આફ્રિકાના આરોગ્ય વિભાગે રવિવારે જણાવ્યું કે જહાજ પર હંટા વાયરસ સંક્રમણના શંકાસ્પદ પ્રકોપે ત્રણ લોકોનો ભોગ લીધો છે. સંક્રમણથી મૃત્યુ પામેલાઓમાં વૃદ્ધ દંપતી પણ સામેલ છે. સંક્રમણથી ઓછામાં ઓછા ત્રણ અન્ય લોકો બીમાર થયા છે.

**38 લાખ રૂપિયા સુધીની ટિકિટ**

આ જહાજમાં મુસાફરી કરી રહેલા 170 યાત્રીઓ હવે જહાજ પર જ 'કેદ' થવા મજબૂર છે, કારણ કે પ્રશાસને સંક્રમણના ડરથી તેમને જમીન પર ઉતરવાની મંજૂરી આપી નથી. આ લક્ઝરી જહાજ પર એક ટિકિટ માટે 38 લાખ રૂપિયા ખર્ચ કરવા પડે છે. આ જહાજ પર લોકો તડપી તડપીને મરી રહ્યા છે. તેમનું જીવન હાલ નરક જેવું બની રહ્યું છે. લાખો રૂપિયા લેનારી કંપની તેમને જહાજ પર લેટર પહોંચાડીને માસ્ક ન ઉતારવાની સલાહ આપી રહી છે. લક્ઝરી ક્રુઝ જહાજ MV Hondiusની આ હકીકત કોઈ હોરર ફિલ્મની વાર્તા જેવી છે. આ જહાજ આર્જેન્ટિનાના ઉશુઆયાથી રવાના થયું હતું અને એન્ટાર્કટિકા અને સેન્ટ હેલેના થઈને કેપ વર્ડે પહોંચ્યું છે. નિષ્ણાતોનું માનવું છે કે કાં તો જહાજ ઉંદરોના મળ-મૂત્રથી સંક્રમિત થયું છે અથવા તો કોઈ મુસાફર દ્વારા 'એન્ડિસ' વેરિઅન્ટ ફેલાયું છે, જેમાં મનુષ્યોથી મનુષ્યોમાં ફેલાવવાની ક્ષમતા હોય છે.

**જહાજ પર ફસાયેલા લોકો સાથે આગળ શું થવાનું છે?**

WHO અને આંતરરાષ્ટ્રીય આરોગ્ય એજન્સીઓ આ મામલાની



ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે અને વાયરસના મ્યુટેશનને સમજવા માટે 'સીક્વન્સિંગ' કરવામાં આવી રહ્યું છે. જો કેપ વર્ડેથી મંજૂરી નહીં મળે તો જહાજને 1,000 માઈલ દૂર સ્પેનના કેનેરી ટાપુઓ તરફ વાળી શકાય છે. બ્રિટિશ વિદેશ મંત્રાલય પણ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે.

**રડતા-રડતાં ઈન્ફ્લુએન્સરે આપવીતી જણાવી**

જેક રોસમેરિન બોસ્ટનના રહેવાસી ટ્રાવેલ બ્લોગર છે અને ઈન્સ્ટાગ્રામ પર તેમના 44,000થી વધુ ફોલોઅર્સ છે. તેમણે આ ડચ ધ્વજવાળા જહાજ પરથી એક ભાવુક વીડિયો પોસ્ટ કર્યો છે. વીડિયોમાં તેમણે કહ્યું, "હું સામાન્ય રીતે આવા વીડિયો બનાવતો નથી, પરંતુ મને લાગે છે કે મારે કંઈક કહેવું જોઈએ. તેથી હું કેટલીક વાતો જણાવું છું. હું અત્યારે જહાજ પર છું અને અહીં જે થઈ રહ્યું છે, તે અમારા માટે ખૂબ જ વાસ્તવિક છે." તેમણે કહ્યું, "અમે ફક્ત એક સમાચાર નથી. અમે ફક્ત હેડલાઈન નથી. અમે એવા લોકો છીએ, જેમના પરિવારો છે, જેમની ઘરે રાહ જોવાઈ રહી છે. અહીં ઘણી અનિશ્ચિતતા છે, અને આ જ સૌથી મુશ્કેલ બાબત છે. અમે ફક્ત સુરક્ષિત અનુભવવા માંગીએ છીએ, સ્પષ્ટ માહિતી ઈચ્છીએ છીએ અને ઘરે પાછા જવા માંગીએ છીએ." તેમણે આગળ કહ્યું, "જો તમે આ સમાચાર જોઈ રહ્યા છો, તો યાદ રાખો કે તેની પાછળ વાસ્તવિક લોકો છે. આ કોઈ દૂરના સ્થળે બની રહેલી ઘટના નથી. આ અત્યારે અમારી સાથે થઈ રહ્યું છે. જ્યારે હું વધુ માહિતી આપી શકીશ, ત્યારે શેર કરીશ, પરંતુ અત્યારે હું ફક્ત તમારી સમજણ અને દયા ઈચ્છું છું."

**દરિયાકિનારે ઊભું છે જહાજ**

ક્રુઝનું સંચાલન કરતી ડચ કંપનીએ જણાવ્યું કે જહાજ હાલમાં કેપ વર્ડેના કિનારે ઊભું છે. આ આફ્રિકાના પશ્ચિમ કિનારે આવેલો ટાપુ દેશ છે. સ્થાનિક અધિકારીઓએ હજુ સુધી કોઈને જહાજમાંથી ઉતરવાની મંજૂરી આપી નથી. કંપનીએ જણાવ્યું કે જહાજ પર હાજર જે બે બીમાર લોકોને તાત્કાલિક તબીબી સંભાળની જરૂર છે, તેઓ ક્રૂ સભ્યો છે.

# ભાજપે પોલિંગ એજન્ટ પણ પરીક્ષા લઈને બનાવ્યા : આખા પ્રદેશમાં ભાજપનું કમળ ખીલ્યું

કોલકાતા, તા.05

3 રાજ્યોની ચૂંટણીમાં જીત બાદ દિલ્હીમાં ભાજપના કાર્યકરો પીએમ મોદીના ફોટાને મીઠાઈ ખવડાવી રહ્યા છે. બંગાળે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ના 'બંગાળી અસ્મિતા' ના કથાના મુકાબલે પીએમ નરેન્દ્ર મોદીના 'ડબલ એન્જિન' ના વાયદાને પસંદ કર્યો. કમળની આંધીમાં તૃણમૂલ બિલકુલ તણખલાંની જેમ જ ઉડી ગઈ. ભાજપ લાંબા સમયથી સંગઠનના સ્તરે તૈયારીમાં વ્યસ્ત હતું. પોલિંગ એજન્ટ પસંદ કરવા માટે પણ મૌખિક અને લેખિત પરીક્ષાઓ પણ લેવામાં આવી હતી. છેલ્લા છ મહિનાથી પાર્ટીનું ધ્યાન બે લક્ષ્યો સાથે જમીની નેટવર્ક પર રહ્યું. પહેલું, ગ્રામીણ વિસ્તારોમાં ડરના માહોલનો મુકાબલો કરવો અને સુનિશ્ચિત કરવું કે મતદારો પોલિંગ બૂથ સુધી પહોંચે. ગ્રાઉન્ડ પર તમામ પ્રયાસોનું પરિણામ એ રહ્યું કે ભાજપ પોતાની સાથે નવા મતદારોને જોડવામાં સફળ રહી. ગઈ ચૂંટણીમાં ટીએમસીનો વોટ શેર 48.5% હતો, જે આ વખતે 40.80% રહી ગયો. જ્યારે, ભાજપ 38.4% થી વધીને 45.85% વોટ પર પહોંચી ગઈ. આની પાછળ હિન્દુ મતોનું ધ્રુવીકરણ મોટું કારણ છે.

જોકે, માત્ર ધ્રુવીકરણ જ એકમાત્ર કારણ નથી. રોજગારનો અભાવ, પલાયન, ઔદ્યોગિક સ્થગિતતા, પંચાયત સ્તરની દાદાગીરી અને સ્થાનિક ટીએમસી કેડરથી નારાજગી નિર્ણાયક રહી. પશ્ચિમી ઔદ્યોગિક પટ્ટી આસનસોલ, દુર્ગાપુર અને બેરકપુર જેવા વિસ્તારોમાં ભાજપે બંધ મિલો, નોકરી, લોજિસ્ટિક્સ હબ અને સિન્ડિકેટ રાજ વિરુદ્ધ અભિયાન ચલાવ્યું.

દરેક ક્ષેત્રમાં અલગ રણનીતિ, ક્યાંક ધ્રુવીકરણ તો ક્યાંક રોજગાર મુદ્દો

બંગાળનો રાજકીય ભૂગોળ બદલાઈ ગયો. 2021માં ભાજપ ઉત્તર બંગાળ, જંગલમહલ અને મતુઆ બેલ્ટમાં સીમિત હતી. આ વખતે ટીએમસીના ગઢ દક્ષિણ બંગાળમાં પણ ભગવા રંગમાં રંગાઈ ગયા. ભાજપે દરેક ક્ષેત્ર માટે અલગ રણનીતિ બનાવી. ટીએમસીના ગઢ દક્ષિણ બંગાળમાં સત્તા વિરોધી લહેર, ધ્રુવીકરણ અને ગુંડાગીરીનો મુદ્દો ઉઠાવ્યો. પ્રેસિડેન્સીમાં બેઠકો 14 થી વધીને 27 થઈ ગઈ. ઉત્તર બંગાળમાં ચાના બગીચાના મજૂરો અને રાજબંશી સમુદાયને સાધ્યો. જંગલમહલમાં આવાસ-પાણી, રાષ્ટ્રપતિના અપમાન જેવા મુદ્દાઓથી ટીએમસીને પાછળ ધકેલી.

**ટીએમસી લઘુમતી ક્ષેત્રમાં તૂટી**

લગભગ 115 બેઠકો મુસ્લિમ બહુમતીવાળી છે. તેમાંથી 69 પર ટીએમસી જીતી. લગભગ 39 બેઠકો ભાજપના ખાતામાં ગઈ.

મુસ્લિમ-સેક્યુલર મતો ટીએમસીના પક્ષમાં એકજુટ મનાતા રહ્યા છે. પરંતુ, આ વખતે સ્થિતિ અલગ જોવા મળી. માલદાની 12 માંથી 6 અને ઉત્તર દિનાજપુરની 9 માંથી 4 ભાજપના ખાતામાં ગઈ. આનાથી ટીએમસીની 'અભેદ્ય લઘુમતી ક્ષેત્ર'નો વિશ્વાસ નબળો પડ્યો. મુર્શિદાબાદ જેવા મુખ્ય મુસ્લિમ જિલ્લાઓમાં ટીએમસીનો દબદબો હજુ પણ જળવાઈ રહ્યો છે. અહીંની 22 બેઠકોમાંથી ટીએમસી 9 અને ભાજપ 8 બેઠકો જીતી. ભાજપની અસલી લીડ ચાર મોટા વિસ્તારોમાંથી આવી. જંગલમહલ-આદિવાસી વિસ્તારમાં 40માંથી લગભગ 36 બેઠકો જીતીને ટીએમસીની 2021ની વાપસીને પલટી દીધી.

## તંત્રી લેખ

### 'મિશન મમતા' આ રીતે પાર પડ્યું, 83 વર્ષ પછી હિન્દુ પોલિટિક્સ રંગ લાવ્યું

બંગાળમાં મમતા દીદીના 15 વર્ષના શાસનનો અંત આવ્યો છે. જોડાફૂલ કરમાયું છે ને પદ્મફૂલ ખીલ્યું છે. બંગાળમાં ભાજપના આગમન સાથે 83 વર્ષ પછી હિન્દુ પોલિટિક્સની એન્ટ્રી થઈ છે. બંગાળમાં કેસરિયો લહેરાવાની સાથે જ હિન્દુત્વની રાજનીતિનો નવો યુગ શરૂ થયો છે. બીજી તરફ તમિલનાડુમાં 6 દાયકા પછી નવી પાર્ટીનો ઉદય થયો છે. એક પછી એક રાજ્યોમાંથી ફેંકાતી જતી કોંગ્રેસને કેરળે બચાવી લીધી છે. આજે પાંચ રાજ્યોની ચૂંટણીના પાસાંની વાત..

બીજા ચાર રાજ્યો તમિલનાડુ, કેરલ, આસામ અને પુડુચેરીની ચૂંટણીની વાત કરીએ તો તમિલનાડુમાં અણધાર્યું પરિણામ આવ્યું છે. 60 વર્ષથી જયલલિતા અને પલાનીસ્વામીની પાર્ટી AIDMK (ઓલ ઈન્ડિયા દ્રવિડ મુનેત્ર કઝગમ) અને કરૂણાનિધિ- સ્ટાલિનની પાર્ટી DMK (દ્રવિડ મુનેત્ર કઝગમ)નું વારાફરતી રાજ આવ્યું છે. અત્યારે DMK સત્તામાં છે. તમિલનાડુમાં હવે આ બંને પાર્ટીનો યુગ પૂરો થઈ ગયો છે. એક્ટર થલાપતિ વિજયની પાર્ટી TVK (તમિલગા વેત્રી કઝગમ)નો ઉદય થયો છે. આ તમિલનાડુની બે જાયન્ટ પાર્ટી માટે મોટો અપસેટ છે.

કેરલમાં પણ બે ટર્મ પછી ઊલટફેર દેખાય છે. કેરળ વિધાનસભાની ચૂંટણીમાં કાયમ બે પાર્ટી વચ્ચે હરિફાઈ રહી છે. લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF) અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF). છેલ્લી બે ટર્મથી LDFની સરકાર છે. આ વખતે UDFને બહુમતી મળે તેમ છે. ડૂબતી કોંગ્રેસની નાવડી કેરલ બચાવી શકે તેમ છે.

આસામમાં તો અપેક્ષિત જ હતું કે ભાજપ રિપિટ થશે, પુડુચેરીમાં પણ NDA સરકાર આગળ છે.

1. બંગાળ : ખેલા હો ગયા.. 83 વર્ષ પછી હિન્દુ પોલિટિક્સ, બંગાળના હિન્દુ મતદારો ભાજપ તરફ વળ્યા

1941માં કૃષક પ્રજા પાર્ટી અને હિન્દુ મહાસભાના નેતૃત્વમાં પ્રગતિશીલ ગઠબંધને બંગાળમાં સરકાર બનાવી. જે 1943 સુધી ચાલી. ત્યારથી કોંગ્રેસ, ડાબેરીઓ અને ટીએમસી રાજ્યમાં સત્તા પર રહ્યા છે. હવે ભાજપની સરકાર સાથે 83 વર્ષ પછી હિન્દુ પોલિટિક્સ બંગાળમાં પરત ફરશે.

મમતા દીદી અત્યાર સુધી જીતતાં હતાં તે મુસ્લિમ વોટરના જોરે જીતતા હતાં. બંગાળમાં કુલ 294 સીટ છે. મુસ્લિમ મતદારોનું પ્રભુત્વ છે તેવી 112 સીટ છે. મુસ્લિમ મતદારો ઓછા છે તેવી 182 સીટ છે. મમતાની જીતનો આધાર મુસ્લિમો રહ્યા છે. આ વખતે પણ મુસ્લિમ વોટર્સના જોરે જીતી જશે, એવું માનતાં હતાં પણ એવું થયું નહીં. સવાલ એ છે કે મુસ્લિમ મતદારો TMCથી વિમુખ થયા છે કે SIRના કારણે આવું થયું છે? આ બાબતના પાંચ સૂચિતાર્થો સામે આવે છે.

બંગાળમાં માછલીના જોરે હિન્દુ મતોનું ધ્રુવીકરણ!!

મમતા બેનર્જીએ પુરુલિયામાં એક ચૂંટણી રેલીમાં કહ્યું હતું કે, જો ભાજપ સત્તામાં આવશે તો માછલી, માંસ અને ઈંડા ખાવાનું બંધ થઈ જશે. તેમણે ચેતવણી આપી હતી કે ભાજપ 'માછે-ભાત બંગાળી' (માછલી અને ભાત ખાનારા બંગાળી) ની ઓળખનો નાશ કરશે.

આનો સામનો કરવા માટે ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે જાહેરમાં માછલી ખાધી. ભાજપના કેટલાક ઉમેદવારોએ માછલી સાથે પ્રચાર કર્યો. અમિત શાહે એમ પણ કહ્યું હતું કે જે વ્યક્તિ માછલી અને ભાત ખાય છે તે જ બંગાળનો મુખ્યમંત્રી બનશે.

# કેસર નાં એક ખોટાં ચુનાવનું પરિણામ, એવું આવ્યું કે જીંદગીભર એને એનું શૂળ રહેશે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, કેરલ, આસામ, અને પોંડિચેરી એમ પાંચ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીનું પરિણામ આવી ગયું અને જનતા એ આ વખતે પોતાનો ટેસ્ટ બદલ્યો હોય એમ ચુનાવનું પરિણામ આવ્યું! કોઈ પણ પ્રકારની ચૂંટણી હોય ત્યાં કોઈની જીત અને કોઈની હાર નિશ્ચિત છે! પરંતુ હા ચુનાવ પર આધાર છે કે યોગ્યની જીત થઈ છે કે નહીં! જો જનતા ખોટાં પક્ષ કે ઉમેદવાર ને ચુને તો એમાં નુકસાન પોતાનું જ છે! એ વાત હવે ચૂંટણીનાં પરિણામો પરથી દેખાય છે! કારણ કે પહેલાં તો આટલું જંગી મતદાન થવું એ જ ઘણું સારું કહેવાય! જોકે હજી પણ અમુક ટકાનાં મત ખોટાં પડે છે! વ્યક્તિને મત સ્વાતંત્ર્યનો પૂરો અધિકાર છે! પણ હજી અપવાદ રુપે મતની લે વેંચ થાય છે ખરી! ચિંતન ને કોણ જીત્યું! કોણ હાર્યું! યોગ્ય છે કે નહીં! એની સાથે કોઈ મતલબ નથી, એટલે કે આ વિશ્લેષણ રાજકીય સિદ્ધિ માટે નથી, પરંતુ ચુનાવ એ એક એવું પરિબળ છે, જેનાથી આપણી જીંદગી સુધરી પણ શકે! અને તબાહ પણ થઈ શકે! અને આમાં ધનવાન ગરીબ, કે સ્ત્રી પુરુષ એવો કોઈ ભેદ નથી! દાખલા તરીકે દરેકની વિદ્યાર્થી અવસ્થામાં જો યોગ્ય શાખાનો ચુનાવ થયો ન્હોય તો એનું પરિણામ સારું આવે નહીં! અને કારકિર્દી જેવી બનવી જોઈએ એવી બને નહીં! ન ગમતા ક્ષેત્રને અપનાવ્યાનો માનસિક સંઘર્ષ રહે. આજકાલ મહત્વાકાંક્ષી પેરેન્ટને કારણે કેટલાંય વિદ્યાર્થીઓ આવું ભોગવી પણ રહ્યાં છે! આર્ટસ સ્ટુડન્ટને સાઈન્સ કેવી રીતે આવડે! કે પછી આંકડાની માયાજાળ કેમ સમજાય! ખાસ કરીને આવું જ યુવક યુવતીનાં સંબંધોમાં થાય! વિજાતીય આકર્ષણને પ્રેમનું નામ આપી રિલેશન તો વધારે પણ પછી ખબર પડે કે એનાં વિચારો, એનો શોખ, બધું જ સાવ જુદું છે! અને આજની પેઢી માટે દરેક વખતે સમાધાન શક્ય નથી હોતું, જોકે એવું નથી કે એરેન્જ મેરેજમાં આવું નથી થતું! શક્યતાં તો ત્યાં પણ એટલી જ છે! વ્યક્તિગત જીવનમાં પણ એક ખોટો ચુનાવ જીંદગીભરનું શૂળ ઊભું કરી શકે!

નમિતા પોતાનાં બે વર્ષનાં દિકરા પર્જન્યને લઈને પાર્કમાં આવી, અને આ એનો રોજનો નિયમ હતો! આ રીતે પોતાનું પણ આઉટિંગ થઈ જાય, અને બે ચાર નવી ઓળખ થાય ! વાતચીત થાય , કારણ કે અહીં વિદેશમાં સગાં સંબંધીઓ ક્યાંથી કાઢવા! બે ત્રણ વિદેશી યુવતીઓ પણ આ રીતે પોતાનાં બાળકો લઈને આવતી હતી, અને બાળકો રમતા હોય ત્યારે યુવતીઓ પોતપોતાનાં કલ્ચરની તેમજ વાનગીઓની રેસીપી શેર કરતી! ડ્રેસ અપ અને મેક અપ ની ટિપ્સ પણ અપાતી, પરંતુ આજે પાર્કમાં એ કોઈ યુવતીઓ આવી નહોતી! નમિતા ઉદાસ



થઈને પાછી ફરી જવાં વિચારતી હતી, ત્યાં સામે છેડે બેઠેલી એક યુવતીને જોઈ ! એ ઈન્ડિયન હોય એવું લાગતું હતું, અને એ ખાસ્સી ઉદાસ અને થાકેલી લાગતી હતી, એને થયું એની સાથે વાત કરું!

નમિતા પર્જન્યને લઈ એ બાજું ગઈ! અને જોયું, એનું બાળક માટી ખાતું હતું, છતાં એનું ધ્યાન નહોતું! નમિતા એ બાળકને માટી ખાતું રોક્યું! અને નમિતા એ તેનાં ખભે હાથ મૂક્યો! એ દુઃસ્વપ્ન માંથી જાગી હોય એમ હાફળી ફાંફળી થઈ ગઈ. નમિતા એ એને પાણી આપ્યું અને એનાં વાંસામાં હાથ ફેરવ્યો, તમને કંઈ હેલ્પની જરુર છે? એની આંખો વરસવા લાગી.

નમિતાનાં બહુ પુછવાથી એણે કહ્યું કે મારું નામ કેસર છે! અને હું રાજસ્થાનનાં રણથંભોરની વતની છું! અમારી જ્ઞાતિમાં હજી મહિલા સશક્તિકરણ જોયે એવું નથી, સ્ત્રી શિક્ષણ પણ નથી, છતાં સામાન્ય સ્થિતિના મમ્મી પપ્પાએ સમાજ વિરુદ્ધ જઈ મને ભણાવી! પરંતુ કુદરતને કંઈક જુદું મંજૂર હશે, એટલે એક બસ એક્સિડન્ટમાં મમ્મી પપ્પાની એકસાથે વિદાય થઈ ગઈ! હું કાકા કાકી સાથે રહેવા લાગી મારી ઉંમર 16 વર્ષ આસપાસની હતી, ભણવાનું બંધ થયું, કે એકાદ વર્ષમાં સગાઈ લગ્ન થશે, અને હવે ઘર કામ શીખવું પડશે! એ બહાને કાકીને મફતની નોકરાણી જોઈતી હતી! એકવાર મેં એ બંનેની વાત સાંભળી કે ગામના શ્રીમંત શેઠનો ઐયાસ અને વિધૂર દીકરો કે જે મારી કરતાં લગભગ બમણી ઉંમરનો હતો, એની સાથે લગ્ન કરાવે તો પોતાનું વ્યાજ સાથેનું 25 લાખનું દેવું માફ કરી દેશે! આ રીતે હવેલીમાં આવન જાવન શરૂ થશે! વાર તહેવારે દાવત અને મિઠાઈ મળશે! બચવા માટે હું એક રાત્રે ભાગી ગઈ, અને બીજા શહેરમાં રહેતી મારી સહેલીની હોસ્ટેલ જઈ પહોંચી, અને બધી વાત કરી! મારું ભણવાનું છૂટ્યું હતું પણ એ કોલેજ પૂરી કરવામાં હતી. એ પણ નોકરી કરી ભણતી હતી એટલે મને પણ એકાદ કામ મળી જાય તો! એકવાર એનાં એક પિતરાઈ ભાઈ સુમેરુ સિંહનાં જન્મ દિવસની પાર્ટીમાં ગઈ, અને ત્યાં આવેલ એક નવ યુવાન કૌશલ એ પ્રેમ પ્રસ્તાવ મુકયો, અને અમે થોડા સમયમાં લગ્ન કરીશુ એવું નક્કી થયું, જીવન એકદમ સુધરી ગયું એવો અહેસાસ થયો! કાકાનાં મોકલેલા ગુંડા મને જોઈ ગયાં! પણ કૌશલ એ તેને ભગાડી મુક્યાં! પોતે એકલો પહેલાં આવી અને પછી મને બોલાવી! અહીં આવી તો ખબર પડી કે એ પરણિત છે, અને પોતાનાં બાળકને રાખવાં જ આ નાટક કર્યું! પણ ખાલી એટલું જ હોત તોય વાંધો નહોતો! લગ્ન તો કરવાના જ છે, એમ હું ત્યાં જ એનાં બાળકની મા બનવાની થઈ ! પણ હજી તો આપણે ફર્યા પણ નથી! મારે તને વિદેશમાં ફેરવવી છે! એટલે એબોર્ટ કરવી લે! અને મેં મારે હાથે... અને અહીં આવ્યા પછી પણ એનું પતિપણુ એટલે કે જોર જબરદસ્તી તો ચાલું જ છે! પત્ની અહીંની છે, એટલે બંને સાથે જોબ પર જાય પછી પાછો આવે અને.. એકવાર એ સ્ત્રીને વાત કરવા કોશિશ કરી પણ એને તો ઈંગ્લીશ પણ નથી આવડતું! છતાં એને શંકા ગઈ! અને એણે કહ્યું મેં ચોરી કરી અને પકડાઈ ગઈ! મેં પોલીસને સોંપી દઈશ ! એમ કહ્યું એટલે..સાવ અજાણ્યો દેશ, ફોન પણ લઈ લીધો છે! અહીંની પોલીસ પાસે પણ ગઈ હતી, પણ ગમે ત્યાં લોલુપ પુરુષને પહેલાં સ્ત્રીમાં એની કાયા જ દેખાય! અને નમિતાએ એનાં આંસુ લૂછ્યા! ક્યાં રહે છે? એમ પુછ્યું ત્યાં તો એનાં કહેવાતાં પતિની ગાડીનું હોર્ન વાગ્યું, અને વાઘ આવતા જેમ હરણી ભાગે એમ ભાગી! નમિતા કેસર ઉભી રહે! ઉભી રહે! હું તારી હેલ્પ કરીશ ! અહીંથી જવું હોય તો પણ, અને અહીં રહેવું હોય તો પણ ! એણે પાછું ફરીને લાચાર નજરે જોયું! નમિતા એને જતી જોઈ રહી, પોતે એની સ્ટોરી સાંભળીને એટલી ક્ષુબ્ધ થઈ ગઈ કે, એને પાછળ દોડી ગાડી નંબર નોટ કરી લેવો જોઈએ! એ પણ સુઝ્યું નહીં! અને કેમ શોધવી? કારણ કે એ તો ક્યાંક જતાં હતાં અને ગાડી અટકી એટલે અહીં રોકાયા હતાં એમ એણે કહ્યું હતું! તો ખોટાં ચુનાવ નાં આવાં કેટલાંય કિસ્સા મળશે!

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાતે જાપાનમાં ભારતના રાજદૂત સુશ્રી નગ્મા મોહમ્મદ મલિક





**અમદાવાદ, તા.05**

જાપાનમાં ભારતના રાજદૂત સુશ્રી નગ્મા મોહમ્મદ મલિકે આજે ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ સુશ્રી નગ્મા મલિકને તેમની નવી જવાબદારી માટે અભિનંદન પાઠવ્યા હતા અને ભારત-જાપાનના સંબંધોમાં ગુજરાતની મહત્વની ભૂમિકા અંગે ચર્ચા કરી હતી.

સુશ્રી નગ્મા મોહમ્મદ મલિક ૧૯૯૧ બેચના ભારતીય વિદેશ સેવા (IFS) ના અધિકારી છે. તેમણે નવેમ્બર ૨૦૨૫ માં જાપાનમાં ભારતના રાજદૂત તરીકે કાર્યભાર સંભાળ્યો છે. તે પહેલાં તેઓ પોલેન્ડ, બ્રુનેઈ દારુસલામ અને ટ્યુનિશિયામાં ભારતના રાજદૂત અને ઉચ્ચાયુક્ત તરીકે સેવા આપી ચૂક્યા છે.

સુશ્રી નગ્મા મલિક ભારત સરકારના વિદેશ મંત્રાલયમાં 'ડેપ્યુટી ચીફ પ્રોટોકોલ (ફોર્મલ)' નું પ્રતિષ્ઠિત પદ સંભાળનાર અત્યાર સુધીના એકમાત્ર મહિલા અધિકારી છે.

મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત અને જાપાન વચ્ચે વર્ષોથી ગાઢ આર્થિક અને સાંસ્કૃતિક સંબંધો રહ્યા છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ જેવી પહેલોમાં જાપાન હંમેશા એક મજબૂત ભાગીદાર રહ્યું છે. સુશ્રી નગ્મા મલિકે રાજ્યપાલશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં ચાલી રહેલા 'પ્રાકૃતિક ખેતી' અને 'ગ્રામ કલ્યાણ કાર્યક્રમ' જેવા અભિયાનોમાં ઊંડો રસ દાખવ્યો હતો.

અંગ્રેજી સાહિત્ય અને સમાજશાસ્ત્રમાં ઉચ્ચ અભ્યાસ કરનાર સુશ્રી નગ્મા મલિક પાંચ ભાષાઓ અંગ્રેજી, ફ્રેન્ચ, હિન્દી, ઉર્દૂ અને મલયાલમ પર પ્રભુત્વ ધરાવે છે. કૂટનીતિની સાથે તેઓ ભારતીય શાસ્ત્રીય નૃત્ય, સંગીત અને સાહિત્યમાં પણ વિશેષ રુચિ ધરાવે છે.

# "આ શબ્દો યાદ રાખજો: 'આ પણ સમય વીતી જશે'. તે તૂટેલા મનને હિંમત આપે છે અને ઘમંડી મનને નમ્ર બનાવે છે."



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

જીવનનું ચક્ર સતત ફરતું રહે છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવવું એ સૃષ્ટિનો નિયમ છે છતાં આપણે સુખમાં છકી જઈએ છીએ અને દુઃખમાંભાંગી પડીએ છીએ.કારણ એક જ: આપણે ભૂલી જઈએ છીએ કે કોઈપણ પરિસ્થિતિ કાયમી નથી પ્રત્યેક ક્ષણ,પ્રત્યેક ઘટના,પ્રત્યેક લાગણી ક્ષણભંગુર છે.આ જ શાશ્વત સત્યને સમજાવતી એક રાજાની બોધ કથા અને શ્રીકૃષ્ણ ગોપીઓના પ્રેમનો આધ્યાત્મિક સંદેશ આપણને ધૈર્ય,વિશ્વાસ અને સમતાનો પાઠ શીખવે છે. આ લેખ એ જ મંત્રને ઉજાગર કરે છે: 'આ પણ પસાર થશે.'

એક સમયે એક ન્યાયી અને દયાળુ રાજા રાજ્ય કરતો હતો. તેની સેવાથી પ્રસન્ન થઈ એક ઋષિએ તેને તાવીજ ભેટ આપ્યું. તાવીજ આપતાં ઋષિએ કહ્યું: 'હે રાજા,આ ગળામાં ધારણકરો પરંતુ તેને ત્યારે જ ખોલજો જ્યારે જીવનમાં એવી ક્ષણઆવે કે લાગે બધું ખોવાઈ ગયું છે, કોઈ આશા બાકી નથી.' રાજાએ આદરપૂર્વક તાવીજ સ્વીકાર્યું અને સમય જતાં તે વાત લગભગ વિસરાઈ ગઈ.

એક દિવસ રાજા શિકાર કરવા ગાઢ જંગલમાં ગયો.સાથીઓથી વિખૂટો પડી તે અજાણતાં દુશ્મન રાજ્યની સીમમાં પહોંચી ગયો. સાંજ પડતાં જ દુશ્મન સૈનિકોના ઘોડાના ડાબલા અને બૂમો સંભળાઈ.થાક,ભૂખ અને તરસ થી ઘેરાયેલો રાજા ગભરાઈને એક નાનકડી ગુફામાં સંતાઈગયો બહાર દુશ્મનોનો અવાજ નજીક આવતો જતો હતો.તે ક્ષણે રાજાને મૃત્યુ નિશ્ચિત લાગ્યું. સંપૂર્ણ નિરાશાએ તેને ઘેરી લીધો.અચાનક તેનો હાથ ગળા માં લટકતા તાવીજ પર ગયો. ધ્રૂજતા હાથે તેણે તાવીજ ખોલ્યું અંદર કાગળની ચબરખી હતી, જેના પર લખ્યું હતું:'આ પણ પસાર થશે.'*એક દિવસ રાજા શિકાર કરવા ગાઢ જંગલમાં ગયો. સાથીઓથી વિખૂટો પડી તે અજાણતાં દુશ્મન રાજ્યની સીમમાં પહોંચી ગયો. સાંજ પડતાં જ દુશ્મન સૈનિકોના ઘોડાના ડાબલા અને બૂમો સંભળાઈ.થાક,ભૂખ અને તરસ થી ઘેરાયેલો રાજા ગભરાઈને એક નાનકડી ગુફામાં સંતાઈગયો બહાર દુશ્મનોનો અવાજ નજીક આવતો જતો હતો.તે ક્ષણે રાજાને મૃત્યુ નિશ્ચિત લાગ્યું. સંપૂર્ણ નિરાશાએ તેને ઘેરી લીધો.અચાનક તેનો હાથ ગળા માં લટકતા તાવીજ પર ગયો. ધ્રૂજતા હાથે તેણે તાવીજ ખોલ્યું અંદર કાગળની ચબરખી હતી, જેના પર લખ્યું હતું:'આ પણ પસાર થશે.'*

ચાર શબ્દોએ ચમત્કાર કર્યો. ભય ઓગળવા લાગ્યો.રાજાને સમજાયું કે આ સંકટ પણ ક્ષણિક છે.મન સ્થિર થયું, વિશ્વાસ જાગ્યો. તે શાંત બેસી રહ્યો.થોડીવારમાં દુશ્મન સૈનિકો નો અવાજ દૂર જતો રહ્યો.રાત પડ્યે રાજા સહીસલામતપોતાના રાજ્યમાં પાછો ફર્યો.આ ઘટના એ તેનો દૃષ્ટિકોણ બદલી નાખ્યો ત્યાર પછી પ્રતિકૂળતામાં ગભરાવાને બદલે તેણે સંયમ અને શ્રદ્ધા જાળવી રાખ્યા.

આ જ સિદ્ધાંત ભૌતિક સંકટ પૂરતો સીમિત નથી.આધ્યાત્મિક જીવનમાં પણ એટલો જ લાગુ પડે છે.જ્યારે શ્રીકૃષ્ણ રાસલીલા માંથી અંતર્ધ્યાન થયા,ત્યારે ગોપીઓ પર વિરહનો પહાડ તૂટી પડ્યો.એમને લાગ્યું કે હવે બધું સમાપ્ત થઈ ગયું.

પરંતુ પ્રભુએ પાછા આવીને પરમ આશ્વાસન આપ્યું: 'હે ગોપીઓ, તમે મારી છો. તમને અભિમાન થયું એટલે તમારું ધ્યાન ફક્ત મારામાં કેન્દ્રિત કરવા મારે દૂર



જવું પડ્યું. હવે હું વચન આપું છું, તમને છોડીને હું નહીં જાઉં! જન્મોજન્મ પણ તમારા પ્રેમનો બદલો હું આપી શકું તેમ નથી.'

આ વચન ફક્ત ગોપીઓ માટે નહોતું. આ જીવમાત્રને મળેલું ઈશ્વરનું શાશ્વત આશ્વાસન છે. આપણે સૌ ગોપીઓ છીએ. જ્યારે સંસારના દુઃખમાં લાગે કે ભગવાને ત્યજી દીધા,ત્યારે સમજવું કે તે વિરહ આપણું અભિમાન તોડવા માટે છે. અને તે પણ પસાર થશે. આ જ સિદ્ધાંત ભૌતિક સંકટ પૂરતો સીમિત નથી.આધ્યાત્મિક જીવનમાં પણ એટલો જ લાગુ પડે છે.જ્યારે શ્રીકૃષ્ણ રાસલીલા માંથી અંતર્ધ્યાન થયા,ત્યારે ગોપીઓ પર વિરહનો પહાડ તૂટી પડ્યો. એમને લાગ્યું કે હવે બધું સમાપ્ત થઈ ગયું. પરંતુ પ્રભુએ પાછા આવીને પરમ આશ્વાસન આપ્યું: 'હે ગોપીઓ, તમે મારી છો. તમને અભિમાન થયું એટલે તમારું ધ્યાન ફક્ત મારામાં કેન્દ્રિત કરવા મારે દૂર જવું પડ્યું. હવે હું વચન આપું છું, તમને છોડીને હું નહીં જાઉં! જન્મોજન્મ પણ તમારા પ્રેમનો બદલો હું આપી શકું તેમ નથી.' આ વચન ફક્ત ગોપીઓ માટે નહોતું. આ જીવમાત્રને મળેલું ઈશ્વરનું શાશ્વત આશ્વાસન છે. આપણે સૌ ગોપીઓ છીએ. જ્યારે સંસારના દુઃખમાં લાગે કે ભગવાને ત્યજી દીધા,ત્યારે સમજવું કે તે વિરહ આપણું અભિમાન તોડવા માટે છે. અને તે પણ પસાર થશે. શ્રીકૃષ્ણ કહે છે, 'તમે મારા માટે ઘર-સંસારની બેડીઓ તોડી નાખી છે, જે મોટા યોગીઓ પણ તોડી શકતા નથી. તમારા ત્યાગ, પ્રેમ અને સેવાનો બદલો હું અનંત કાળ સુધી સેવા કરું તો પણ ચૂકવી શકું તેમ નથી. હું જન્મોજન્મ તમારો ઋણી છું.'

ભગવાન રામાવતારમાં હનુમાન જીના ઋણી રહ્યા,અને કૃષ્ણાવ તારમાં ગોપીઓના.સાર એક જ: ભગવાન પાસે કશું માંગો નહીં, નિઃસ્વાર્થ પ્રેમ કરો.એટલે તે તમારા ઋણી બનશે.

ભગવાન કહે છે,'વૃંદાવન ત્યજી ને હવે હું એક ડગલું નહીં ખસું!' વૃંદાવન એટલે ભક્તનું હૃદય. શુદ્ધ ભક્તહૃદયમાં ભગવાનનો કાયમી વાસ છે. આ મિલન પંચભૌતિક શરીરનું નથી. વિયોગાગ્નિમાં દેહની આસક્તિ બળી જાય પછી આત્માનું રસાત્મા શ્રીકૃષ્ણ સાથે મિલન થાય છે.

કશું જ કાયમી નથી:સુખ હોય કે દુઃખ, બંને પસાર થઈ જવાના છે. આ સમજ સુખમાં ઉન્માદ અને દુઃખમાં વિષાદ અટકાવે છે.વિરહએ મિલનની સીડી છે:* ગોપીઓનો વિરહ એમના પ્રેમને નિર્મળ બનાવી ગયો. આપણી મુશ્કેલીઓ પણ આપણને ઘડવા માટે આવે છે. સૌથી મોટો રોગ પરમાત્માનો વિરહ છે:સંસારના દુઃખો તો નાના છે. સાચું દુઃખ તો ઈશ્વરથી વિખૂટા પડવાનું છે. છતાં જીવ વિષ્ટાના કીડાની જેમ ભોગમાં જ આનંદ માને છે, એટલે દુઃખી છે.ધૈર્ય એ જ તાવીજ છે:જ્યારે અંધકાર ઘેરાય,ત્યારે એક ક્ષણ થોભો. ઊંડો શ્વાસ લો. મનને કહો: 'આ પણ પસાર થશે.' આ ચાર શબ્દો મનને સ્થિર કરી દેશે. ગભરાટમાં લીધેલા નિર્ણયો હંમેશા નુકસાન કરે છે.

વાચક મિત્રો,આ વાર્તા ફક્ત તે રાજા વિશે નથી.તે આપણા બધા વિશે છે. જીવનમાં જ્યારે સમસ્યાઓ ચારે બાજુથી ઘેરી લે,જ્યારે લાગે કે હવે કોઈ રસ્તો નથી,ત્યારે યાદ રાખો:કોઈ પણ પરિસ્થિતિ કાયમી નથી.આજે જે અશક્ય લાગે છે,તે કાલે તમારો સૌથી મોટો પાઠ બની શકે છે. માટે જ્યારે જીવન તમને ગુફામાં પૂરી દે,ત્યારે ગભરાશો નહીં. તમારા હૃદયરૂપી તાવીજને ખોલો અંદરથીઅવાજ આવશે 'આ પણ પસાર થશે. 'સમય સૌથી મોટો ઉપચારક છે અને પરિવર્તન સૃષ્ટિનો નિયમ છે ધૈર્ય રાખો, શ્રદ્ધા રાખો. અંધારી રાત પછી પરોઢ ચોક્કસ આવે જ છે. અસ્તુ. કશું જ કાયમી નથી:સુખ હોય કે દુઃખ, બંને પસાર થઈ જવાના છે. આ સમજ સુખમાં ઉન્માદ અને દુઃખમાં વિષાદ અટકાવે છે. વિરહએ મિલનની સીડી છે:* ગોપીઓનો વિરહ એમના પ્રેમને નિર્મળ બનાવી ગયો. આપણી મુશ્કેલીઓ પણ આપણને ઘડવા માટે આવે છે. સૌથી મોટો રોગ પરમાત્માનો વિરહ છે:સંસારના દુઃખો તો નાના છે. સાચું દુઃખ તો ઈશ્વરથી વિખૂટા પડવાનું છે. છતાં જીવ વિષ્ટાના કીડાની જેમ ભોગમાં જ આનંદ માને છે, એટલે દુઃખી છે.ધૈર્ય એ જ તાવીજ છે:જ્યારે અંધકાર ઘેરાય,ત્યારે એક ક્ષણ થોભો. ઊંડો શ્વાસ લો. મનને કહો: 'આ પણ પસાર થશે.' આ ચાર શબ્દો મનને સ્થિર કરી દેશે. ગભરાટમાં લીધેલા નિર્ણયો હંમેશા નુકસાન કરે છે.

વાચક મિત્રો,આ વાર્તા ફક્ત તે રાજા વિશે નથી.તે આપણા બધા વિશે છે. જીવનમાં જ્યારે સમસ્યાઓ ચારે બાજુથી ઘેરી લે,જ્યારે લાગે કે હવે કોઈ રસ્તો નથી,ત્યારે યાદ રાખો:કોઈ પણ પરિસ્થિતિ કાયમી નથી.આજે જે અશક્ય લાગે છે,તે કાલે તમારો સૌથી મોટો પાઠ બની શકે છે. માટે જ્યારે જીવન તમને ગુફામાં પૂરી દે,ત્યારે ગભરાશો નહીં. તમારા હૃદયરૂપી તાવીજને ખોલો અંદરથીઅવાજ આવશે 'આ પણ પસાર થશે. 'સમય સૌથી મોટો ઉપચારક છે અને પરિવર્તન સૃષ્ટિનો નિયમ છે ધૈર્ય રાખો, શ્રદ્ધા રાખો. અંધારી રાત પછી પરોઢ ચોક્કસ આવે જ છે. અસ્તુ.

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સુરતમાં કાળઝાળ ગરમી વચ્ચે એસટી બસમાં મુસાફરી કરી

**સુરતઃ, તા.05**

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી પોતાની સાદગી અને જન સંવેદના માટે જાણીતા છે. આ જ શ્રેણીમાં, ફરી એકવાર તેઓ લોકભવનની સુખ સુવિધાઓ છોડીને સીધા જનતાની વચ્ચે પહોંચ્યા હતા. રાજ્યપાલશ્રીએ સુરતના અડાજણ બસ સ્ટેન્ડથી ઓલપાડ તાલુકાના જીણોદ ગામ સુધીની યાત્રા ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (એસ.ટી.)ની સાધારણ બસમાં બેસીને કરી હતી.





આ યાત્રાની સૌથી વિશેષ વાત એ રહી કે રાજ્યપાલશ્રીએ પ્રોટોકોલ અને વિશિષ્ટ સુવિધાઓને બાજુ પર રાખીને, એક સામાન્ય નાગરિકની મુસાફરી કરી જાતે પોતાની ટિકિટ લઈ ડિજિટલ પેમેન્ટ દ્વારા ચુકવણી કરીને ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપ્યું હતું. મે મહિનાની કાળઝાળ ગરમીમાં, જ્યાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો છે, ત્યારે રાજ્યપાલશ્રી દ્વારા આ સાદગીપૂર્ણ પ્રવાસ શાસન પ્રત્યે જનતાના વિશ્વાસને વધુ મજબૂત કરે છે.

સફર દરમિયાન રાજ્યપાલશ્રીએ બસમાં સવાર અન્ય મુસાફરો સાથે અત્યંત આત્મીય અને આદરપૂર્ણ સંવાદ કર્યો હતો. તેમણે મુસાફરોને તેમના ખબર અંતર પૂછ્યા, તેમની સમસ્યાઓને સમજી અને સરકારી પરિવહન સેવાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો. મુસાફરો માટે પણ આ એક સુખદ અને આશ્ચર્યજનક ક્ષણ હતી કે તેમની વચ્ચે રાજ્યના પ્રથમ નાગરિક એક સામાન્ય મુસાફરની જેમ બેઠા છે.

આ અગાઉ પણ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ઘણી વખત એસ.ટી. બસમાં મુસાફરી કરી ચૂક્યા છે. કાળઝાળ ગરમી વચ્ચે રાજ્યપાલશ્રીની આ યાત્રા તેમના જીવન મૂલ્યો, પ્રભાવી જનસંપર્ક અને જાહેર સેવાઓ પ્રત્યે તેમની નિષ્ઠાને પ્રતિબિંબિત કરે છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દર અઠવાડિયે ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત કોઈ એક તાલુકામાં જઈને ગામની એક એકર જમીન પર ગ્રામજનો સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરે છે. ત્યારબાદ ગામમાં ગ્રામજનો સાથે પોતે હાથમાં ઝાડું લઈને સફાઈ કરે છે. પછી ગામના કોઈ અનુસૂચિત જાતિ-જનજાતિ પરિવારના ઘરે રાત્રિ ભોજન ગ્રહણ કરે છે. રાત્રિ સભામાં ગ્રામજનો સાથે શિક્ષણ, સંસ્કાર, વ્યસનમુક્તિ, આરોગ્ય, પશુપાલન, પર્યાવરણ સંરક્ષણ, સામાજિક સમરસતા, પ્રાકૃતિક ખેતી વગેરે વિષયો પર ગોષ્ઠિ થાય છે.

આ પ્રવાસ દરમિયાન રાજ્યપાલશ્રી કોઈ સુવિધાયુક્ત ભવનને બદલે ગામની સરકારી શાળાના સામાન્ય કક્ષમાં રાત્રિ વિશ્રામ કરે છે. વહેલી સવારે શાળાના બાળકો સાથે યોગ-પ્રાણાયામ કરે છે. ત્યારબાદ પ્રાકૃતિક ખેતી કરતા કોઈ ખેડૂતના ખેતરની મુલાકાત લે છે અને અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પર માર્ગદર્શન આપે છે. ખેડૂતના ખેતરમાં ગાયનું દૂધ દોહન પણ કરે છે. આ કાર્યક્રમના અંતિમ તબક્કામાં સમગ્ર તાલુકામાંથી આવેલા ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતીના વિષય પર સંવાદ કરે છે.

## ખેડા જિલ્લાનાં તા. ૨૬ મે ૨૦૨૬ના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રજુઆત માટે અરજી કરવી

**ખેડા, તા.05**

ખેડા જિલ્લાના તમામ ગામના ગ્રામજનોએ તા.૨૬/૦૫/૨૦૨૬ ના મંગળવારના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં પોતાના પડતર પ્રશ્નો/રજૂઆત અંગે ગ્રામ પંચાયત ખાતે દર મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં મારી અરજી તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લેવી તેવા મથાળા હેઠળ તથા પોતાના મોબાઈલ નંબર સાથે સંબંધિત ગામના તલાટી કમ મંત્રીશ્રીને સંબોધીને કરવાની રહેશે. આ રીતે મળેલ ગ્રામ સ્વાગતની અરજીઓની ડેટા એન્ટ્રી તલાટી કમ મંત્રીશ્રીએ SWAGAT પોર્ટલમાં કરવાની રહેશે આ રીતે મળેલ ગ્રામ સ્વાગતની અરજીઓની ડેટા એન્ટ્રી તલાટી કમ મંત્રીશ્રીએ SWAGAT પોર્ટલમાં કરવાની રહેશે તથા તાલુકા સ્વાગત કાર્યક્રમ પૂર્ણ થયેથી ગ્રામ સ્વાગતની અરજીઓના નિકાલની વિગતો પોર્ટલમાં તુરંત જ અપલોડ કરવાની રહેશે. આ કાર્યક્રમમાં ન્યાયિક તુલ્ય બાબતો, કોર્ટ મેટર, સ્ટે (મનાઈ હુકમ), અપીલ, માહિતી અધિકાર અધિનિયમને લગતા પ્રશ્નો તેમજ નોકરી, રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહિ જેની નોંધ લેવા વિનંતિ છે એમ જનસંપર્ક અધિકારીશ્રી, ખેડા-નડિયાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહિ જેની નોંધ લેવા વિનંતિ છે એમ જનસંપર્ક અધિકારીશ્રી, ખેડા-નડિયાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૬ ગુરૂવારના રોજ યોજાશે

**ખેડા, તા.05**

ખેડા જિલ્લાનો "જિલ્લા સ્વાગત કાર્યક્રમ" તા.૨૮/૦૫/૨૦૨૬ ના ગુરૂવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકે માનનીય કલેકટર ખેડા - નડિઆદ શ્રી અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષ સ્થાને મિટીંગ હોલ, જિલ્લા કલેકટર કચેરી, નડિઆદ ખાતે યોજાનાર છે. ખેડા જિલ્લાના તમામ નાગરિકોએ તેઓના પડતર પ્રશ્નો માટે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની અરજીઓ અરજીના મથાળે જિલ્લા સ્વાગત કાર્યક્રમ લખી તા.૧૦/૦૫/૨૦૨૬ સુધીમાં અત્રેની કચેરીને ત્રણ નકલમાં, સુવાચ્ય અક્ષરોમાં એ/૪ કાગળ ઉપર કરવાની રહેશે. જે બાદ મળેલ અરજીઓનો આગામી મહિનાના જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. અરજદારે પ્રશ્નની રજૂઆત સંબંધિત કચેરીને કરેલ હોવી જોઈએ તેમજ પ્રશ્નની રજૂઆત સંબંધિત તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કરેલ હોવી જોઈએ અને જો ત્યાંથી પડતર હોય તેવા પ્રશ્ન તેમજ જિલ્લા કક્ષાનો પ્રશ્ન હોય, તેવી મોબાઈલ નંબર અને આધાર-પુરાવા સહિત કરેલ રજૂઆત જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. અરજદારનો પોતાનો પ્રશ્ન હોવો જોઈએ. બીજાનો પ્રશ્ન રજૂ કરી શકાશે નહિ. તેમજ એક વિષયની એક જ અરજી સ્વીકારવામાં આવશે. આ કાર્યક્રમમાં ન્યાયિક તુલ્ય બાબતો, નીતિ વિષયક, સેવા વિષયક, કોર્ટ મેટર, સ્ટે (મનાઈ હુકમ), અપીલ, માહિતી અધિકાર અધિનિયમને લગતા પ્રશ્નો તેમજ નોકરી, રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવા વિનંતિ છે એમ જનસંપર્ક અધિકારીશ્રી, ખેડા-નડિયાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. બીજાનો પ્રશ્ન રજૂ કરી શકાશે નહિ. તેમજ એક વિષયની એક જ અરજી સ્વીકારવામાં આવશે. આ કાર્યક્રમમાં ન્યાયિક તુલ્ય બાબતો, નીતિ વિષયક, સેવા વિષયક, કોર્ટ મેટર, સ્ટે (મનાઈ હુકમ), અપીલ, માહિતી અધિકાર અધિનિયમને લગતા પ્રશ્નો તેમજ નોકરી, રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવા વિનંતિ છે એમ જનસંપર્ક અધિકારીશ્રી, ખેડા-નડિયાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ખેડા જિલ્લાનાં મુખ્ય અધિકારીશ્રીઓની અધ્યક્ષતામાં તમામ તાલુકાઓમાં ૨૬ મે ૨૦૨૬ના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

**ખેડા, તા.05**

ખેડા જિલ્લામાં તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૬/૦૫/૨૦૨૬ ના મંગળવારના રોજ વર્ગ-૧, ૨ કક્ષાના નોડલ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની અરજીના મથાળે તાલુકા સ્વાગત કાર્યક્રમ લખી તથા પોતાના મોબાઈલ નંબર સાથે આધાર પુરાવા સહિતની અરજીઓ અરજદારે તા.૧૦/૦૫/૨૦૨૬ સુધીમાં સંબંધિત મામલતદાર કચેરી, નડિઆદ(શહેર / ગ્રામ્ય) / ખેડા / કપડવંજ / મહેમદાવાદ / ઠાસરા / મહુધા / કઠલાલ / માતર / વસો / ગળતેશ્વર/ફાગવેલની ખાતે આપવાની રહેશે. અરજદારે ગ્રામ્ય કક્ષાએ સંબંધિત કચેરી ખાતે પહેલા રજૂઆત કરેલી હોવી જોઈએ અથવા પ્રશ્ન તાલુકા કક્ષાનો હોવો જોઈએ. તેમજ અરજદારનો પોતાનો પ્રશ્ન હોવો જોઈએ. બીજાનો પ્રશ્ન રજૂ કરી શકશે નહિ. એક વિષયની એક જ અરજી સ્વીકારવામાં આવશે. આ કાર્યક્રમમાં ન્યાયિક તુલ્ય બાબતો, કોર્ટ મેટર, સ્ટે (મનાઈ હુકમ), અપીલ, માહિતી અધિકાર અધિનિયમને લગતા પ્રશ્નો તેમજ નોકરી, રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહિ. જેની નોંધ લેવા વિનંતિ છેએમ જનસંપર્ક અધિકારીશ્રી, ખેડા-નડિયાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**જનપ્રતિનિધિ તરીકે પસંદ કરી સમાજસેવા અને રાષ્ટ્રસેવા કરવાની તક પૂરી પાડનાર મારા સંસદીય વિસ્તારની જનતાનું સન્માન- સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણ**

## પૂર્વ કેન્દ્રીયમંત્રી અને ખેડાના સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણને એલએનસીટી યુનિવર્સિટી ભોપાલ દ્વારા ડોક્ટરેટની માનદ ડિગ્રી એનાયત કરવામાં આવી

**ખેડા, તા.05**

પૂર્વ કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રીશ્રી અને હાલ ખેડાના સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણને એલએનસીટી યુનિ.ભોપાલ દ્વારા ડોક્ટરેટની માનદ ડિગ્રીથી સન્માનિત કરવામાં આવ્યા છે. રાષ્ટ્રસેવામાં સમર્પિત જીવન અને વહીવટી, સામાજિક યોગદાન માટે સાંસદ દેવુસિંહ ચૌહાણને ડોક્ટરેટની માનદ ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. તા.૪ મે,૨૦૨૬ના રોજ એલ એન સીટી વિશ્વ વિધાલય સંકુલ રાયસેન રોડ,ભોપાલમાં દબદબાભેર યોજાયેલા યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં ખેડાના સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણને પણ ડોક્ટરેટની માનદ ડિગ્રી એનાયત કરી તેમનું બહુમાન કરવામાં આવ્યુ હતું. આ પદવીદાન સમારંભ પૂર્વે ભોપાલની ભૂમિ પર પહોંચતા સ્થાનિક એરપોર્ટ પર સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણ અને તેમનાં ધર્મપત્ની ભારતીબેનનું બેન્ડવાજાની સંગીત સુરાવલી સાથે પુષ્પગુચ્છ અર્પણ કરી ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે,વર્ષ ૨૦૧૪માં દેશના વડાપ્રધાનપદે નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રનું સુકાન સંભાળ્યું ત્યારથી સતત ત્રીજીવાર સાંસદ તરીકે દેવુસિંહ ચૌહાણ ખેડા સંસદીય વિસ્તારનું જનપ્રતિનિધિત્વ કરી રહ્યા છે.તે દરમિયાન તેમણે ભારત સરકારના સંચાર રાજ્યમંત્રી તરીકે પણ સેવા આપી છે. એક ઉમદા જન પ્રતિનિધિ તરીકે દેવુસિંહ ચૌહાણે ખેડા સંસદીય વિસ્તારની માતર વિધાનસભા બેઠક પરથી વર્ષ ૨૦૦૭માં સૌપ્રથમવાર અને વર્ષ ૨૦૧૨માં બીજીવાર ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવી ઉત્તરોતર સમાજ અને રાષ્ટ્રની સેવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપતા રહ્યા છે. જાહેરજીવનમાં પગરણ માંડ્યા તે પૂર્વે શ્રી દેવુસિંહ ચૌહાણ આકાશવાણી અને દૂરદર્શનમાં એન્જિનિયર તરીકે ભારત સરકારની ફરજ બજાવતા હતા. ઉચ્ચ પગારની કેન્દ્ર સરકારની નોકરી છોડી સમાજજીવનની ચિંતા કરી નવીપેઢીનું પણ રાજનીતિ ક્ષેત્રે ઘડતર થાય તેવા ઉમદા ઉદેશથી જાહેરજીવન અપનાવ્યું છે. એક કર્મઠ સાંસદ તરીકે સેવારત દેવુસિંહ ચૌહાણે ભારત સરકારના સંચાર રાજ્યમંત્રી તરીકે જવાબદારી સંભાળી ત્યારે ભારતમાં મોબાઈલ નેટવર્ક ક્ષેત્રે તત્કાલિન તેમના પૂર્વ સિનિયર કેન્દ્રીય સંચારમંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે 5G નેટવર્કને કાર્યાન્વિત કરવાના સાક્ષી રહ્યા છે.

આ ઉપરાંત સાંસદ તરીકે ખેડા સંસદીય વિસ્તાર સહિત સમગ્ર રાષ્ટ્રને સ્પર્શતા મુદ્દા પર પણ તેમણે સંસદમાં વિચાર વિમર્શ અને ચર્ચાઓમાં ભાગ લીધો છે. જાહેર જીવનમાં એક ઉમદા જનપ્રતિનિધિ તરીકે જન સમુદાયના...એટલેકે સામુદાયિક સર્વાંગી વિકાસ માટે તેઓ સતત સેવારત છે. એટલું જ નહીં,જનતા પણ વિકાસની દિશામાં સહભાગી બની સરકારનું અભિન્ન અંગ બને તેવા જનમાનસ અને જનસમાજનું ઘડતર થાય તેવો તેમનો પ્રેરક દ્રષ્ટિકોણ રહ્યો છે. જાહેરજીવનના તેમના આ ઉમદા અભિગમની નોંધ લઈ એલએનસીટી યુનિવર્સિટી ભોપાલ દ્વારા તેમને ડોક્ટરેટની માનદ ડિગ્રી એનાયત કરવામાં આવી છે. એલએનસીટી યુનિ.ભોપાલના પાંચમાં પદવીદાન સમારંભમાં ઉપસ્થિત મધ્ય પ્રદેશના મા. રાજ્યપાલશ્રી મંગુભાઈ પટેલે આશિર્વચન આપતા જણાવ્યું હતું કે," એલ એન યુનિ.ભોપાલે વિશ્વસ્તરીય શૈક્ષણિક ગુણાંકો પ્રાપ્ત કર્યા છે. એટલું જ નહીં દેશની નવી શિક્ષણનીતિની દિશામાં પણ નોંધપાત્ર પહેલ કદમી કરી છે.તે આવકારદાયક છે.આજે પારંપરિક શિક્ષણને બદલે વૈશ્વિક જરૂરિયાત મુજબ પરિણામલક્ષી શિક્ષણની આવશ્યકતા છે. જેમાં ડિગ્રી રોજગારીનું માત્ર સાધન ના બની રહે ,પણ વ્યક્તિ નિર્માણ, રાષ્ટ્રનિર્માણ અને વિશ્વ નિર્માણમાં તેનું યોગદાન બની રહે તેવો અભિગમ અપનાવવો જોઈએ. " ખૂબ જ શિક્ષિત કે દીક્ષિત બન્યા પછી પણ પોતાના માતા પિતા ,શિક્ષકોને આદર આપવાનું ના ભૂલાય તેવી સામાજિક અને પારિવારિક શીખ પણ રાજ્યપાલ મંગુભાઈ પટેલે વિધાર્થીઓને આપી હતી.

**પાડા-વાછરડામાંથી પશુપાલકોનો છુટકારો: માત્ર વાછરડી આપતી સેક્સ્ડ સિમન ટેકનોલોજી પશુપાકોએ અપનાવી**

# સેક્સ્ડ સિમેન ટેકનોલોજી દ્વારા જે પશુઓ ગાભણ થયા હતા તેમાં ૯૦% જેટલા કિસ્સાઓમાં પાડી કે વાછરડી જ જન્મી, પશુપાલકોને આવક વધી

## પશુપાલકોની માંગને ધ્યાનમાં રાખીને આગામી ત્રણ વર્ષ દરમિયાન વધુ 8 લાખ લાખ સેક્સ્ડ સિમેન ડોઝના ઉત્પાદનનું રાજ્ય સરકારનું આયોજન

**ગાંધીનગર, તા.05**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં માર્ગદર્શન હેઠળ ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં રાજ્યના ખેડૂતો-પશુપાલકોની આવક બમણી કરવાના વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જે પૈકી પશુ ઓલાદ સુધારણા થાય અને તેના થકી દૂધ ઉત્પાદન વધે તે માટે આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે. ગાંધીનગર: પાટણ જિલ્લાનાં સરસ્વતી તાલુકાનાં કોઈતા ગામનાં પશુપાલક તૌફિકભાઈ મોમિન પાસે 40 ગાયો અને 130 ભેંસો છે. રોજનું અંદાજિત 250 લીટર દૂધ ભરે છે. અત્યાર સુધી તેમને એ ચિંતા રહેતી કે, ગાય કે ભેંસ ગાભણ થાય ત્યારે જો પાડો કે વાછરડો આવશે તો તેનો ખર્ચ કેમ ઉપાડવો? પણ છેલ્લા થોડા સમયથી તેમની આ ચિંતા દૂર થઈ ગઈ છે. કેમ કે, તેમણે તેમના પશુઓમાં સેક્સ્ડ સિમેન ટેકનોલોજીની મદદથી કુત્રિમ બિજદાન કરાવ્યું અને તમામ છ ગાયોને માત્ર વાછરડોનો જ જન્મ થયો.

"સરકારની આ નવી ટેકનોલોજીનાં કારણે અમને ખુબ ફાયદો થયો છે. પાડા અને વાછરડાનો જન્મ અટકી જતા નિભાવ ખર્ચ ઘટ્યો, ઉપરાંત, પશુઓમાં દૂધ ઉત્પાદન વધ્યું અને માત્ર બે જ વર્ષમાં વાછરડી ફરી દૂધ આપતી થઇ જાય છે એટલે આવક પણ વધી. હવે હું આ જ ટેકનોલોજીનો ઉપયોગ કરું છુ,'' તૌફિકભાઈએ સેક્સ્ડ સિમેન ટેકનોલોજી વિશેનાં ફાયદા ગણાવતા કહ્યું.

ગાય કે ભેંસ ગાભણી થાય ત્યારે પશુપાલકોને એ ચિંતા રહેતી હોય છે કે, પાડો કે વાછરડો તો નહીં જન્મે ને? પણ હવે ગુજરાતનાં પશુપાલકો આ ચિંતામાંથી મુક્ત થઇ ગયા છે. કેમ કે, ગુજરાત સરકારનાં પશુપાલન વિભાગ દ્વારા સેક્સ્ડ સિમેન ટેકનોલોજીનો ઉપયોગ વધે તે માટે મોટા પ્રમાણમાં પ્રયાસ હાથ ધર્યા છે અને તેમાં મોટી સફળતા મળી છે. પશુપાલન ક્ષેત્રમાં વૈજ્ઞાનિક પ્રગતિના કારણે આજે એવી ટેકનોલોજી ઉપલબ્ધ બની છે, જેના દ્વારા ૯૦ % સુધીની ચોકસાઈ સાથે માદા બચ્ચાનો જન્મ શક્ય બન્યો છે.

**પાટણ ખાતે સ્થાપિત સિમેન સેક્સિંગ ઈન્સ્ટિટ્યૂટ**

ગુજરાત રાજ્યનાં પશુપાલન વિભાગ દ્વારા પાટણ ખાતે 'ગુજરાત બોવાઇન સિમેન સેક્સિંગ ઈન્સ્ટિટ્યૂટ' સ્થાપવામાં આવી છે. વર્ષ 2018-19 માં 8 લાખ સેક્સ્ડ સિમેન ડોઝના ઉત્પાદન માટેનાં પ્રોજેક્ટને ભારત સરકારે મંજૂરી આપી હતી, જેમાં 60 % કેન્દ્ર સરકારનો અને 40 % રાજ્ય સરકારનો હિસ્સો હતો. જૂન-2021 થી 'ગુજરાત બોવાઇન સિમેન સેક્સિંગ ઈન્સ્ટિટ્યૂટ' ખાતે સેક્સ્ડ સિમેન ડોઝનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું અને ફેબ્રુઆરી - 2026 સુધીમાં કુલ 8 લાખ સેક્સ્ડ સિમેન ડોઝનું ઉત્પાદન પૂર્ણ થયું.ગુજરાત રાજ્યનાં પશુપાલન વિભાગ દ્વારા પાટણ ખાતે 'ગુજરાત બોવાઇન સિમેન સેક્સિંગ ઈન્સ્ટિટ્યૂટ' સ્થાપવામાં આવી છે. વર્ષ 2018-19 માં 8 લાખ સેક્સ્ડ સિમેન ડોઝના ઉત્પાદન માટેનાં પ્રોજેક્ટને ભારત સરકારે મંજૂરી આપી હતી, જેમાં 60 % કેન્દ્ર સરકારનો અને 40 % રાજ્ય સરકારનો હિસ્સો હતો. જૂન-2021 થી 'ગુજરાત બોવાઇન સિમેન સેક્સિંગ ઈન્સ્ટિટ્યૂટ' ખાતે સેક્સ્ડ સિમેન ડોઝનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું અને ફેબ્રુઆરી - 2026 સુધીમાં કુલ 8 લાખ સેક્સ્ડ સિમેન ડોઝનું ઉત્પાદન પૂર્ણ થયું.

**મહત્વની સફળતા**

ફેબ્રુઆરી-2026 સુધી પશુપાલન ખાતાની ક્ષેત્રિય કચેરીઓ દ્વારા કુલ 3.41 લાખ ડોઝનો ઉપયોગ કરવામાં આવ્યો, જેમાંથી 63,439 પશુઓ ગાભણ થયા હતા. ગાભણ પશુઓ પૈકી 37,469 બચ્ચાઓનો જન્મ થયો હતો, જે પૈકી માત્ર 3,285 નર બચ્ચાઓ હતા અને બાકીનાં તમામ એટલે કે 34,184 માદા (પાડી કે વાછરડી) હતા. એટલે કે, આશરે 91.23 % માદા બચ્ચાનો જન્મ નોંધાયો છે, જે આ ટેકનોલોજીની સફળતા સાબિત કરે છે.સેક્સ્ડ સિમેન (લીંગ નિર્ધારીત વિર્ય)" એક એવી ટેકનોલોજી છે, જે પશુ સંવર્ધન અને દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં ક્રાંતિ લાવી રહી છે. એટલે કે, પશુપાલક જો ઈચ્છે કે, તેની ગાય કે ભેંસને માદા બચ્ચુ જ જન્મે તો એ હવે શક્ય બન્યું છે.

**સેક્સ્ડ સિમેન એટલે શું?**

કુદરતી રીતે નરના વિર્યમાં બે પ્રકારના રંગસૂત્ર ધરાવતા શુક્રાણુઓ હોય છે- "X" અને "Y".

"Y" રંગસૂત્રથી નર બચ્ચાનો જન્મ થાય છે.

"X" રંગસૂત્રથી માદા બચ્ચાનો જન્મ થાય છે.

સામાન્ય સ્થિતિમાં બંનેનું પ્રમાણ લગભગ સમાન હોવાથી નર કે માદા બચ્ચા જન્મવાની સંભાવના 50-50 ટકા રહે છે.

પરંતુ સેક્સ્ડ સીમેન ટેકનોલોજી દ્વારા "X" અથવા "Y" શુક્રાણુઓને વૈજ્ઞાનિક રીતે અલગ/નિષ્ક્રિય કરીને આશરે 90 % સુધીની ચોકસાઈ સાથે માદા બચ્ચા પ્રાપ્ત કરી શકાય તે મુજબના ફ્રોઝન સીમેન ડોઝ બનાવવામાં આવે છે. ખાસ કરીને માદા બચ્ચાનો જન્મ વધારવા માટે આ તકનિક અત્યંત ઉપયોગી છે.

**આખલા/પાડા / બળદમાંથી મુક્તિ, આવક વધી**

સેક્સ્ડ સિમેનનાં ઉપયોગથી મુખ્યત્વે માદા બચ્ચાનો જન્મ થાય છે, જેના કારણે નર પાછળ ખાણ-દાણ અને ઘાસચારાનો ખર્ચ કરવો પડતો નથી. જ્યારે માદા જન્મે એટલે થોડા જ વર્ષોમાં દૂધ ઉત્પાદન વધે છે. આ ઉપરાંત, બહારથી નવી ગાય કે ભેંસ ખરીવદવાની જરૂર પડતી નથી. જેના કારણે રોગચાળો ફેલાવાનો ભય ઓછો થાય છે. પશુપાલક વધારાની વાછરડીઓ વેચીને પણ આવક પણ મેળવી શકે છે. આ ટેકનોલોજીથી પશુ ઓલાદ સુધારણા ઝડપી થાય છે. ઉપરાંત પશુ સંવર્ધન ક્ષેત્રની આધુનિક પ્રજનન તકનીકો જેવી કે પ્રોજેની ટેસ્ટીંગ (P.T.), એમ્બ્રીયો ટ્રાન્સફર (E.T.) અને ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન (I.V.F.) કાર્યક્રમોની કાર્યક્ષમતામાં પણ વધારો થયો છે.

**પશુપાલકો માટે સરકારે ડોઝનો ભાવ ઘટાડ્યો**

રાજ્ય સરકારને સેક્સ્ડ સિમેન ડોઝનો ઉત્પાદન ખર્ચ રૂ. 710/- પ્રતિ ડોઝ હતો જેની સામે પશુપાલકોને આ અધ્યતન ટેકનોલોજીનો લાભ મળે તે માટે પશુપાલકો પાસેથી પ્રતિ ડોઝ રૂ. 300 લેવામાં આવતો હતો જેને વધુ ઘટાડી હવે માત્ર રૂ. 50 પ્રતિ ડોઝ કરવામાં આવ્યો છે. પશુપાલકો હવે પશુપાલન ખાતાની ક્ષેત્રિય કચેરીઓ મારફતે માત્ર રૂ. 50 પ્રતિ ડોઝ ચૂકવી પોતાના પશુઓમાં સેક્સ્ડ સિમેનથી કૃત્રિમ બીજદાનની સેવાઓ મેળવી શકે છે.રાજ્ય સરકારને સેક્સ્ડ સિમેન ડોઝનો ઉત્પાદન ખર્ચ રૂ. 710/- પ્રતિ ડોઝ હતો જેની સામે પશુપાલકોને આ અધ્યતન ટેકનોલોજીનો લાભ મળે તે માટે પશુપાલકો પાસેથી પ્રતિ ડોઝ રૂ. 300 લેવામાં આવતો હતો જેને વધુ ઘટાડી હવે માત્ર રૂ. 50 પ્રતિ ડોઝ કરવામાં આવ્યો છે. પશુપાલકો હવે પશુપાલન ખાતાની ક્ષેત્રિય કચેરીઓ મારફતે માત્ર રૂ. 50 પ્રતિ ડોઝ ચૂકવી પોતાના પશુઓમાં સેક્સ્ડ સિમેનથી કૃત્રિમ બીજદાનની સેવાઓ મેળવી શકે છે.

રાજ્યના દૂધ સંઘો દ્વારા પણ સેક્સ્ડ સિમેન ડોઝનું ઉત્પાદન કરી નજીવી કિંમતે પશુપાલકોને કૃત્રિમ બીજાદાનની સેવાઓ આપવામાં આવે છે.

વર્ષ 2025-26 દરમ્યાન ગુજરાતનાં વિવિધ દૂધ સંઘો દ્વારા 7.09 લાખ સેક્સ્ડ ફ્રોઝન સિમેન ડોઝનું ઉત્પાદન કરી સભાસદ પશુપાલકોના પશુઓમાં 3.35 લાખ બીજદાન કર્યું છે. આ પૈકી 52,246 પશુઓ ગાભણ થયા હતા. ગાભણ પશુઓ પૈકી 30, 719 વિયાણ થયા હતા. જેમાંથી 24, 968 જેટલા એટલે કે 81 % માદા બચ્ચાઓનો જન્મ થયો હતો.



# હાર્દિક બહાર, શું હવે મુંબઈનો 'સૂર્યોદય' થશે?

# બેક સ્પાઝમમાં ઈજા થતાં આરામ અપાયો, જાણો કેટલી મેચ નહીં રમે; કેપ્ટનશીપ પર જોખમના વાદળો!

**અમદાવાદ, તા.05**

IPL 2026માં મુંબઈ ઈન્ડિયન્સની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. પોતાની કેપ્ટનશીપને કારણે સતત ટીકાઓનો સામનો કરી રહેલા હાર્દિક પંડ્યા હવે મેદાનની બહાર થઈ ગયો છે. લખનઉ સુપર જાયન્ટ્સ સામેની મેચમાં હાર્દિકની ગેરહાજરીમાં સૂર્યકુમાર યાદવ ટૉસ માટે આવ્યો ત્યારે ફેન્સમાં અનેક સવાલો ઉભા થયા હતા.

હાર્દિક પંડ્યા શા માટે બહાર છે?

ટૉસ સમયે સૂર્યકુમાર યાદવે જણાવ્યું કે- હાર્દિક પંડ્યાની તબિયત ઠીક નથી. રિપોર્ટ્સ અનુસાર, તેને 'બેક સ્પાઝમ' (કમરના સ્નાયુઓમાં ખેંચાણ) ની ફરિયાદ છે. ટીમનો ખેલાડી રિયાન રિકલટન પણ આ વિશે અજાણ હતો અને તેણે જણાવ્યું કે તેને મેચના દિવસે બપોરે જ ખબર પડી કે હાર્દિકને પીઠમાં દુખાવો છે. સામાન્ય રીતે બેક સ્પાઝમ 1 થી 2 દિવસમાં આરામ અને બરફની શેક કરવાથી મટી જાય છે. જો દુખાવો વધુ હોય તો એક અઠવાડિયું લાગે છે. મુંબઈની આગામી મેચ 6 દિવસ પછી હોવાથી આશા છે કે તે રાયપુર પ્રવાસ સુધીમાં ફિટ થઈ જશે. ટૉસ સમયે સૂર્યકુમાર યાદવે જણાવ્યું કે- હાર્દિક પંડ્યાની તબિયત ઠીક નથી. રિપોર્ટ્સ અનુસાર, તેને 'બેક સ્પાઝમ' (કમરના સ્નાયુઓમાં ખેંચાણ)ની ફરિયાદ છે. ટીમનો ખેલાડી રિયાન રિકલટન પણ આ વિશે અજાણ હતો અને તેણે જણાવ્યું કે તેને મેચના દિવસે બપોરે જ ખબર પડી કે હાર્દિકને પીઠમાં દુખાવો છે. સામાન્ય રીતે બેક સ્પાઝમ 1 થી 2 દિવસમાં આરામ અને બરફની શેક કરવાથી મટી જાય છે. જો દુખાવો વધુ હોય તો એક અઠવાડિયું લાગે છે. મુંબઈની આગામી મેચ 6 દિવસ પછી હોવાથી આશા છે કે તે રાયપુર પ્રવાસ સુધીમાં ફિટ થઈ જશે.

હાર્દિકનું નીરસ પરફોર્મન્સ

હાર્દિક માટે આ સિઝન કોઈ દુઃસ્વપ્નથી ઓછી નથી. તેની કેપ્ટનશીપ તો વિવાદમાં છે જ, પણ તેનું વ્યક્તિગત પ્રદર્શન પણ નબળું રહ્યું છે. બેટિંગમાં 8 મેચમાં માત્ર 20.86ની એવરેજથી 146 રન (એક પણ ફિફ્ટી નથી). બોલિંગમાં આખી સિઝનમાં અત્યાર સુધી માત્ર 4 વિકેટ.

શું માનસિક તણાવ બની રહ્યો છે કારણ?

સૌથી મહત્વની વાત એ છે કે કેટલાક મીડિયા રિપોર્ટ્સ મુજબ, હાર્દિક પંડ્યા હાલમાં ખૂબ જ ખરાબ માનસિક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. સતત ટ્રોલિંગ અને ટીમની હારને કારણે મુંબઈ ઈન્ડિયન્સના મેનેજમેન્ટે તેને થોડો સમય આરામ કરવા અને માનસિક રીતે ફ્રેશ થઈને મેદાન પર પરત ફરવાની સલાહ આપી છે.

શું હવે આખી સિઝન સૂર્યા જ કેપ્ટન રહેશે?

સોશિયલ મીડિયા અને ક્રિકેટ વર્લ્ડમાં ચાલી રહેલા કેટલાક રિપોર્ટ્સ મુજબ, હાર્દિક પંડ્યા કદાચ આ સિઝનની બાકીની મેચોમાં રમતો જોવા ન મળે તેવી શક્યતા છે. તેની ગેરહાજરીમાં સૂર્યકુમાર યાદવ જ કેપ્ટનશીપ સંભાળશે. એટલું જ નહીં, એવી પણ ચર્ચાઓ તેજ થઈ છે કે આવતા વર્ષે મુંબઈ ઈન્ડિયન્સ હાર્દિકને હટાવીને સૂર્યકુમાર યાદવને કાયમી ધોરણે કેપ્ટન બનાવી શકે છે. જોકે, આ બાબતે મુંબઈ ઈન્ડિયન્સ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી, પરંતુ જે રીતે સ્થિતિ બદલાઈ રહી છે તે જોતા હાર્દિક પંડ્યા માટે આગામી સમય ઘણો કપરો સાબિત થઈ શકે છે. સોશિયલ મીડિયા અને ક્રિકેટ વર્લ્ડમાં ચાલી રહેલા કેટલાક રિપોર્ટ્સ મુજબ, હાર્દિક પંડ્યા કદાચ આ સિઝનની બાકીની મેચોમાં રમતો જોવા ન મળે તેવી શક્યતા છે. તેની ગેરહાજરીમાં સૂર્યકુમાર યાદવ જ કેપ્ટનશીપ સંભાળશે. એટલું જ નહીં, એવી પણ ચર્ચાઓ તેજ થઈ છે કે આવતા વર્ષે મુંબઈ ઈન્ડિયન્સ હાર્દિકને હટાવીને સૂર્યકુમાર યાદવને કાયમી ધોરણે કેપ્ટન બનાવી શકે છે. જોકે, આ બાબતે મુંબઈ ઈન્ડિયન્સ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં



આવી નથી, પરંતુ જે રીતે સ્થિતિ બદલાઈ રહી છે તે જોતા હાર્દિક પંડ્યા માટે આગામી સમય ઘણો કપરો સાબિત થઈ શકે છે.

# IPL ફાઇનલ વેન્યૂ પર સસ્પેન્સ : બેંગલુરુમાં 'ટિકિટ વિવાદ'થી મુશ્કેલી; પ્લેઓફ પંજાબ અને કર્ણાટકમાં વહેંચાઈ



**ચેન્નઈ, તા.05**

IPL 2026ની ફાઇનલ મેચના સ્થળને લઈને અસમંજસ પ્રવર્તી રહ્યું છે. સામાન્ય રીતે ફાઇનલ ડિફેન્ડિંગ ચેમ્પિયનના હોમ ગ્રાઉન્ડ પર હોય છે, પરંતુ બેંગલુરુમાં રાજકીય વિવાદને કારણે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ફાઇનલની શક્યતા ઓછી લાગી રહી છે. BCCI સૂત્રએ ન્યૂઝ એજન્સી ANI ને જણાવ્યું, 'નિયમ મુજબ, પાછલી વિજેતાને ફાઇનલની યજમાની મળવી જોઈએ, પરંતુ બેંગલુરુમાં 'MLA ટિકિટ' નો મુદ્દો મુશ્કેલીઓ ઊભી કરી રહ્યો છે. જો આનો ઉકેલ ન આવ્યો, તો BCCI ફાઇનલને કોઈ બીજા શહેરમાં ખસેડી શકે છે.' IPL ની વર્તમાન સિઝનની ફાઇનલ મેચ 31 મેના રોજ રમાવાની છે. જોકે, હજુ સુધી સ્થળની જાહેરાત કરવામાં આવી નથી. પ્લેઓફ મુકાબલા પંજાબ અને કર્ણાટક વચ્ચે વહેંચી શકાય છે.

બેંગલુરુએ ગયા વર્ષે પંજાબને હરાવીને IPL જીત્યું હતું.

ડેપ્યુટી CMનું ધારાસભ્યોને 3-3 ટિકિટ આપવાની જાહેરાત

કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે જાહેરાત કરી હતી કે વર્તમાન IPLમાં ધારાસભ્યો અને સાંસદોને RCBની મેચો માટે 3 ટિકિટ આપવામાં આવશે. કોંગ્રેસના ધારાસભ્ય વિજયાનંદ કાશપ્પનવરે સૂચન કર્યું હતું કે દરેક ધારાસભ્યને ઓછામાં ઓછી 5 IPL ટિકિટ મળવી જોઈએ. તેમણે દલીલ કરી હતી કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ 'VIP' હોય છે અને તેમને લાઈનમાં ઊભા રહેવું ન જોઈએ.

ટિકિટ 'નોન-ટ્રાન્સફરેબલ', દુરુપયોગ થઈ રહ્યો નથી

ધારાસભ્યોની ટિકિટોના દુરુપયોગના આરોપો પર કર્ણાટકના ગૃહમંત્રી જી. પરમેશ્વરે સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું કે ટિકિટ ઓનલાઈન બુક કરવામાં આવે છે. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં યોજાનારી મેચો માટે ટિકિટ 'નોન-ટ્રાન્સફરેબલ' છે. એનો અર્થ એ છે કે ધારાસભ્ય અથવા તેમના પરિવારના સભ્યો જ મેચ જોઈ શકે છે. અન્ય કોઈ વ્યક્તિ આ ટિકિટોનો ઉપયોગ કરી શકતી નથી. ગયા વર્ષે ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર મચી હતી નાસભાગ ગયા વર્ષે 3 જૂને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) એ પંજાબ કિંગ્સ (PBKS) ને IPL ફાઇનલમાં 6 રનથી હરાવ્યું. ટીમે 18 સીઝનમાં પહેલીવાર ખિતાબ જીત્યો, જેની ખુશીમાં બીજા જ દિવસે હોમગ્રાઉન્ડ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં વિક્ટરી સેલિબ્રેશન કર્યું. RCB ટીમના તમામ સભ્યો જ્યારે વિધાનસભામાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને મળી રહ્યા હતા, તે જ સમયે સ્ટેડિયમની બહાર નાસભાગ મચી ગઈ. જેમાં 11 લોકોના મોત થયા, જ્યારે 33 થી વધુ લોકો ઘાયલ થયા. આ દુર્ઘટના બાદ કર્ણાટક હાઈકોર્ટે કેસની તપાસ શરૂ કરાવી. તપાસ ચાલુ છે.

## ઈંગ્લેન્ડ બીજા સ્થાને; ICCએ એન્યુઅલ અપડેટ જાહેર કર્યું

# ભારત T-20 રેન્કિંગમાં નંબર-1 પર યથાવત : વર્લ્ડકપ જીતવાનો ફાયદો મળ્યો

## શ્રીલંકાને 6 રેટિંગ પોઈન્ટનું નુકસાન થયું છે, જેના કારણે તે સરકીને 9મા સ્થાને આવી ગયું છે

**દુબઈ, તા.05**

સૂર્યકુમાર યાદવની કપ્તાનીમાં આ વર્ષે T-20 વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચનાર ભારતીય ટીમે ICCની T-20 ટીમ રેન્કિંગમાં પણ પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે.

મંગળવારે ICCએ વાર્ષિક અપડેટ જાહેર કર્યું છે. અપડેશન પછી T-20માં ટીમ ઈન્ડિયા 275 પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાને છે, જ્યારે ઈંગ્લેન્ડ (262 પોઈન્ટ્સ) બીજા અને ઓસ્ટ્રેલિયા (258 પોઈન્ટ્સ) ત્રીજા સ્થાને છે.

છેલ્લા એક વર્ષના ડેટાને 100% વેઈટેજ મળે છે

ICC રેન્કિંગમાં ત્રણ વર્ષનો ડેટા હોય છે. છેલ્લા 12 મહિનામાં રમાયેલી મેચોનું વેઈટેજ 100% હોય છે. તેના પહેલાના 2 વર્ષના ડેટાનું વેઈટેજ 50% હોય છે. વર્તમાન રેન્કિંગમાં મે 2023થી એપ્રિલ 2024 અને મે 2024થી એપ્રિલ 2025 સુધી રમાયેલી મેચોને 50-50% આપવામાં આવ્યું છે. જ્યારે, મે 2025 પછીની મેચોનું વેઈટેજ 100% છે. અહીંથી એપ્રિલ 2026 સુધી રમાનારી મેચોને પણ 100% વેઈટેજ મળશે. એટલે કે, જ્યારે આવતા વર્ષે મે મહિનામાં નવું અપડેટ થશે, ત્યારે 2023થી 2024 સુધી રમાયેલી મેચોને રેન્કિંગ ગણતરીમાંથી બાકાત રાખવામાં આવશે. પછી 2024થી 2025 અને 2025થી 2026 સુધીની મેચોનું વેઈટેજ 50% થઈ જશે અને 1 મે 2026 પછી રમાયેલી મેચોને જ 100% વેઈટેજ મળશે. અપડેશન પછી ટી-20 રેન્કિંગના ટોપ-7 સ્થાનોમાં કોઈ ફેરફાર થયો નથી.

શ્રીલંકાને નુકસાન, બાંગ્લાદેશ અને અમેરિકાની લાંબી છલાંગ

શ્રીલંકાને 6 રેટિંગ પોઈન્ટનું નુકસાન થયું છે, જેના કારણે તે સરકીને 9મા સ્થાને આવી ગયું છે. આનો ફાયદો બાંગ્લાદેશને મળ્યો છે, જે હવે 8મા સ્થાને પહોંચી ગયું છે. જ્યારે, અમેરિકામાં ક્રિકેટની ઉભરતી તાકાત 'યુએસએ' (USA) એ 6 પોઈન્ટના ફાયદા સાથે 13મું સ્થાન હાંસલ કર્યું છે. અમેરિકાએ નેધરલેન્ડ અને સ્કોટલેન્ડ જેવી અનુભવી ટીમોને પાછળ છોડી દીધી છે.





# જાહ્નવી કપૂર અને શિખર પહાડિયા જામનગરમાં લગ્ન કરશે?

**મુંબઈ, તા.05**

બોલિવૂડ એક્ટ્રેસ જાહ્નવી કપૂર અને શિખર પહાડિયાના લગ્ન થવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. બંને આ વર્ષના અંતમાં લગ્ન કરવાના હોવાની અટકળો પર હવે જાહ્નવીના પિતા અને ફિલ્મમેકર બોની કપૂરે સ્પષ્ટતા કરી છે.

દીકરીના લગ્નની ચર્ચા પર પિતાનો ખુલાસો

ખરેખરમાં, છેલ્લા કેટલાક દિવસોથી ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે, આ કપલ સપ્ટેમ્બર કે ઓક્ટોબર મહિનાની વચ્ચે ગુજરાતના જામનગરમાં એક પરંપરાગત સમારોહમાં લગ્ન કરી શકે છે. જ્યારે આ અટકળો વિશે બોની કપૂરને પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે ઈ-ટાઈમ્સ સાથેની વાતચીતમાં સીધા જ કહ્યું, 'ના, આ સાચું નથી.'

જાહ્નવી બોની કપૂર અને દિવંગત એક્ટ્રેસ શ્રીદેવીની દીકરી છે.

શિખર પહાડિયા પરિવારની નજીકનો વ્યક્તિ શિખર અવારનવાર કપૂર પરિવારના ખાનગી કાર્યક્રમો અને રજાઓમાં જોવા મળે છે. તે માત્ર જાહ્નવી સાથે વેકેશન પર જ નથી જતો, પરંતુ ઘણીવાર મંદિરોના દર્શન માટે પણ પરિવાર સાથે જોવા મળે છે. જાહ્નવીએ પણ એપ્રિલ 2024માં 'કોફી વિથ કરણ'ના એક એપિસોડમાં ઈશારામાં જણાવ્યું હતું કે, તે કોઈની સાથે રિલેશનશિપમાં છે.

જાહ્નવી અને શિખર પરિવાર સાથે જોવા મળે છે.

બંનેનું નામ સૌથી પહેલા ત્યારે જોડાયું હતું, જ્યારે જાહ્નવીએ બોલિવૂડમાં ડેબ્યૂ પણ નહોતું કર્યું. વર્ષ 2016માં થોડા સમય સુધી એકબીજાને ડેટ કર્યાં પછી બંને અલગ થઈ ગયાં હતાં. જોકે, છેલ્લા કેટલાક વર્ષોથી બંને અવારનવાર જાહેર સ્થળોએ સાથે જોવા મળે છે.

શિખર પહાડિયા મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી સુશીલ કુમાર શિંદેનો દોહિત્ર છે.

પ્રેમમાં સુરક્ષિત અનુભવે છે જાહ્નવી તાજેતરમાં એક પોડકાસ્ટ દરમિયાન જાહ્નવીએ પ્રેમ અને તેના પાર્ટનર વિશે ખૂલીને વાત કરી હતી. તેણે શિખરનું નામ લીધા વિના કહ્યું, 'પ્રેમ સુરક્ષિત અનુભવ કરાવે છે. તેની હાજરીને કારણે હવે હું પોતાને એટલી લાચાર અનુભવતી નથી.' તેણે આગળ કહ્યું કે, તે આ સંબંધમાં એક બાળકીની જેમ રહી શકે છે અને તેની સાથે તેને સૌથી વધુ મજા આવે છે. એક્ટ્રેસના મતે, આ પ્રેમે તેને તેના સૌથી સાચા સ્વરૂપમાં રહેવામાં મદદ કરી છે.

# મિસાઈલ હુમલાથી દુબઈમાં ફસાઈ અમીષા પટેલ : હુમલા પછી એરસ્પેસ બંધ થતાં ફ્લાઈટ મસ્કટ ડાયવર્ટ થઈ



**દુબઈ, તા.05**

દુબઈમાં થયેલા નવા મિસાઈલ હુમલાઓની અસર અમીષા પટેલ પર પડી છે. ખરેખર, એક્ટ્રેસે તાજેતરમાં ન્યૂયોર્કથી મુંબઈ જવા રવાના થઈ હતી. તેમની ફ્લાઈટ દુબઈમાં ઉતરવાની હતી, પરંતુ અચાનક થયેલા હુમલાઓને કારણે ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી અને એક્ટ્રેસ મસ્કટમાં ફસાઈ ગઈ છે. અમીષા પટેલે ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી લખ્યું છે કે, 'હું ન્યૂયોર્કથી મુંબઈ પાછી એમિરેટ્સથી આવી રહી હતી. જેમ જ અમે દુબઈમાં ઉતરવાના હતા, યુએઈમાં તાજા મિસાઈલ હુમલાઓને કારણે એરસ્પેસ બંધ કરી દેવામાં આવ્યું. હવે અમને મસ્કટ ડાયવર્ટ કરી દેવામાં આવ્યા છે. અમે આગળની માહિતીની રાહ જોઈ રહ્યા છીએ. આ યુદ્ધ આખરે ક્યારે સમાપ્ત થશે.'દુબઈમાં થયેલા નવા મિસાઈલ હુમલાઓની અસર અમીષા પટેલ પર પડી છે. ખરેખર, એક્ટ્રેસે તાજેતરમાં ન્યૂયોર્કથી મુંબઈ જવા રવાના થઈ હતી. તેમની ફ્લાઈટ દુબઈમાં ઉતરવાની હતી, પરંતુ અચાનક થયેલા હુમલાઓને કારણે ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી અને એક્ટ્રેસ મસ્કટમાં ફસાઈ ગઈ છે. અમીષા પટેલે ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી લખ્યું છે કે, 'હું ન્યૂયોર્કથી મુંબઈ પાછી એમિરેટ્સથી આવી રહી હતી. જેમ જ અમે દુબઈમાં ઉતરવાના હતા, યુએઈમાં તાજા મિસાઈલ હુમલાઓને કારણે એરસ્પેસ બંધ કરી દેવામાં આવ્યું. હવે અમને મસ્કટ ડાયવર્ટ કરી દેવામાં આવ્યા છે. અમે આગળની માહિતીની રાહ જોઈ રહ્યા છીએ. આ યુદ્ધ આખરે ક્યારે સમાપ્ત થશે.'

અમીષા પટેલની પોસ્ટ

ઉપરાંત, અમીષા પટેલે એક પોસ્ટ પણ શેર કરી છે. તેમાં તેણે દુબઈ એરપોર્ટની તસવીર સાથે લખ્યું છે, 'દુબઈ એરપોર્ટ પર ઘણા કલાકો વીતી ગયા છે અને રાહ હજુ પણ ચાલુ છે. હું મુંબઈમાં ઘરે પાછા આવવાની રાહ જોઈ શકતી નથી.' આ પહેલીવાર નથી. આ પહેલા ઈઝરાયલ-ઈરાન યુદ્ધની સ્થિતિ વચ્ચે ઈશા ગુપ્તા, દિયા મિર્ઝા, સોનલ ચૌહાણ, લારા દત્તા સહિત અનેક એક્ટ્રેસો દુબઈમાં ફસાઈ ગઈ હતી. ઉપરાંત, અમીષા પટેલે એક પોસ્ટ પણ શેર કરી છે. તેમાં તેણે દુબઈ એરપોર્ટની તસવીર સાથે લખ્યું છે, 'દુબઈ એરપોર્ટ પર ઘણા કલાકો વીતી ગયા છે અને રાહ હજુ પણ ચાલુ છે. હું મુંબઈમાં ઘરે પાછા આવવાની રાહ જોઈ શકતી નથી.' આ પહેલીવાર નથી. આ પહેલા ઈઝરાયલ-ઈરાન યુદ્ધની સ્થિતિ વચ્ચે ઈશા ગુપ્તા, દિયા મિર્ઝા, સોનલ ચૌહાણ, લારા દત્તા સહિત અનેક એક્ટ્રેસો દુબઈમાં ફસાઈ ગઈ હતી.

# 'કિંગ'માં ગ્લોબલ સ્ટાર એડ શીરનનું ગીત હોવાની ચર્ચા

## શાહરુખ-દીપિકાનો બીચ પર રોમાન્સ:કેપ ટાઉનમાં સૂર્યાસ્તના સોનેરી કિરણો વચ્ચે ડાન્સનો વીડિયો લીક

**મુંબઈ, તા.05**

શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણ હાલમાં તેમની આગામી ફિલ્મ 'કિંગ'ની શૂટિંગ માટે સાઉથ આફ્રિકામાં છે. તેવામાં કેપ ટાઉનના એક બીચ પરથી શાહરુખ અને દીપિકાનો એક ડાન્સ સીક્વન્સ શૂટ કરતો વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં બંને સૂર્યાસ્ત સમયે દરિયા કિનારે રોમેન્ટિક અંદાજમાં જોવા મળી રહ્યા છે.

દીપિકા પાદુકોણ બીજી પ્રેગ્નેન્સી વચ્ચે પણ પોતાના કામને પ્રાથમિકતા આપી રહી છે.

વીડિયોમાં શાહરુખ અને દીપિકા આછા રંગના બ્રીઝી આઉટફિટ્સ પહેરેલા છે. તેઓ એકબીજા તરફ આગળ વધતા તેમની કોરિયોગ્રાફી પૂરી કરી રહ્યા



છે. રિપોર્ટ અનુસાર, બંનેએ આ ડાન્સ સ્ટેપને પરફેક્ટ બનાવવા માટે બે-ત્રણ વાર ટેક લીધા.

શાહરુખ ખાનના ફેનપેજ દ્વારા આ ફોટો શેર કરવામાં આવ્યો છે.

જોકે, બીચનો તે ભાગ સામાન્ય લોકો માટે બંધ કરી દેવામાં આવ્યો હતો, તેમ છતાં ત્યાં શાહરુખને જોવા માટે ભીડ હાજર રહી. એડ શીરનના ગીત પર ડાન્સની ચર્ચા શાહરુખ અને દીપિકા ગયા અઠવાડિયે જ શૂટિંગ શરૂ કરવા માટે સાઉથ આફ્રિકા પહોંચ્યાં હતાં. તેમણે આ શેડ્યૂલની શરૂઆત એક ગીતના શૂટિંગ સાથે કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ ગીત ઈન્ટરનેશનલ સિંગર એડ શીરનનું હોઈ શકે છે. એડ શીરને થોડા સમય પહેલાં અરિજીત સિંહ સાથે 'સફાયર' ગીત ગાયું હતું.

ક્લાઈમેક્સનો ભાગ પણ કેપ ટાઉનમાં શૂટ કરાશે

શાહરુખને ત્યાં એકલો શૂટિંગ કરતો પણ સ્પોટ થયો હતો. એક સીનમાં તે કાર ચલાવતો જોવા મળી રહ્યો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે, ફિલ્મનો એક મોટો ક્લાઈમેક્સ ભાગ પણ કેપ ટાઉનમાં જ શૂટ કરવાનો છે.

સાઉથ આફ્રિકાના કેપ ટાઉનમાં જ ફિલ્મના ક્લાઈમેક્સનો મોટો ભાગ શૂટ થશે.

બોક્સ ઓફિસ પર હોલિવૂડ સાથે મુકાબલો ફિલ્મ 'કિંગ' 24 ડિસેમ્બર, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ 2026ની સૌથી મોટી ફિલ્મોમાંની એક માનવામાં આવી રહી છે. તેની રિલીઝના બરાબર એક અઠવાડિયા પહેલા હોલિવૂડની મોટી ફિલ્મો 'એવેન્જર્સ: ડૂમ્સડે' (Avengers: Doomsday) અને 'ડ્યુન: પાર્ટ થ્રી' (Dune: Part Three) રિલીઝ થઈ રહી છે. સાથે જ 'જુમાંજી 3' પણ આ જ સમયગાળા દરમિયાન આવવાની છે. આવા સંજોગોમાં બોક્સ ઓફિસ પર એક ખૂબ મોટો મુકાબલો જોવા મળી શકે છે.

# લોન સેટલમેન્ટના ખોટા વચનો પર RBIની ચેતવણી : ગેરમાર્ગે દોરતી જાહેરાતોથી બચો; જો તમે છેતરાઈને ફી ચૂકવશો તો મોટું નુકસાન થશે

**નવી દિલ્હી, તા.05**

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ સોમવારે ફરી એકવાર સામાન્ય જનતાને લોન માફીના નામે ચલાવવામાં આવી રહેલા ભ્રામક અભિયાનોથી બચવાની સલાહ આપી છે. કેન્દ્રીય બેંકે સ્પષ્ટ કર્યું છે કે કેટલાક વ્યક્તિઓ અને સંસ્થાઓ લોકોને ગેરમાર્ગે દોરીને લોન માફ કરાવવાના ખોટા વચનો આપી રહ્યા છે. RBIએ ડિસેમ્બર 2023માં પણ આવી જ ચેતવણી જારી કરી હતી. તાજેતરમાં આવા ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે. RBIનું કહેવું છે કે આ અભિયાનો માત્ર લોકોને આર્થિક નુકસાન જ નથી પહોંચાડી રહ્યા, પરંતુ દેશની ક્રેડિટ સિસ્ટમ એટલે કે બેંકિંગ વ્યવસ્થાના કામકાજમાં પણ અવરોધ ઉભો કરી રહ્યા છે. કેન્દ્રીય બેંકે જનતાને અપીલ કરી છે કે તેઓ આવા લોકો કે સંસ્થાઓના ભ્રમમાં ન આવે અને તેમના દેવા સંબંધિત કોઈપણ માહિતી માટે સીધા તેમની બેંક અથવા NBFC નો સંપર્ક કરે.




**સોશિયલ મીડિયા અને ડાયરેક્ટ મેસેજ દ્વારા થઈ રહી છે છેતરપિંડી**

રિઝર્વ બેંકે ગંભીર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું છે કે તેણે અલગ-અલગ મીડિયા પ્લેટફોર્મ્સ અને સીધા સંપર્ક દ્વારા આવા અભિયાનો ચાલતા જોયા છે. કેટલાક વ્યક્તિઓ અને સંસ્થાઓ લોકોને વિશ્વાસ અપાવી રહ્યા છે કે તેઓ તેમની બેંક અથવા NBFCનું દેવું માફ કરાવી શકે છે. જણાવી દઈએ કે RBIએ આ પહેલા ડિસેમ્બર 2023માં પણ આવી જ ચેતવણી જાહેર કરી હતી, જેને હવે ફરીથી દોહરાવવામાં આવી છે.

**'ડેટ વેવર સર્ટિફિકેટ'ના નામે વસૂલવામાં આવી રહી છે ફી**

RBI અનુસાર, આ છેતરપિંડી કરનારા લોકો ગેરમાર્ગે દોરવા માટે અનેક પ્રકારના હથકંડા અપનાવી રહ્યા છે:

ખોટા વચનો: બેંકો અને નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ (NBFCs) ના બાકી દેવાને માફ કરવાની લાલચ આપવી.

નકલી દસ્તાવેજો: લોકોને 'ડેટ વેવર સર્ટિફિકેટ' (દેવા માફી પ્રમાણપત્ર) અથવા તેના જેવા અન્ય કાગળો જારી કરવા.

સર્વિસ ચાર્જના નામે વસૂલાત: આ સેવાઓના બદલામાં સામાન્ય જનતા પાસેથી સર્વિસ ચાર્જ અથવા લીગલ ફીના નામે પૈસા વસૂલવા.

**દેશના બેંકિંગ સિસ્ટમ માટે આવા અભિયાનો ખતરો છે**

કેન્દ્રીય બેંકનું કહેવું છે કે આ અભિયાનો માત્ર જનતાને છેતરી રહ્યા નથી, પરંતુ દેશની ક્રેડિટ સિસ્ટમના કાર્યમાં પણ અવરોધ ઊભો કરી રહ્યા છે. RBIએ સ્પષ્ટ કર્યું કે આવી પ્રવૃત્તિઓ નાણાકીય સંસ્થાઓની સ્થિરતાને નબળી પાડે છે અને થાપણદારોના હિતો પર ખરાબ અસર કરે છે. આવા જૂથો સાથે જોડાવાનો અર્થ સીધું આર્થિક નુકસાન ભોગવવું છે.

**RBIએ કહ્યું- આવા લોકો સામે કડક કાયદેસરની કાર્યવાહી થશે**

રિઝર્વ બેંકે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે કર્જ માફીની ઓફર કરતી સંસ્થાઓ કે વ્યક્તિઓના દાવા સંપૂર્ણપણે નકલી અને ભ્રામક છે. આવા લોકો હાલના કાયદાઓ હેઠળ કડક કાયદેસરની કાર્યવાહીને પાત્ર છે. RBI એ જનતાને વિનંતી કરી છે કે તેઓ આવા કોઈપણ ભ્રામક અભિયાનની જાણકારી તરત જ કાયદા અમલીકરણ એજન્સીઓને આપે.

**લોનની જાણકારી માટે સીધા બેંકમાં જાઓ**

RBIએ ગ્રાહકોને સલાહ આપી છે કે તેઓ પોતાના કર્જ સંબંધિત કોઈપણ જાણકારી કે સમસ્યા માટે થર્ડ પાર્ટી પાસે જવાને બદલે સીધા પોતાની બેંક કે લોન આપતી સંસ્થાનો સંપર્ક કરે. ફક્ત અધિકૃત સંસ્થાઓ જ કર્જના પુનર્ગઠન કે રાહત સંબંધિત જાણકારી આપવા માટે અધિકૃત છે.

# સોનું આજે ₹543 સસ્તું થયું, ₹1.47 લાખ પર આવ્યું : ચાંદી ₹618 ઘટીને ₹2.39 લાખ પર આવી; આ વર્ષે તે 9 હજાર રૂપિયા મોંઘી થઈ

**નવી દિલ્હી, તા.05**

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 5 મે (મંગળવાર)ના રોજ ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 543 રૂપિયા ઘટીને 1.47 લાખ રૂપિયા પર આવી ગયું છે. આ પહેલા તેની કિંમત 1.48 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. જ્યારે એક કિલો ચાંદી 618 રૂપિયા ઘટીને 2.39 લાખ રૂપિયા પર આવી ગઈ છે.

સોમવારે તેની કિંમત 2.40 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 5 મે (મંગળવાર)ના રોજ ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 543 રૂપિયા ઘટીને 1.47 લાખ રૂપિયા પર આવી ગયું છે. આ પહેલા તેની કિંમત 1.48 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. જ્યારે એક કિલો ચાંદી 618 રૂપિયા ઘટીને 2.39 લાખ રૂપિયા પર આવી ગઈ છે. સોમવારે તેની કિંમત 2.40 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી.



**આ વર્ષે સોનું 14 હજાર અને ચાંદી 9 હજાર રૂપિયા મોંઘી**

2026માં સોનું અત્યાર સુધીમાં 14 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.47 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

આ વર્ષે ચાંદી 9 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે વધીને 2.39 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.

**જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો**

1. પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

# એપ્રિલમાં રસોઈ ગેસની માગ 16% ઘટી : જેટ ફ્યુઅલની માગ પણ ઘટી, અમેરિકા-ઇઝરાયલ અને ઈરાન યુદ્ધની અસર

**નવી દિલ્હી, તા.05**

ભારતમાં કુકિંગ ગેસ (LPG) ની માગમાં એપ્રિલમાં ઘટાડો થયો છે. અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ અને તણાવને કારણે સપ્લાય ખોરવાઈ છે, જેની સીધી અસર ભારતીય રસોડા અને કોમર્શિયલ સેક્ટર પર પડી છે. સરકારી આંકડાઓ અનુસાર, એપ્રિલમાં LPG નો વપરાશ 16.16% ઘટીને 2.2 મિલિયન ટન રહ્યો છે, જ્યારે ગયા વર્ષે આ જ મહિનામાં તે 2.62 મિલિયન ટન હતો. પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC) ના ડેટા અનુસાર, માર્ચ મહિના (2.379 મિલિયન ટન)ની સરખામણીમાં પણ એપ્રિલમાં ગેસના વેચાણમાં ઘટાડો થયો છે. સપ્લાય ઓછી થવાને કારણે સરકારે હોટલો અને ઈન્ડસ્ટ્રીઝને આપવામાં આવતી કોમર્શિયલ સપ્લાયમાં કાપ મૂકવો પડ્યો છે જેથી ઘરોમાં રસોઈ ગેસની અછત ન થાય.ભારતમાં કુકિંગ ગેસ (LPG)ની માગમાં એપ્રિલમાં ઘટાડો થયો છે. અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ અને તણાવને કારણે સપ્લાય



ખોરવાઈ છે, જેની સીધી અસર ભારતીય રસોડા અને કોમર્શિયલ સેક્ટર પર પડી છે. સરકારી આંકડાઓ અનુસાર, એપ્રિલમાં LPG નો વપરાશ 16.16% ઘટીને 2.2 મિલિયન ટન રહ્યો છે, જ્યારે ગયા વર્ષે આ જ મહિનામાં તે 2.62 મિલિયન ટન હતો. પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC) ના ડેટા અનુસાર, માર્ચ મહિના (2.379 મિલિયન ટન)ની સરખામણીમાં પણ એપ્રિલમાં ગેસના વેચાણમાં ઘટાડો થયો છે. સપ્લાય ઓછી થવાને કારણે સરકારે હોટલો અને ઈન્ડસ્ટ્રીઝને આપવામાં આવતી કોમર્શિયલ સપ્લાયમાં કાપ મૂકવો પડ્યો છે જેથી ઘરોમાં રસોઈ ગેસની અછત ન થાય.

**હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી સપ્લાય અટકી**

ભારત તેની જરૂરિયાતનો લગભગ 60% LPG આયાત કરે છે. તેનો મોટો હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટના માર્ગે ભારત આવે છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધતા તણાવ અને અમેરિકી હુમલાઓ બાદ આ દરિયાઈ માર્ગ લગભગ બંધ થઈ ગયો છે.

**ઘરમાં બે રિફિલ વચ્ચેનો સમય વધારવામાં આવ્યો**

આ પહેલા સરકારે ઘરેલુ સિલિન્ડરની બુકિંગ માટે 25 દિવસનો લોક-ઈન પિરિયડ કર્યો હતો (એટલે કે એક સિલિન્ડર મળ્યાના 21 દિવસ પછી જ બીજો બુક થશે). જ્યારે ગ્રામીણ વિસ્તારો માટે સિલિન્ડર બુકિંગનો ગેપ વધારીને 45 દિવસ કરવામાં આવ્યો.

**1 મેના રોજ કોમર્શિયલ સિલિન્ડર 994 રૂપિયા સુધી મોંઘો થયો**

આ પહેલા 1 મેના રોજ કોમર્શિયલ સિલિન્ડર 994 રૂપિયા સુધી મોંઘો થઈ ગયો હતો. દિલ્હીમાં તે 3071.50 રૂપિયામાં મળી રહ્યો છે. 5 કિલોવાળા ફ્રી ટ્રેડ એલપીજી (FTL) સિલિન્ડરની કિંમતોમાં 261 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. આ વધારા પછી હવે 'છોટુ' સિલિન્ડરની રિફિલ કિંમત 813.50 રૂપિયા થઈ ગઈ છે.

**હવાઈ ઈંધણ (ATF)ની માગમાં પણ ઘટાડો**

ખાડી દેશોમાં યુદ્ધ જેવી પરિસ્થિ તિને કારણે ઘણા દેશોએ તેમનો એરસ્પેસ (હવાઈ ક્ષેત્ર) બંધ કરી દીધો હતો. આને કારણે ઘણી આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ રદ થઈ અથવા તે મના રૂટ બદલવામાં આવ્યા. આની સીધી અસર એર ટર્બાઇન ફ્યુઅલ (ATF) એટલે કે જેટ ફ્યુઅલના વપરાશ પર પડી. એ પ્રિ લમાં જેટ ફ્યુઅલની માગ 1.37% ઘટીને 761,000 ટન રહી ગઈ, જે માર્ચમાં 807,000 ટન હતી.

**ડીઝલ-પેટ્રોલની માગ પણ વધી**

એ પ્રિલમાં ડીઝલના વેચાણમાં નજીવો 0.25% નો જ વધારો થયો અને તે 8.282 મિલિયન ટન રહ્યું. માર્ચમાં ડીઝલની માંગ 8.1% ના દરે વધી હતી. જ્યારે, પેટ્રોલના વેચાણમાં એપ્રિલમાં 6.36% નો વધારો જોવા મળ્યો, જે માર્ચના 7.6% ના વધારા કરતાં ઓછો છે.


# બાયોકોનનો કાર્યભાર હવે આગામી પેઢી સંભાળશે : સ્થાપક કિરણ મઝુમદાર એ ભાણી ક્લેરને ઉત્તરાધિકારી તરીકે પસંદ કરી

**નવી દિલ્હી, તા.05**

બાયોફાર્માસ્યુટિકલ કંપની બાયોકોનનાં સ્થાપક અને ચેરપર્સન કિરણ મઝુમદાર શૉએ કંપની માટે ઉત્તરાધિકાર યોજના એટલે કે સક્સેશન પ્લાન જાહેર કર્યો છે. તેમણે પોતાની ભાણી ક્લેર મઝુમદારને ઉત્તરાધિકારી તરીકે પસંદ કર્યા છે. ફોર્ચ્યુન ઈન્ડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું કે 37 વર્ષીય ક્લેર કંપનીના વિકાસના આગામી તબક્કાનું નેતૃત્વ કરવા માટે સૌથી યોગ્ય વ્યક્તિ છે. કિરણ મઝુમદાર શૉએ ચાર દાયકા પહેલા બાયોકોનનો પાયો નાખ્યો હતો. તેમની પોતાની કોઈ સંતાન નથી, તેથી તેઓ કંપનીને સુરક્ષિત હાથોમાં સોંપવા માંગતા હતા. તેમણે જણાવ્યું કે ક્લેરે પોતાને સાબિત કર્યા છે કે તેઓ એક કંપની ચલાવી શકે છે.

**બિકારા થેરાપ્યુટિક્સના સ્થાપક અને CEO પણ છે ક્લેર**

ક્લેર મઝુમદાર હાલમાં 'બિકારા થેરાપ્યુટિક્સ'ના સ્થાપક અને CEO છે. આ કંપની બાયોકોન દ્વારા જ ઈન્ક્યુબેટ કરવામાં આવી હતી અને 2024માં નાસ્ડેક પર લિસ્ટ થઈ છે. બિકારાનું માર્કેટ કેપિટલાઈઝેશન 1.6 બિલિયન ડોલરથી વધુ છે. ક્લેર પાસે MIT અને સ્ટેનફોર્ડ જેવી યુનિવર્સિટીની ડિગ્રી છે અને તેમણે કેન્સર બાયોલોજીમાં પીએચડી કરી છે.



**ફેમિલી ઈકોસિસ્ટમનો સપોર્ટ, AI અને ઓન્કોલોજી એક્સપર્ટ્સની ટીમ**

ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે કિરણ મઝુમદારે એક મજબૂત ફેમિલી ઈકોસિસ્ટમ તૈયાર કરી છે. ક્લેરના ભાઈ એરિક મઝુમદાર કેલટેકમાં પ્રોફેસર અને AI એક્સપર્ટ છે. જ્યારે તેમના પતિ થોમસ રોબર્ટ્સ મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલમાં ઓન્કોલોજિસ્ટ છે. આ ટીમ બાયોકોનના ભવિષ્યના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

**માળખામાં મોટા ફેરફારો, જનરિક્સ અને બાયોલોજિક્સ બિઝનેસનું મર્જર**

બાયોકોન તેના ઓર્ગેનાઈઝેશન સ્ટ્રક્ચરમાં પણ મોટા ફેરફારો કરી રહી છે. કંપનીએ તેના જનરિક્સ અને બાયોલોજિક્સ વ્યવસાયોનું મર્જર કર્યું છે. આ ઉપરાંત, દેવું ઘટાડવા અને માળખાને સરળ બનાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. હાલમાં, કંપનીની 60% આવક 'બાયોસિમિલર્સ'માંથી આવે છે. બજારમાં તેના 12 ઉત્પાદનો પહેલેથી જ ઉપલબ્ધ છે અને લગભગ 20 પાઈપલાઈનમાં છે.

**ગ્રુપ કંપનીઓમાં નવી લીડરશીપ, જુલાઈથી નવા CEO કમાન સંભાળશે**

માત્ર મુખ્ય કંપનીમાં જ નહીં, પરંતુ ગ્રુપની અન્ય કંપનીઓમાં પણ નેતૃત્વમાં ફેરફાર થઈ રહ્યો છે. શ્રીહાસ તાંબેએ બાયોકોન બાયોલોજિક્સના CEO અને મેનેજિંગ ડિરેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળી લીધો છે.

# નિસાન ગ્રેવાઈટ માટે રેટ્રોફિટ CNG કિટ લોન્ચ : 7 સીટ્સ સાથે 25-25 લિટરના 2 સિલિન્ડર આપતી દેશની પહેલી કાર; કિંમત ₹82,999

**મુંબઈ, તા.05**

નિસાન ઈન્ડિયાએ 4 મેના રોજ તેની કોમ્પેક્ટ MPV 'ગ્રેવાઈટ' માટે રેટ્રોફિટ CNG કિટ લોન્ચ કરી છે. તેની શરૂઆતની કિંમત 82,999 રૂપિયા છે. ગ્રાહકો કોઈપણ ઓફિશિયલ નિસાન ડીલરશીપ પર જઈને પોતાની કારમાં તેને ઈન્સ્ટોલ કરાવી શકે છે. કંપનીનો દાવો છે કે, આ કિટ ICAT (ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઓટોમોટિવ ટેકનોલોજી) દ્વારા માન્ય છે. તેને મોટોજેન દ્વારા વિકસાવવામાં આવી છે. કંપની આ કિટના પાર્ટ્સ પર 3 વર્ષ અથવા 1 લાખ કિલોમીટરની થર્ડ-પાર્ટી વોરંટી પણ આપી રહી છે. 'નિસાન ગ્રેવાઈટ'ની એક્સ-શોરૂમ કિંમત 5.65 લાખથી 8.93 લાખ રૂપિયાની વચ્ચે છે.

**25-25 લિટરના બે સિલિન્ડર, બૂટ સ્પેસ નહીં મળે**

ગ્રેવાઈટ CNG કિટની સૌથી મોટી ખાસિયત તેનું 'ટ્વીન ટેન્ક' સેટઅપ છે. તેમાં 25-25 લિટરના બે CNG ટેન્ક આપવામાં આવ્યા છે, જેને એક ઉપર એક (વર્ટિકલી) રાખવામાં આવ્યા છે.




જોકે, બંને ટેન્કના કારણે કારનો બૂટ સ્પેસ (સામાન રાખવાની જગ્યા) સંપૂર્ણપણે ખતમ થઈ ગયો છે, પરંતુ તેની 7-સીટર ક્ષમતા યથાવત રહેશે. આ દેશની એકમાત્ર એવી કાર છે, જે 7 સીટો સાથે ટ્વીન CNG ટેન્ક ઓફર કરી રહી છે.

**'રેનો ટ્રાઈબર CNG'થી કેટલી અલગ?**

નોંધનીય છે કે 'નિસાન ગ્રેવાઈટ'ની આ CNG કિટ રેનોની આવનારી 'ટ્રાઈબર CNG'થી અલગ છે. 'ટ્રાઈબર'ના નવા મોડલમાં કંપનીએ પ્લેટફોર્મમાં ફેરફાર કરીને સિલિન્ડરને ગાડીના નીચેના ભાગમાં (અંડરબોડી) ફિટ કર્યો છે, જ્યારે ગ્રેવાઈટમાં જૂના આર્કિટેક્ચરનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં સિલિન્ડર ડેકી એટલે કે બૂટ સ્પેસમાં રાખવામાં આવે છે.

**પર્ફોર્મન્સ: 1.0 લિટર એન્જિન, મેન્યુઅલ ટ્રાન્સમિશન સાથે CNG ઓપ્શન**

'નિસાન ગ્રેવાઈટ'માં 1.0-લિટરનું 3-સિલિન્ડર પેટ્રોલ એન્જિન મળે છે, જે 72hpની પાવર અને 96Nmનો ટોર્ક જનરેટ કરે છે. હાલમાં આ CNG કિટ ફક્ત 5-સ્પીડ મેન્યુઅલ ટ્રાન્સમિશનવાળા વેરિઅન્ટ્સ માટે જ ઉપલબ્ધ છે. તેમાં પેટ્રોલ ભરવાની જગ્યાની નીચે જ CNG નોઝલ (ફ્યુઅલ-ફિલિંગ પોઈન્ટ) આપવામાં આવ્યું છે. હાલમાં આ સુવિધા 16 રાજ્યોના 60 શહેરોમાં શરૂ કરવામાં આવી છે.

**એક્સટીરિયર: 'ટ્રાઈબર' જેવો લુક, પરંતુ મોર્ડન ટચ**

'ગ્રેવાઈટ'ની બાહ્ય ડિઝાઈન મોટાભાગે 'ટ્રાઈબર' જેવી જ છે, પરંતુ નિસાને તેમાં ઘણા 'કોસ્મેટિક' ફેરફારો કર્યા છે. કારના આગળના ભાગમાં નવી હનીકોમ્બ પેટર્નવાળી ગ્રિલ અને હેડલાઈટ્સમાં નવી સિગ્નેચરવાળી DRLs આપવામાં આવી છે. તેના બમ્પરને ફરીથી ડિઝાઈન કરવામાં આવ્યું છે. તેમાં C-આકારના સિલ્વર ફિનિશવાળા ભાગો મળે છે. કારને અલગ ઓળખ આપવા માટે તેના બોનેટ અને પાછળના દરવાજા (ટેલગેટ) પર મોટા અક્ષરોમાં 'GRAVITE' લખેલું છે. ગ્રાહકો તેને પાંચ કલર- ફોરેસ્ટ ગ્રીન, ઓનિક્સ બ્લેક, બ્લેડ સિલ્વર, સ્નો વ્હાઈટ અને મેટાલિક ગ્રેમાં ખરીદી શકે છે.

# ટાટા 'કર્વ EV'ની નવી X સિરીઝ લોન્ચ : ભારતની પહેલી કૂપે SUV ફુલ ચાર્જ પર 502km દોડશે, કિંમત ₹16.99 લાખથી શરૂ



**નવી દિલ્હી, તા.05**

ટાટા મોટર્સના ઈલેક્ટ્રિક વ્હીકલ યુનિટ ટાટા. ઈવીએ દેશની પહેલી કૂપે SUV 'કર્વ EV'ની નવી સિરીઝ X લોન્ચ કરી છે. તેની શરૂઆતની કિંમત 16.99 લાખ રૂપિયા (એક્સ-શોરૂમ, મુંબઈ) રાખવામાં આવી છે. કાર ફુલ ચાર્જ પર 502 કિલોમીટર ચાલે છે. કર્વ EV સિરીઝ Xમાં બે મુખ્ય વેરિઅન્ટ્સ- 'અકમ્પ્લિશ્ડ X 55' અને 'એમ્પાવાર્ડ X 55' મળશે. ટાટાએ તેમાં નવો 'નાઈટ્રો ક્રિમસન' કલર પણ ઉમેર્યો છે. આ ઉપરાંત, તે આઈકોનિક ડાર્ક એડિશનમાં પણ ઉપલબ્ધ હશે. કંપની આના પર લાઈફટાઈમ હાઈ વોલ્ટેજ બેટરી વોરંટી પણ આપી રહી છે.

**પર્ફોર્મન્સ: એકવાર ચાર્જ કરવા પર 502km ચાલશે**

ટાટા કર્વ ઈવી સિરીઝ X ને 55kWh બેટરી પેક સાથે લોન્ચ કરવામાં આવી છે. કંપનીનો દાવો છે કે તે એકવાર ફુલ ચાર્જ થવા પર ARAI સર્ટિફાઈડ 502km ની રેન્જ આપશે. જ્યારે રિયલ વર્લ્ડ ડ્રાઈવિંગ કન્ડિશન્સ (C75) માં તેની રેન્જ લગભગ 400km રહેશે.

**અકમ્પ્લિશ્ડ X 55: પેનોરેમિક સનરૂફ અને 360-ડિગ્રી કેમેરા**

આ વેરિઅન્ટ એવા ગ્રાહકો માટે છે, જેઓ આધુનિક ટેકનોલોજી અને આરામ ઈચ્છે છે. તેમાં ખોલી શકાય તેવું પેનોરેમિક સનરૂફ, 26.03 સેમીનું ડિજિટલ ઈન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર અને ટચસ્ક્રીન ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ આપવામાં આવી છે. સુરક્ષા માટે, તેમાં બ્લાઈન્ડ-સ્પોટ મોનિટર સાથે 360-ડિગ્રી સરાઉન્ડ વ્યૂ કેમેરા સિસ્ટમ મળે છે. તેમાં ભારતની પ્રથમ R-Comfort® સીટો આપવામાં આવી છે, જે પેસિવ વેન્ટિલેશન અને પ્રીમિયમ લેધરેટ અપહોલ્સ્ટરી સાથે આવે છે.

# 11મીએ PM મોદી બનશે ગુજરાતના મહેમાન : સોમનાથ સ્વાભિમાન પર્વમાં હાજરી આપશે, વડોદરામાં 150 કરોડના ખર્ચે બનેલા સરદાર ધામ-3નું લોકાર્પણ કરશે

**વડોદરા, તા.05**

આગામી 11 મેના રોજ PM મોદી ગુજરાત આવશે. ગુજરાત પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રી સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણીમાં સામેલ થશે. ત્યારબાદ વડોદરામાં રૂપિયા 150 કરોડના ખર્ચે તૈયાર કરાયેલા સરદાર ધામ-3નું લોકાર્પણ કરાશે. બંગાળમાં ભાજપની ભવ્ય જીત બાદ પ્રધાનમંત્રી પ્રથમવાર ગુજરાત આવી રહ્યા છે ત્યારે ભાજપ દ્વારા સ્વાગતની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તો બીજી તરફ ગુજરાત પ્રવાસ દરમિયાન વડોદરામાં રોડ શો યોજે તેવી શક્યતાઓ હોય તંત્ર દ્વારા તેની પણ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવશે.



11 મેએ સોમનાથ અને વડોદરાના કાર્યક્રમમાં હાજરી આપશે

ગુજરાતની પ્રવાસ દરમિયાન પીએમ સૌ પ્રથમ 10 તારીખે રાત્રિના જામનગર એરપોર્ટ પર પધારશે અને રાત્રિ રોકાણ પણ જામનગરમાં કરશે. 11 મેના રોજ સવારે જામનગરથી સોમનાથ રવાના જશે. સોમનાથમાં આયોજીત સ્વાભિમાન પર્વની ઉજવણીના કાર્યક્રમમાં સામેલ થશે. સોમનાથનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ તેઓ સીધા જ વડોદરા જશે. જ્યાં 150 કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા સરદાર ધામ-3નું લોકાર્પણ કરશે.

વડોદરામાં રોડ શો યોજે તેવી શક્યતા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળની ભવ્ય જીત અને તે ઉપરાંત તાજેતરમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપની ભવ્ય જીત બાદ સૌપ્રથમ વખત ગુજરાત આવી રહ્યા છે. પશ્ચિમ બંગાળની જીત બાદ કદાચ તેઓનો આ સૌપ્રથમ જાહેર કાર્યક્રમ છે જેથી આ કાર્યક્રમમાં 30 થી 40 હજાર જનમેદની આવવાની સંભાવનાઓ છે. ત્યારે વડાપ્રધાન લોકોનું અભિવાદન ઝીલવા માટે એરપોર્ટથી સરદારધામ સુધી રોડ શો યોજે તેવી પણ શક્યતાઓ નકારી શકાય તેમ નથી.

પાટીદાર સમાજની સંસ્થાઓ દ્વારા પીએમનું સન્માન કરાશે

વડોદરામાં સરદાર ધામ-3ના લોકાર્પણ માટે આવી રહેલા વડાપ્રધાનનું પાટીદાર સમાજ વતી વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા સન્માન કરાશે. પીએમ મોદીને સરદાર ગૌરવ પુરસ્કાર એવોર્ડ એનાયત કરવામાં આવશે.

PMના પ્રવાસને લઈ ગાંધીનગરમાં બેઠકોનો ધમધમાટ

આવતી 11 મેના રોજ વડાપ્રધાનના ગુજરાત પ્રવાસને ધ્યાનમાં રાખીને રાજ્ય તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. સોમનાથ અને વડોદરા ખાતે યોજાનાર કાર્યક્રમોને સફળ બનાવવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના કાર્યાલય ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં મુખ્યમંત્રીના અગ્ર સચિવ સહિત વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. ગીર સોમનાથ જિલ્લાના કલેક્ટર અને પોલીસ અધિક્ષક (એસપી) પણ બેઠકમાં જોડાયા હતા અને સુરક્ષા વ્યવસ્થા, ટ્રાફિક મેનેજમેન્ટ તેમજ કાર્યક્રમના સુચારૂ આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વડાપ્રધાનના આ મહત્વપૂર્ણ પ્રવાસને ધ્યાનમાં રાખીને તમામ વિભાગોને સતર્ક રહેવા અને સુમેળ સાથે કામગીરી કરવા સૂચના આપવામાં આવી છે.

# બુટલેગર અને પોલીસ વચ્ચે ઉંદર-બિલાડીની રમત! : ગાંધીનગરના રણાસણ પાસે બિનવારસી કારમાંથી વિદેશી દારૂની 2600 બોટલો જપ્ત, બુટલેગર ફરાર

**ગાંધીનગર, તા.05**

રાજ્યમાં દારૂબંધીના કડક અમલ માટે જાણીતી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે પૂર્વ બાતમીના આધારે બનાવટી નંબર પ્લેટના સહારે પોલીસની આંખમાં ધૂળ નાખીને નીકળેલા બુટલેગરનો ફિલ્મી ઢબે પીછો કરીને રણાસણ પાસેથી કારમાંથી 2668 નંગ વિદેશી દારૂના જથ્થા સાથે કુલ રૂ.14.61 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગર વિરુધ ડભોડા પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

કાર વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને નીકળીને પકડાઈ

ગાંધીનગરના હાઈવે માર્ગો પર બુટલેગરો અને પોલીસ વચ્ચે જાણે ઉંદર-બિલાડીની રમત ચાલી રહી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને બાતમી મળી હતી કે, એક શંકાસ્પદ કાર વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને મોટા ચિલોડાથી નાના ચિલોડા તરફ જઈ રહી છે.

બુટલેગરે કાર ઊભી રાખવાને બદલે ભગાવી

આ બાતમીના આધારે પોલીસે ચિલોડા પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમી મુજબની કાર નજરે પડતા પોલીસે તેને ઊભી રાખવા સૂચના આપી હતી. જોકે કાયદાનો જરાય ખોફ ન હોય તેમ બુટલેગરે કાર ઊભી રાખવાને બદલે એક્સિલરેટર પર પગ દબાવી રણાસણ તરફ કાર હંકારી મૂકી હતી.

પોલીસની ટીમે કારનો ફિલ્મી ઢબે પીછો કર્યો

જેના પગલે પોલીસની ટીમે પણ તાત્કાલિક ખાનગી વાહનોમાં કારનો ફિલ્મી ઢબે પીછો શરૂ કર્યો હતો. ત્યારે રણાસણ ગામની સીમમાં નર્મદા કેનાલ પાસે પહોંચતા બુટલેગરે પોલીસથી બચવા એકાંતવાળા ખરાબામાં કાર હંકારી મૂકી હતી. બાદમાં અંધારાનો અને કેનાલ પાસેની ઝાડી ઝાંખરાનો લાભ લઈને કાર બિનવારસી હાલતમાં મુકી બુટલેગર નાસી છૂટ્યો હતો.

કારમાંથી વિદેશી દારૂની 2600 બોટલો જપ્ત, બુટલેગર ફરાર

બાદમાં પોલીસે કારની તલાશી લેતા અંદરથી અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારૂનો 2668 નંગ જથ્થો મળી આવ્યો હતો. અને કાર પર લાગેલી નંબર પ્લેટ બોગસ હોવાનું પ્રાથમિક તપાસમાં ખૂલ્યું હતું. આ ઉપરાંત કારના ડેશબોર્ડની તપાસ કરતા તેમાંથી રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાનું એક વ્હીલ એલાઈમેન્ટનું બિલ મળી આવ્યું હતું. આ મામલે પોલીસે 14.61 લાખનો મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# SMVS હોસ્પિટલે ગાંધીનગરમાં વોકાથોન યોજી : 'જર્મ્સ'ને કેદ કરીને સ્વચ્છતાનો સંદેશ આપ્યો, મોટી સંખ્યામાં લોકો જોડાયા

**ગાંધીનગર, તા.05**

ગાંધીનગરમાં 5 મેના ‘વિશ્વ હેન્ડ હાઈજીન ડે’ નિમિત્તે SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ દ્વારા જનજાગૃતિ માટે વિશેષ ‘વોકાથોન’નું આયોજન કરાયું હતું. સ્વસ્થ સમાજની રચનામાં વ્યક્તિગત સ્વચ્છતાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ વર્ષની વૈશ્વિક થીમ ‘Action Saves Lives‘ હેઠળ યોજાયેલી આ રેલીમાં હોસ્પિટલના નિષ્ણાત ડોક્ટરો, મેડિકલ સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં નગરજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વોકાથોનનું મુખ્ય આકર્ષણ ‘Germs’ (જીવાણુઓ)ના વેશમાં રજૂ કરાયેલા કેટલાક વ્યક્તિઓ હતા, જેમના હાથ પ્રતીકાત્મક રીતે બાંધીને રેલીમાં ફેરવવામાં આવ્યા હતા. આ સર્જનાત્મક પ્રયાસ દ્વારા નિયમિત અને યોગ્ય રીતે હાથ ધોવાની આદત અપનાવવાથી રોગ ફેલાવતા જીવાણુઓને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય છે તેવો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો.

ગાંધીનગરના આશરે 3 કિલોમીટર લાંબા રૂટ પર યોજાયેલી આ રેલી દરમિયાન ભાગ લેનાર સભ્યોએ વિવિધ બેનરો અને પ્લેકાર્ડ્સ દ્વારા ‘હેન્ડ હાઈજીન’ અંગે જાગૃતિ ફેલાવી હતી. “સ્વચ્છ હાથ, સુરક્ષિત કાલ”, “હાથ સાફ તો બીમારી માફ” અને “એક નાની આદત જીવન બચાવી શકે છે” જેવા સૂત્રોએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું.

હોસ્પિટલના મેનેજમેન્ટ અને ડોક્ટર્સના જણાવ્યા મુજબ, હોસ્પિટલ માત્ર સારવાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ બીમારીઓને અટકાવવા માટે સમાજમાં જાગૃતિ ફેલાવવા પ્રતિબદ્ધ છે. મેડિકલ અભ્યાસ દર્શાવે છે કે યોગ્ય હાથ સ્વચ્છતા જાળવવાથી ચેપી રોગોનું જોખમ 50 ટકા સુધી ઘટાડી શકાય છે. આ રેલી શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ હતી, જ્યાં મોટી સંખ્યામાં નગરજનોએ આ પ્રયાસને વખાણ્યો અને સ્વસ્થ જીવન માટે નિયમિત હાથ ધોવાનો સંકલ્પ લીધો.

# શાંતિગ્રામ બ્રિજ પાસે વિદેશી દારૂ ભરેલી ફોર્ચ્યુનર ઝડપાઈ : ગાંધીનગર LCBએ ફિલ્મી ઢબે પીછો કરતા ચાલક ગાડી મૂકી ફરાર, પોલીસે ચાલકને રોકવા માટે ગાડીનો કાચ તોડ્યો

**ગાંધીનગર, તા.05**

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે 4મેએ મોડી રાત્રે એક સાહસિક ઓપરેશન પાર પાડીને ખોરજ ગામની સીમમાં અદાણી શાંતિગ્રામ ઓવરબ્રિજ પાસેથી વિદેશી દારૂ ભરેલી ફોર્ચ્યુનર કાર ઝડપી પાડી છે. જો કે, પોલીસને ચકમો આપીને બુટલેગર અંધારાનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

ચોક્કસ બાતમીના આધારે પોલીસે નાકાબંધી કરી

LCB પીઆઈ એચ. પી. પરમારની ટીમ અડાલજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે મહેસાણાથી અમદાવાદ તરફ એક સફેદ ફોર્ચ્યુનર (નંબર- GJ 18 BG 8092)માં દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે જાસપુર વિશ્વ ઉમિયાધામ મંદિર પાસે નાકાબંધી કરી હતી.



ફિલ્મી ઢબે પીછો, પોલીસે ગાડીનો કાચ તોડ્યો

શંકાસ્પદ ફોર્ચ્યુનર આવતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચાલકે ગાડી ઊભી રાખવાને બદલે ભગાવી મૂકી હતી. ગાડીને રોકવા માટે પોલીસ કર્મચારીઓએ લાઠી વડે બળપ્રયોગ કરવો પડ્યો હતો, જેમાં કારના કાચ પણ તૂટી ગયા હતા. તેમ છતાં ચાલકે ગાડી દોડાવવાનું ચાલુ રાખતા પોલીસે ખાનગી અને સરકારી વાહનો દ્વારા તેનો ફિલ્મી ઢબે પીછો કર્યો હતો.

મુદ્દામાલ જપ્ત અને કાર્યવાહી

પોલીસ સતત પીછો કરી રહી હોવાનું જોઈને અદાણી શાંતિગ્રામ ઓવરબ્રિજ પાસે ચાલુ ગાડી મૂકીને ચાલક ઝાડીઓમાં ગાયબ થઈ ગયો હતો. પોલીસે કારની તપાસ કરતા તેમાંથી દારૂની 2592 બોટલ કે જેની અંદાજે કિંમત રુપિયા 4,66,560 થઈ રહી છે તે કબજે કરી હતી. તો ફોર્ચ્યુનર કાર સહિત રૂપિયા 14.66 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. હાલમાં અડાલજ પોલીસ મથકે આ અંગે ગુનો નોંધવામાં આવ્યો છે અને ફરાર કાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ધોરણ 10નું પરિણામ સવારે 8 વાગ્યે જાહેર : બોર્ડની વેબસાઇટ પર જોઈ શકશે અને વોટ્સએપમાં પણ માર્કશીટ મેળવી શકશો

**ગાંધીનગર, તા.05**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 10ની બોર્ડ પરીક્ષાનું પરિણામ આવતી કાલે સવારે 8 વાગ્યે જાહેર કરવામાં આવશે. સાથે જ સંસ્કૃત પ્રથમાનું પરિણામ પણ એ જ સમયે જાહેર થવાનું છે. ફેબ્રુઆરી-માર્ચ 2026 દરમિયાન યોજાયેલી આ પરીક્ષામાં રાજ્યભરના લાખો વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેઓ હવે તેમના પરિણામની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

વોટ્સએપથી પોતાની માર્કશીટ મેળવી શકાશે

વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gseb.org પર જોઈ શકશે. ઉપરાંત, આધુનિક સુવિધા હેઠળ વિદ્યાર્થીઓ વોટ્સએપ દ્વારા પણ પોતાની માર્કશીટ મેળવી શકશે. તે માટે 6357300971 નંબર પર પોતાના બેઠક ક્રમાંક મોકલવાથી પરિણામની નકલ પ્રાપ્ત થશે. બોર્ડ દ્વારા ઓનલાઈન અને ડિજિટલ બંને માધ્યમથી પરિણામ ઉપલબ્ધ કરાવવામાં આવતા વિદ્યાર્થીઓને સરળતાથી અને ઝડપી રીતે પરિણામ પ્રાપ્ત થશે. હવે આવતી કાલે સવારે 8 વાગ્યે પરિણામ જાહેર થતાની સાથે જ વિદ્યાર્થીઓમાં ખુશી અને ઉત્સાહનો માહોલ સર્જાવાની શક્યતા છે.

ધોરણ 10-12માં કૂલ 15.27 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચમાં ધો.10 અને 12ની પરીક્ષા લેવામાં આવી હતી. ધોરણ 10 અને 12માં કુલ 15.27 લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. જેમાં ધો.10ના 9.07 લાખ અને ધો.12 સાયન્સના 1.19 લાખ, ધો.12 સામાન્ય પ્રવાહના 5.01 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

# રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 2 ટકાનો વધારો

## 58 ટકાથી વધારી 60 ટકા કરાયું, 1 જાન્યુઆરી, 2026થી અસરથી ચૂકવણી કરાશે

**ગાંધીનગર, તા.05**

રાજ્ય સરકારના લાખો કર્મચારી અને પેન્શનરો માટે ખુશખબર આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા મોંઘવારી ભથ્થામાં 2 ટકાનો વધારો કરાયો છે. કર્મચારીઓને અત્યાર સુધી જે 58 ટકા મોંઘવારી ભથ્થુ મળતું હતું તેની જગ્યાએ હવે 60 ટકા કરાયું છે. મોંઘવારી ભથ્થામાં વધારો 1 જાન્યુઆરી, 2026થી લાગુ કરાયો છે. એટલે કે કર્મચારીઓને મે મહિનાના પગારમાં જાન્યુઆરીથી એપ્રિલ મહિનાના એરિયર્સની ચૂકવણી પણ કરાશે.

મોંઘવારી ભથ્થું 58% થી વધીને 60% કરાયું

ભારત સરકારના 22 એપ્રિલ, 2026ના ઓફિસ મેમોરેન્ડમને અનુસરીને રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે. અગાઉ મોંઘવારી ભથ્થાનો દર 58% હતો, જે હવે વધીને કુલ 60% થયો છે. આ વધારાનો લાભ રાજ્ય સરકાર અને પંચાયતના કર્મચારીઓ, પેન્શનરો, અખિલ ભારતીય સેવા (A.I.S.) ના અધિકારીઓ તેમજ ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓ અને સંસ્થાઓના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફને મળવાપાત્ર થશે.

મે- 2026ના પગાર સાથે વધારો આપવાનો રહેશે

ચૂકવણીની પ્રક્રિયા અંગે સ્પષ્ટતા કરતા ઠરાવમાં જણાવાયું છે કે, રાજ્ય સરકાર અને પંચાયતના કર્મચારીઓ, પેન્શનરોના પગાર/



પેન્શનમાં મોંઘવારી ભથ્થામાં વધારો મે- 2026ના પગાર સાથે કરવાનો રહેશે. જાન્યુઆરી-2026 થી એપ્રિલ 2026થી મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના પગાર તફાવતની રકમની ચૂકવણી ઠરાવ પ્રસિદ્ધ થયા બાદ એક હપ્તામાં મેં માસના પગારની (પેઈડ ઈન જૂન 2026) સાથે રોકડમાં કરવાની રહેશે.

મોંઘવારી ભથ્થુ શું છે?

મોંઘવારી ભથ્થું એવું નાણું છે, જે સરકારી કર્મચારીઓને મોંઘવારી વધવા છતાં તેમનું જીવનધોરણ જાળવી રાખવા માટે આપવામાં આવે છે. આ નાણાં સરકારી કર્મચારીઓ, જાહેર ક્ષેત્રના કર્મચારીઓ અને પેન્શનધારકોને આપવામાં આવે છે. દેશની વર્તમાન મોંઘવારી પ્રમાણે દર 6 મહિને એની ગણતરી કરવામાં આવે છે. એ સંબંધિત પગારધોરણના આધારે કર્મચારીઓના મૂળ પગાર અનુસાર ગણવામાં આવે છે. શહેરી, અર્ધ-શહેરી અથવા ગ્રામીણ વિસ્તારોમાં કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું અલગ હોઈ શકે છે.

મોંઘવારી ભથ્થું કેવી રીતે ગણવામાં આવે છે?

મોંઘવારી ભથ્થું નક્કી કરવા માટે એક ફોર્મ્યુલા આપવામાં આવી છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ફોર્મ્યુલા છે (છેલ્લા 12 મહિનાના ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (AICPI)ની સરેરાશ - 115.76)/115.76]+100. હવે જો આપણે PSU (પબ્લિક સેક્ટર યુનિટ)માં કામ કરતા લોકોના મોંઘવારી ભથ્થા વિશે વાત કરીએ, તો એની ગણતરીની પદ્ધતિ છે- મોંઘવારી ભથ્થાની ટકાવારી = (છેલ્લા 3 મહિનાના ગ્રાહક ભાવ સૂચકાંકની સરેરાશ (બેઝ વર્ષ 2001 = 100)- 126.33) )x100

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPaccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર